નેકલેસ

સત્ય ઘટના પર આધારિત વાર્તા

~ હિરેન કવાડ ~

VISIT…

LANZAROTE
Caliente.com

નેકલેસ

~ હિરેન કવાડ

પ્રકરણ - ૧

એની સામે બે નેકલેસ હતાં. એક ડાયમંડ નેકલેસ હતું. બીજું મોરના આકારનું રંગબેરંગી કલરફૂલ. એની આંખો ભીની હતી. એ રડી રહી હતી. એણે એક લાંબી ચીસ પાડી, એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. આ હતી એના ૨૯માં જન્મદિવસની સાંજ.

***

લોકો માને છે અને કહે પણ છે કે એક સમય પર માણસ એક જ વ્યક્તિને પ્રેમ કરી શકે. પરંતુ આપણુ હૃદય કંઈ દાખલાઓ ગણીને લાગણીઓ નથી જન્માવતું. પરંતુ આ મીરાની વાર્તા અલગ છે. જ્યારે કોઈ એક યુવતી કોઈ બે વ્યક્તિને પ્રેમ કરે ત્યારે શું એ સસ્તી બની જાય છે? સમગ્ર સૃષ્ટિને જીવંત રાખતું પરિબળ એક જ છે પ્રેમ. પ્રેમ થકી જ આ દુનિયા આગળ વધે છે. એક વ્યક્તિ મરે છે પરંતુ પોતાના સંતાનો છોડતી જાય છે. એ સંતાનો પ્રેમના કારણે જ જન્મેલા છે. જો પ્રેમ ના હોય તો એ સંતાનો જન્મી ના શકે. શારીરિક સંબંધો પણ એક પ્રકારનો પ્રેમ જ છે, હા એ ક્ષણિક છે. પરંતુ છે તો પ્રેમનું સ્વરૂપ જ. એવું ક્યાંય નથી લખાયું કે એક વ્યક્તિ બે વ્યક્તિને પ્રેમ ના કરી શકે. કેટલાક લોકો પાગલ હોય છે એ પ્રવાહની વિરુદ્ધ જતા હોય છે. મીરા તો સ્ત્રી હતી, સંપૂર્ણ સ્ત્રી. અને સ્ત્રી હંમેશા પ્રેમ માટે આતુર હોય છે.

***

'ગો અવે, ફરગેટ મી ફોરેવર.' ત્રણ જ સેકન્ડમાં પલ્સર સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.

***

'તું ખૂબ જિદ્દી છે, મીરા તું ખૂબ જિદ્દી છે.', મીતની આંખોમાં આંસુ હતા.

'હા, હું જિદ્દી છું. પણ તું જિદ્દી નથી.', મીરાએ સ્ટ્રોંગ થઈને કહ્યું.

'મીરા, બ્રેકઅપ પ્રેમમાં થાય. ફ્રેન્ડશીપમાં નહીં.', મીત ભીની આંખે બોલ્યો.

'તને મારી સાથે પ્રેમ થઈ ગયો છે, એટલે જ બ્રેકઅપ થઈ રહ્યું છે.', મીરા વોઝ સ્ટ્રોંગ લાઈક અ સ્ટોન. શી ડિડન્ટ મેલ્ટ.

'એક્ઝેક્ટલી, મારો વાંક એટલો જ છે કે મેં મારી ફિલિંગ્સને કોઈ નામ ન આપ્યું. આઈ હેટ ધિઝ રિલેશન્સ. બટ મીરા વી કેન સ્ટીલ બી ફ્રેન્ડ્સ, પ્લિઝ.', મીત કરગરતો રહ્યો.

'ગો અવે, પ્લિઝ. હવે હું તને ક્યારેય નહીં મળું. મને ભૂલી જા મીત.', મીરા બોલી.

'મીરા પ્લિઝ...'

'બાય ફોરેવર...', ત્યાં જ એક પલ્સર આવીને ત્યાં ઊભી રહી ગઈ. એ છોકરાએ મીરાને બેસવા કહ્યું. મીતની આંખો છલકાતી રહી. મીરાએ પોતાના ગળામાંથી એક ઉનથી ગૂંથેલુ ડાયમંડ નેકલેસ કાઢ્યું. ઉનનો કલર રેડ એન્ડ ગ્રીન હતો અને વચ્ચે એક

મોટો ચળકતો ડાયમંડ લટકતો હતો. એ નેકલેસ મીરાએ મીતના હાથમાં પકડાવી . 'તારે ન જોઈતું હોય તો કચરા પેટીમાં ફેંકી દે.', મીતને પણ થોડો ગુસ્સો આવ્યો અને એ ઉગ્રતાથી બોલ્યો, મીતે એ નેકલેસ મીરાને થમાવી દીધું.
'પ્લિઝ મીરા.', મીત ગોઠણીયાભર થઈ ગયો.
'ગો અવે, ફરગેટમી ફોરેવર.' ત્રણ જ સેકન્ડમાં પલ્સર સડસડાટ ત્યાંથી નીકળી ગઈ. ફ્રેન્ડશીપમાં બ્રેકઅપ થયેલાની હાલત તો એને જ ખબર હોય જેનું ફ્રેન્ડશીપમાં બ્રેકઅપ થયું હોય.

***

બટ બ્રેકઅપ ક્યારેય એક વ્યક્તિનું નથી થતું. એ હંમેશા બે વ્યક્તિ વચ્ચે જ થતું હોય છે. મીરાની આંખોમાંથી દડદડ આંસુઓ વહી રહ્યા હતા. મીરા આટલી કઠોર ક્યારેય નહોતી થઈ. ફ્રેન્ડશીપ તોડવી કોને ગમતી હોય છે? દરેક વ્યક્તિ એવો ફ્રેન્ડ ઇચ્છતી હોય છે જેના ખભા પર માથું રાખીને એ રડી શકે. મીત મીરાનો આવો જ એક ફ્રેન્ડ હતો. તાવ આવ્યો હોય તો હાથ પકડની પરાણે દવાખાને લઈ જવાવાળો. જૉબ ના મળતી હોય ત્યારે રોજ કૉલ કરીને ઇન્ટરવ્યુંનું સ્ટેટસ પૂછવાવાળો, મૂડ ખરાબ હોય ત્યારે પોતે જોકર બનીને હસાવવવાળો, મીરાના ચહેરા પર સ્માઈલની કમી હોય ત્યારે ફ્લર્ટ કરીને સ્માઈલ લાવવવાળો, એસાઇનમેન્ટ ના લખાયું હોય તો પોતાનું એસાઇનમેન્ટ જ મીરાને આપી દેવાવાળો, ક્યારેય એને 'મલો-મલો' કહીને ચીડવવાવાળો તો. તો ક્યારેક પોતાની કૉફી આપી દેવાવાળો. ક્યારેક હસવાવાળો તો ક્યારેક રડીને પણ હસાવવવાળો. એ હતો મીત. આવી ફ્રેન્ડશીપ તું ટે ત્યારે હાર્ટબ્રેક નથી થતું. હાર્ટ સળગી ઊઠતું હોય છે.

***

એક કલાક પહેલા...

***

મીત અને મીરા વૃક્ષોના છાયામાં એક સાથે ચાલી રહ્યા હતા. બન્નેએ એકબીજાનો હાથ પકડ્યો હતો જાણે એકબીજાના જીવનસાથી હોય. એમનું ડિસ્કશન પણ એવું જ ચાલી રહ્યું હતું. કંઈક અલગ કંઈક અદ્ભુત.

'મલુ, વાય વી ઓલ હેવ ટુ મેરી? લાગણીઓને સંબંધથી બાંધવી જરૂરી છે?', મીત મીરાનો હાથ પકડીને ચાલતો હતો.
'આઈ ડોન્ટ નો. બટ પરહેપ્સ હા, કદાચ લાગણીઓમાં વહી ના જઈએ એટલે એને સંબંધોથી બાંધવી પડતી હશે.', મીરા બોલી.
'મને તો એમ લાગે છે. ફિલિંગ્સ કાફી છે. આઈ લવ યુ કહેવાની પણ જરૂર નથી. Why 'I' and Why 'You'? જસ્ટ Love ના રહી શકે? મેરેજ કરવા જરૂરી

છે?’
‘જે વ્યક્તિ ડરતો હશે એ જ મેરેજની ના પાડતો હોય. પ્રેમ કરતો માણસ ક્યારેય મેરેજથી ડરી શકે?’, મીરા બોલી.
‘ના, એને એક જ ડર હોય છે. આ લાગણીઓ પીગળી ના જાય, એ લાગણીઓના બંધાવાથી ડરતો હોય છે. હું જો કોઈ છોકરીને પ્રેમ કરતો હોઈશ તો ક્યારેય એને પ્રપોઝ નહીં કરું. જસ્ટ એનો હાથ પકડીને ચાલતો રહીશ.’, મીત સાનમાં જ બોલ્યો એટલે મીરાએ તરત જ પહોળી આંખો કરીને મીત સામે જોયું.
‘ફિલિંગ્સને એક્સપ્રેસ કરવી જરૂરી છે.’,
‘ફિલિંગ્સને એક્સપ્રેસ કરવા કરતા ફીલ કરવી જરૂરી છે ડિયર.’, મીત મીરાની આંખોમાં જોઈને બોલ્યો.
‘વી ઓલવેઝ કમ ટુ ધિઝ પોઇંટ, નેસેસરી છે?’, મીરા થોડી ડીસ્ટર્બ થતા બોલી.
‘તું બોલ, આજે શાંમાટે મળ્યા છીએ આપણે?’, મીત મેઈન ટોપિક પર આવ્યો. બન્ને એક વૃક્ષ નીચેની બેન્ચ પર બેઠા.
‘તને મારા લાઈફની એક મોસ્ટ ઈમ્પોર્ટન્ટ વાત આજે મારે કહેવી છે.’, મીરાએ મીતનો હાથ કસીને પકડી રાખ્યો. મીતને પણ ખૂબ જ અલગ ફીલ થઈ રહ્યું હતું. મીતના મનમાં માત્ર એક જ સવાલ હતો ‘શું આજે મીરા મને પ્રપોઝ કરવાની છે?’ કૉલેજના પહેલા દિવસથી શરુ થયેલી ફ્રેન્ડશીપ શું કૉલેજના લાસ્ટ ડે પર લવમાં કન્વર્ટ થવાની હતી? ત્યારે જ બે દિવસ પહેલા મળેલ મીરાનો એક નવો ફ્રેન્ડ યાદ આવી જતો હતો.

મીત કંઈક અલગ વિચારોમાં જ માનતો હતો. ‘ફ્રેન્ડશીપ - લવ વ્હાય ધિઝ નેમ? ફિલિંગ્સને નામ શાંમાટે આપવું? શું માત્ર એકબીજાના ખભા પર હાથ મૂકીને ના ચાલી શકાય? શું કોઈ રિલેશનનું લેબલ લગાવ્યા વિના એકબીજાનો હાથ પકડીને ના ચાલી શકાય?

બટ જ્યારે આજે કૉલેજનો લાસ્ટ ડે પૂરો થયો એ પછી મીરાનો કૉલ આવ્યો હતો કે ‘મારે તને મળવું છે.’, એ દિવસે મીરાનો અવાજ કંઈક અલગ જ હતો. આવું ઘણીવાર થતું કે કૉલેજ પૂરી થયા પછી મીરા અચાનક જ મીતને કૉલ કરતી અને બન્ને રખડવા જતા. બટ આજે મીરાનો અવાજ અલગ જ હતો. કદાચ મીરા પણ.

મીરાના એક વાક્યએ મીતને વિચારતો કરી મૂક્યો હતો. ‘તને મારા લાઈફની એક મોસ્ટ ઈમ્પોર્ટન્ટ વાત આજે મારે કહેવી છે.’
‘તારી બધી જ વાત મારા માટે મોસ્ટ ઈમ્પોર્ટન્ટ જ હોય છે.’, મીતે મીરાની આંખોમાં ડૂબીને કહ્યું. બન્નેએ એકબીજાના હાથ જકડી રાખ્યા હતા.
‘ફર્સ્ટ પ્રોમિસ, યુ વિલ એક્સેપ્ટ ચેન્જ્ડ મીરા.’, મીરા બોલી.

‘મેં તને અત્યાર સુધી જેવી છો એવી જ એક્સેપ્ટ કરી છે.’, મીતે ખૂબ જ સિરિયસ થઈને કહ્યું.

‘તું દર વખતે કંઈક ને કંઈક બોલીને પ્રોમિસમાંથી છટકી જાય છે. કહેવું અને કરવું ઘણું અઘરું છે. આજે મારે પ્રોમિસ જોઇએ.’, મીરાએ મીતની આંખોમાં જોઈને કંઈક માંગ્યું.

‘મને કહી કહીને કંઈ કરવું નથી ગમતું મલા. છતા તારા માટે પ્રોમિસ.’, મીતે ફરી મીરાના હાથ દબાવ્યા.

‘તો સાંભળ.’, મીરાએ મીતનો હાથ વધારે ભીંસીને જકડ્યો. મીતની હાર્ટબીટ્સ એબનોર્મલ થઈ ગઈ હતી.

‘મને ખબર છે, યુ લવ મી, મને એ પણ ખબર છે તું મને કહેતા ડરે છે. આઈ નો કે આપણે જે રીતે એકબીજા સાથે રહીએ છીએ એને લોકો લવ કહે છે. બટ મને વિશ્વાસ છે, તે મને અત્યાર સુધી સમજી છે તો આજે પણ સમજી શકીશ.’ જેમ જેમ મીરા આગળ બોલતી ગઈ. એમ મીતનુ હ્રદય જોર જોરથી ધડકવા લાગ્યું. ખબર નહીં મીરાની વાતનું ફુલ સ્ટોપ ક્યાં આવીને ઊભું રહેવાનું હતું.

‘મીત ફ્રેન્ડશીપ અને લવ બન્ને અલગ છે. આપણે બન્ને બેસ્ટીઝ છીએ.’, વાંક્ય સાંભળતા જ એક જ સેકન્ડમાં મીતની આંખનો એક ખૂણો ભીનો થઇ ગયો.

@shehnusarnamu

‘મને અત્યાર સુધી કોઈ પ્રત્યે એવું ફીલ નહોતું થયું કે જેને હું મારો લાઈફ પાર્ટનર બનાવી શકું. બટ મારી લાઈફમાં કોઈ આવ્યું છે. તને ખબર છે.’, મીતની હાર્ટબીટ થંભી ગઇ. એની આંખોમાં જળજળીયા આવી ચૂક્યા હતા.

‘વાત શું છે બકુ?’, મીતે થોડું કઠોર થઈને કહ્યું.

‘મીત, આઇ નો! વિશાલ થોડો પઝેસિવ છે, બટ એ મારી કેર કરે છે.’, મીરાએ મીતને મનાવતા કહ્યું.

‘પાગલ આઇ એમ હેપ્પી તને કોઈ મળ્યું. બટ એનો મતલબ એ કે આપણે બન્નેએ એકબીજાને મળવાનું પણ નહીં?’, મીત મીરાના હાથ ભીંસતા બોલ્યો.

‘મીત, હું તને મળુ એ એને પસંદ નથી. હું મળીશ તો એ શું વિચારશે?’

‘એવા, અવિશ્વાસી માણસ પાસે જાય જ છે શા માટે?’,

‘મીત સંભાળીને બોલ...’, મીરા ઊભી થઈ ગઈ.

‘તને સાચું દેખાતું પણ નથી અને ગમતું પણ નથી મીરા, યુ બિકેમ બ્લાઇન્ડ.’, મીતે ભીની આંખે જ કહ્યું.

‘મીત, આ આપણી છેલ્લી મુલાકાત છે. ન તો હું તારી સાથે વાત કરી શકીશ, ન તો આપણે હવે મળી શકીશું, આવી રીતે હાથ પકડીને તો નહીં જ. સોરી મીત ઈફ આઈ એમ હર્ટિંગ યુ.’, મીરા રડતા રડતા બોલી.

‘યસ યુ આર હર્ટિંગ મી મીરા. આ પાગલપન છે.’, મીત ગુસ્સામાં આંસુઓ લૂંછતા બોલ્યો. બટ આંખો થોડી કોઈનાં વશમાં હોય છે. આંસુઓ વહેતા ગયા.

‘હા, મીત હું પાગલ છું. હું વિશાલ માટે આટલું તો કરી જ શકુ. એની વાત પણ બરાબર જ છે. કોઈ છોકરાનો હાથ પકડીને આમ રખડવું સારું ના લાગે. લોકો શું વિચારે?’, મીરાએ પણ પોતાના આંસુઓ લુંછી નાખ્યા અને કઠોર થઈને કહ્યું. બન્નેના હાથ એકબીજાથી એ જ ક્ષણે છૂટાં પડી ગયા. જાણે એક જ ક્ષણમાં બન્ને એકબીજાને ઓળખતા ના હોય એવા થઈ ગયા.

‘મીરા હું તને જાણુ છું, તું આ નહીં કરી શકે.’, મીત જાણે મીરાને જન્મો જન્મોથી ઓળખતો હોય એવા કૉન્ફિડન્સથી બોલ્યો.

‘મીત ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, એક ફ્રૅન્ડ આટલું નહીં કરી શકે?’, મીરાની આંખોમાં ફરી ભીનાશ આવી.

‘તે મને ફ્રૅન્ડ જ નથી રાખ્યો તો હવે હું કંઈ રીતે કરી શકીશ?’, મીતની આંખો ઉભરાતી રહી.

‘મીત છેલ્લી વાર આપણે પ્રેમથી છૂટાં ના પડી શકીએ.’, મીરા એવી રીતે બોલી જાણે બધું નોર્મલ હોય.

‘હું પણ એ જ કહું છું. શું બે ફ્રેન્ડ્સ જેણે દરેક ગુડ બેડ મોમેન્ટ્સ સાથે વિતાવી છે. એ બે ફ્રેન્ડ્સ ફરી પ્રેમથી મળી ના શકે? હું તારો હાથ નહીં પકડું. હું તો તારો અવાજ સાંભળીને જ ખુશ રહીશ.’, મીત બોલ્યો.

‘પ્લિઝ મીત, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. વિશાલ વોન્ટ અન્ડરસ્ટેન્ડ.’, મીરાએ પણ ડૂસકાં ભર્યા.

‘ધેન લીવ હિમ, મને એમ લાગે છે એને તારી જરા પણ નથી પડી.’, મીત એક ઝાટકે બોલી ગયો.

‘મીત, ડોન્ટ સે વર્ડ એબાઉટ હિમ. એણે સાચે જ કહ્યું હતું. તું આવું જ કહીશ. ઓલ બોય્ઝ આર સેમ.’,

‘મીરા તું આવી રીતે રહેવા ટેવાયેલી નથી.’, મીતે મીરાના ખભા પર હાથ મૂક્યો.

‘હું જીવી લઈશ પણ તને યાદ નહીં કરું બસ.’, મીરા વધુ કઠોર થઈને બોલી.

‘તું પસ્તાઈશ મીરા. તું રડીશ જે મને ક્યારેય નથી ગમ્યું.’, મીત રડતા રડતા બોલ્યો.

‘હું એક ખૂણામાં બેસીને રડી લઈશ બટ તને નહીં કહું મીત.’, મીરાએ મીતનો હાથ ખભા પરથી હટાવ્યો.

‘મીરા પ્લિઝ જીદ ના કર, પ્લિઝ.’, મીત કરગર્યો.

‘વિશાલે સાચું કહ્યું હતું, ઓલ બોય્ઝ આર સેમ, એણે આવું જ કહ્યું હતું કે તું રડીને

મને મનાવવાની ટ્રાય કરીશ. ખોટા આંસુઓ ના પાડ.', મીરા જાણે એક ક્ષણમાં પૂરે પૂરી બદલાઇ ગઈ હોય એવી રીતે બોલી.
'ઓલ બોય્ઝ આર સેમ, યાદ કર. પિકનિકનો એ દિવસ જ્યારે તે જ તારી બેસ્ટ ફ્રેન્ડને કહ્યું હતું, ઓલ બોય્ઝ આર નોટ સેમ.', મીતે મીરાને કંઈક યાદ અપાવ્યું.

'તું યાદ કર થોડી વાર પહેલાનુ તારું પ્રોમિસ, તું મને જેવી હોઈશ એવી સ્વીકારીશ.',
'તું મારી મીરા છે જ નહીં, હું તને કંઈ રીતે એક્સેપ્ટ કરું.', મીત હજુ રડી રહ્યો હતો, બસ એના આંસુઓ સૂકાઇ ગયા હતા.
'ધેન લીવ મી.', મીરા મોબાઈલ કાઢીને કંઈક લખવા લાગી.

'તું ખૂબ જિદ્દી છે, મીરા તું ખૂબ જિદ્દી છે.', મીતની આંખોમાં આંસુ હતા.
'હાં હું જિદ્દી છું. પણ તું જિદ્દી નથી'. મીરાએ ઉજ્જડાઈથી કહ્યું.
'ગો અવે. ફરગેટ મી ફોરેવર.', ત્રણ જ સેકન્ડમાં પલ્સર સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.

*

પ્રકરણ – ૨

એ બે નેકલેસમાં કેટકેટલી યાદો ભરેલી હતી. આ નેકલેસે જેટલી ખુશીઓ આપી હતી એટલી જ આ બન્ને નેકલેસે મીરાને રડાવી પણ હતી. જેવો સાંજનો કેસરી સૂર્યપ્રકાશ નેકલેસના ડાયમંડ પર પડ્યો, નેકલેસ ચમકી ઊઠ્યું અને મીરાની આંખો અંજાઈ ગઈ. મીરા ઝબકીને એના વિચારોમાંથી બહાર આવી ગઈ. એણે એના માંસલ શરીર પર ભરચક પાલવવાળી લાલ સાડીનો શણગાર કર્યો હતો. હજુ એની સુંદરતા કાયમ હતી. એણે એક ચેઈનમાં બન્ને નેકલેસને પરોવ્યા અને ટેટુવાળી ગરદનને સજાવી.

'રફીકચાચા કાર બહાર કાઢો.', એણે કૉલ કરીને કહ્યું. રેડ BMW એક બંગલમાંથી બહાર નીકળી. એ બંગલાનું નામ હતું નેકલેસ.
'ચાચુ હિમાલયા પાસેના ATM પર રોકજો. મારે કેશ ઉપાડવાના છે.', મીરાએ ખૂબ પ્રેમથી કહ્યું.
'હા, બેટા.', રફીકચાચાનો જવાબ આવ્યો. કાર ડ્રાઈવઈન રોડ પરની સનરાઇઝ પાર્ક સોસાયટીમાંથી બહાર નીકળી.

એ કારમાં લાંબી થઈને બેસી. એનો હાથ વારંવાર ગરદન પરના નેકલેસ પર ચાલ્યો જતો હતો. એણે નેકલેસને એક હાથની આંગળીઓથી પકડેલ હતું. આ ડાયમંડવાળું નેકલેસ એને ૨૧માં બર્થ ડેનું ટાઇમ ટ્રાવેલ કરાવવાનું હતું.

***

'મીત, આઈ હેવ નો વર્ડ્સ ટુ થેંક્યું.', મીરાએ ગદગદિત થતા કહ્યું.
'ધેન ડોન્ટ સે અ વર્ડ.', મીતે મીરાના હોઠો પર હાથ મૂકી દીધા.

***

મીરાને કલ્પના પણ નહોતી કે ક્યારેય એને આવી રીતે એના બેસ્ટ ફ્રેન્ડને છોડવો પડશે. મીરા બાઈક પર બેઠા બેઠા રડી રહી હતી. એની આંખો સામે મીત સાથે વિતાવેલી સુંદર યાદો આવી રહી હતી.

***

સવારે છ વાગ્યામાં મીત મીરાને સરપ્રાઈઝ આપવા માટે કોઈ જગ્યા પર લઈ આવ્યો હતો.

આ દિવસની વાટ એ ત્રણ મહિનાથી જોઈ રહ્યો હતો. કૉલેજ ટાઈમનો આ છેલ્લો બર્થડે હતો. આ દિવસ માટે જ એ કાર ચલાવતા શીખ્યો. આ દિવસ માટે એણે ત્રણ મહિના પહેલા જ તન્મયને કહી રાખ્યુ કે 'મારે ત્રણ મહિના પછી તારી કાર જોઈશે.'. આ દિવસ માટે એ ત્રણ મહિના પહેલાથી વિચારતો હતો કે એવું તે શું કરવું કે મીરાનો એ સૌથી મેમોરેબલ ડે બની જાય. એ દિવસ એટલે મીરાનો બર્થ ડે.

મીત જો ચાહત તો મીરાને બધાની પહેલા બાર વાગે જ વિશ કરી શકત. બટ એને ટિપિકલ સરપ્રાઈઝ નહોતી આપવી. એ એની ફ્રેન્ડશીપને કોઈ રિલેશન નહોતો બનાવવા માંગતો, એ આ ફિલિંગ્સને કોઈ નામ આપવા નહોતો માંગતો. એ બસ એ ફિલિંગ્સને જીવી લેવા માંગતો હતો. એટલે જ એણે ૧૩ ડિસેમ્બરની વહેલી સવારે, ૫ વાગ્યે મીરાને કૉલ કર્યો. મીરાના ઘરે મોડે સુધી પાર્ટી ચાલેલી, મીરા ભર નીંદરમાં પોઢેલી હતી. બે રીંગ વગાડી છતા એ ના ઊઠી. ત્રીજી રીંગે મીરાએ કૉલ રિસીવ કર્યો. નો ડાઉટ એણે નંબર નહોતો જોયો. 'હેલો' બોલીને આંખો ચોળવા લાગી.

'મેડમ, ફ્લેટની નીચે આવવાનો કષ્ટ કરશો? હું નીચે ઊભો છું.', મીત સ્મિત કરતા કરતા બોલ્યો.
'ઊંઘ આવે છે, ઊંઘવા દે ને યાર.', મીરાએ ઉંકારા કરતા કહ્યું.
'નો પ્રોબ્લેમ, હું તારી બહાર રાહ જોઉં છું, જાગ એટલે બહાર આવજે.', મીતે ફરી હસતા હસતા કહ્યું.
'મીત, બહુ ઊંઘ આવે છે, યાર.', ફરી એ જ લેહકામાં મીરા બોલી.

‘બસ થોડીવાર. પછી તું ઊંઘી જજે બસ.’, મીતે ખૂબ જ સ્નેહથી કહ્યું.
‘પ્રોમિસ?’, મીરાએ ઊંઘ ઊડાડતી હોય એ રીતે કહ્યું.
‘તને ઊંઘ જ નહીં આવે, આવી જા.’, મીત બોલ્યો.
‘મને ખબર છે, તું ક્યારેય પ્રોમિસ નહીં કરે.’, મીરા જાણે બધું જાણતી હોય એ રીતે ઊંઘમાં બોલી.

શોર્ટ કેપ્રી અને લોંગ ટી શર્ટમાં ઊંઘેલી મીરા બેડમાંથી ઊભી થઈ. વોશરુમમાં જઈને એણે મોં ધોયું અને વાળને બાંધ્યા. એને અંદાજો તો હતો કે મીત એનો બેસ્ટ ફ્રેન્ડ એને વિશ કરવા આવ્યો હતો. એ આ પળને ભરપૂર માણવા માંગતી હતી. એ નાઈટડ્રેસમાં જ ફ્લેટ નીચે આવી. અંધારામાં એને ચપ્પલ ના મળ્યા એટલે એ ઉઘાડા પગે જ દરવાજાની બહાર પગલા મૂક્યા. એને જાણે એવું ફીલ થયું કે આજે તો કુદરતે પણ એને કોઈ ગીફ્ટ આપી હોય. એના કોમળ પગની કોમળ પાનીઓમાં મસળાયેલી ધૂળ આળોટી. વેંકરાએ મીરાની ગોરી પાનીઓ પર મસાજ કરી. એના મનને આસમાની પ્રસન્નતા મળવા લાગી. બે ડગલા આગળ વધી ત્યાં જ,

ટીશર્ટ અને બરમૂડામાં રેડ કલરની સ્વીફ્ટ કાર પાસે એનો બેસ્ટ ફ્રેન્ડ હોઠો ભીડેલી સ્માઈલ સાથે ઊભો હતો. એ વિશાળ સ્માઈલ જોઈને મીરાનો ચહેરો ખીલી ઉઠ્યો. એ ઉતાવળે પગે મીત પાસે પહોંચવા ચાલી નીકળી. મીરાના દરેક અંગ પર રોમાંચ રમી રહ્યો હતો, જેમાં આજે એના પગની પાની પણ બાકી નહોતી.

@shehnusarnamu

મીતની સામે જોઈને મીરાએ હગ માટે એની બાહોં ફેલાવી દીધી. એ મીતને સામે જોઈને સ્માઈલ કરતી રહી. મીત પણ સ્મિત કરતો કરતો ઊભો રહ્યો. એ એક પગલું પણ આગળ ના વધ્યો.
‘કમ, હગ મી યાર. ઈટ્સ માય બર્થ ડે.’, મીરા બોલી.
મીતે સ્વીફ્ટનો ડ્રાઈવર સીટની બાજુનો દરવાજો ખોલ્યો.
‘કમ એન્ડ હેવ અ સીટ ફર્સ્ટ.’, મીતે સ્માઈલ કરતા કહ્યું. મીરા કંઈ જ બોલ્યા વિના કાર તરફ આગળ વધી. એને ખબર હતી, એનો ક્રેઝી ફ્રેન્ડ કંઈક ક્રેઝીનેસ કરવાનો હતો. જેવી એ કારના દરવાજા પાસે પહોંચી મીતે એને ઊભી રાખી. મીતે મીરાને એક કાળો દુપટ્ટો બતાવ્યો.

‘મારે મમ્મીને કહેવું પડશે.’, મીરાએ કહ્યું અને એણે એના મમ્મીને કૉલ કરીને કહ્યું, ‘હું મીત અને બીજા ફ્રેન્ડ્સ સાથે બહાર જાઉં છું, નાસ્તો કરવા.’, કહીને મીરાએ કૉલ કટ કર્યો.

‘એટલે આંધળો પટ્ટો પણ રમવાનો છે?’, મીરાએ હસતા હસતા કહ્યું. એ દુપ્પટો બંધાવવા બીજી તરફ ફરી ગઈ.

‘યા…’, મીત કંઈ ના બોલ્યો. એણ એ મીરાને કારમાં બેસાડી. મીરા માત્ર સ્માઈલ કરતી રહી.

લોકો કહેતા હોય છે, લાગણીઓ વ્યક્ત કરવાની જરૂર નથી હોતી, આંખો જ કાફી હોય છે, પરંતુ આજે તો મીત એ હદ પણ વટાવી રહ્યો હતો. લાગણીઓ વ્યક્ત કરવા આંખોની પણ જરૂર નથી હોતી. બે હોઠો વચ્ચે રચાતું આછું સ્મિત જ કાફી છે. મીતે કાર શરુ કરી અને એ કોઈ રસ્તે નીકળી પડ્યો.

બાજુમાં બેસેલી મીરાએ કોઈ જ સવાલ ના કર્યો. ભલે એ હાલ કંઈ જોઈ નહોતી શકતી બટ એની ફ્રેન્ડશીપ એને ખુશીઓ તો બતાવી જ રહી હતી. એ કંઈ જ નહોતી બોલી રહી. એ પણ માનતી હતી કે અમુક ક્ષણોને શબ્દોથી પરે રાખવી જોઈએ. એના હોઠો પર જસ્ટ મંદ મંદ સ્મિત છલકાઈ રહ્યું હતું, અને કાર ચલાવતા ચલાવતા મીત એ સ્મિતને પી રહ્યો હતો. મીત પણ વારે વારે મીરાની સ્માઈલને જોઈને સ્માઈલ કરી રહ્યો હતો. મીત અને મીરાએ ઘણી એવી વોક લીધી હતી, જેમાં બન્ને કંઈ બોલ્યા જ ના હોય. બસ દૂર દૂર સુધી માત્ર ચાલ્યા જ હોય. કોઈ જ વાત નહીં, જસ્ટ સાથ અને સાથ હોવા છતા પરમ એકાંત. બન્નેના ચહેરા પર કોઈ જ શબ્દો વિનાનુ સ્મિત એની સાક્ષી પૂરાવતું હતું. દોઢ કલાક સુધી મીતે કાર ચલાવી. ન તો મીરાને ઊંઘનું ઝોકું આવ્યું કે ન તો મીતના ચહેરા પરથી એ સ્મિત આછું પડ્યું. આખરે સવારના સાડા છ વાગે એક ડેસ્ટિનેશન પર આવીને કાર ઊભી રહી ગઈ.

મીતે મીરાને કારની બહાર નીકળવા હેલ્પ કરી. મીરા એટમોસ્ટ ફીઅરને ફીલ કરી રહી હતી. એકદમ ઠંડુ વાતાવરણ હતું. આટલી પરમ શાંતિ એણે ક્યારેય નહોતી અનુભવી. મીતે મીરાને એક સ્પોટ પર ઊભી રાખી.

મીતે થોડી વાર પછી ત્રણ તાળીઓ પાડી. મીરાને ખયાલ આવી ગયો કે કાળો પટ્ટો ખોલવાનો હતો. નાઈટડ્રેસમાં સજ્જ મીરા એ જાણવા આતું ર હતી કે ક્યાં ઊભી છે. નો ડાઉટ એનું હાર્ટ જોરજોરથી પમ્પિંગ કરી રહ્યું હતું. મીરાએ કોઈ જ શણગાર નહોતો કર્યો. ના કોઈ એરીંગ્સ, ના કોઈ હેયર સ્ટાઈલ, ના કોઈ કંગન, ના કોઈ નથણી, ના કોઈ મેકઅપ. એ એના હાથ પટ્ટો છોડવા માટે માથા પાછળ લઈ ગઈ. આંખો સામેનું અંધારું હવે દૂર થવાનુ જ હતું. પરંતુ અંજવાળુ શું લઈને આવવાનું છે એ જાણવા મીરા ઉત્સુક હતી.

મીરાએ એનો પાટો ધીમેથી ખોલ્યો, બટ એણે આંખો બંધ જ રાખી. પછી બે સેકન્ડ રહીને એણે ધીમેથી એની આંખો ખોલી. મીરા સામે જે દૃશ્ય હતું એ અદ્ભુત હતું. મીરા એની ફિલિંગ્સને કંઈ રીતે એક્સપ્રેસ કરી શકે. જ્યારે આવું

થતું હોય ત્યારે વ્યકિતની આંખમાંથી આંસુઓ છલકાવા લાગતા હોય છે. મીરાની સામે હજુ ધરતીમાંથી તાજો જનમતો કેસરી સૂર્ય હતો. એની આંખ સામે એક મોટ્ટુ સરોવર હતો, જેમાં પંખીઓ ઉડી રહ્યા હતા, ઝૂમી રહ્યા હતા, નાચી રહ્યા હતા, ગાઈ રહ્યા હતા. ધીમો ધીમો શીતળ પવન મીરામાં વધારે ને વધારે રોમાંચ જગાવી રહ્યો હતો. અર્ધપ્રકાશિત કેસરી આકાશમાં રહેલા કેસરી વાદળો પર જાણે સૂર્યએ કેસરી રંગની પીંછી મારી હોય એવું લાગી રહ્યું હતું અને કુદરતના આ પેઈન્ટીંગને જોઈને મીરાની આંખોમાંથી આંસુઓ છલકાઈ રહ્યા હતા. આ આખા દૃશ્યને દેશ વિદેશના પંખીઓ એના કલરવનું બેકગ્રાઉન્ડ મ્યુંઝિક આપી રહ્યા હતા. કેટલીય મિનિટો સુધી મીરા આ દૃશ્યને માત્ર માણતી રહી. મીત મીરાની નજરમાં ન આવે એમ એની થોડે પાછળ જ ઊભો રહ્યો. આખા કુદરતી દૃશ્યએ મીરાને આંખો ભરી દીધી હતી. અને મીત કુદરતી દૃશ્ય સાથે પાછળથી કુદરતી દૃશ્ય જોઈ રહેલી મીરાને જોઈ રહી હતી. લાગણીઓનો જથ્થો મીરાના હ્રદયમાં પૂરેપૂરો ભરાઈ ચૂક્યો હતો. મીરા નળસરોવરનું અદ્ભુત કુદરતમય વાતાવરણ અનુભવીને છલકાઈ ગઈ હતી. જ્યારે સૂર્ય અવનિ પર પોતાનો થોડો પ્રકાશ ફેલાવવા લાગ્યો ત્યારે મીરાએ છલકાતી આંખે પાછળ ફરીને જોયું.

મીત એની બાંહો ફેલાવીને ઊભો હતો. જે રોમાંચ મીરાએ મહેસૂસ કર્યો હતો એ જ રોમાંચ મીતે પણ મહેસૂસ કર્યો હતો. મીરાએ દોડીને મીતની બાંહોમાં વીંટળાઈ ગઈ. બન્ને ગદગદિત થઈ ગયા. મીતે મીરાને કસીને બાહોંમાં જકડી લીધી. મીરાએ પણ મીતને ભીંસી લીધો હતો. બન્ને ફ્રેન્ડ એકબીજામાં એ રીતે ઓગળી ગયા જાણે બે હોય જ નહીં, એક શરીર જ હોય.

મીતે પોતાના હાથ મીરાના ગાલ પર મૂક્યા. બન્નેએ એકબીજાની આંખોમાં જોયું. બન્નેની ભીની આંખો.

‘બોલ હવે લાગણીઓને સંબંધમાં બાંધવાની જરૂર છે?’, મીત મીરાની આંખોમાં આંખો નાખીને બોલ્યો.

મીરા કંઈ જ ના બોલી. એ માત્ર મીતની આંખોમાં આંખો પરોવીને જોઈ રહી. એના ચહેરા પર ધીમું ધીમું સ્મિત આવ્યું. મીતના ચહેરા પર પણ સ્મિત વધ્યું.

‘બોલ હવે મારે તને બર્થ ડે વિશ કરવાની જરૂર છે?’, મીત બોલ્યો. એની આંખો ફરી ભીની થઈ ગઈ.

મીરા અને મીત ફરી ગળે વળગી પડ્યા. ફરી બન્નેએ અવ્યક્ત બાંહોપાશમાં રહેલી હૂંફને એક્સચેન્જ કરી.

મીતે એના બરમૂડાના ખિસ્સામાંથી એક રેડ એન્ડ ગ્રીન કલરની ઉનથી ગૂંથેલ નેકલેસ બહાર કાઢ્યું. એના વચ્ચે એક મોટો ડાયમંડ હતો. મીતે મીરાના ગળામાં

એ નેકલેસને પહેરાવી દીધું. મીરા નાઈટડ્રેસમાં જ કોઈ પણ સજેલી સ્ત્રી કરતા વધારે સુંદર લાગી રહી હતી. શરીર પર કોઈ જ ઘરેણુ નહીં. ગળામાં માત્ર ઉનથી ગૂંથેલું એક સાદુ નેકલેસ જેમાં એક ડાયમંડ હતો. સૂર્યના કેસરી કિરણો સીધાં જ એ ડાયમંડમાં પ્રવેશીને એને જગમગાવી રહ્યા હતા. મીતે થોડે દૂર જઈને મીરાને પાનીથી માથા સુધી જોઈ અને હસતો રહ્યો.

‘આઈ કાન્ટ સે અ વર્ડ હાઉ બ્યુટીફૂલ યુ આર.’, મીત મીરાને જોઈને બોલ્યો.
‘મીત, આઈ હેવ નો વર્ડ્સ ટુ થેંક્યું.’, મીરાએ ગદગદિત થતા કહ્યું.
‘ધેન ડોન્ટ સે અ વર્ડ.’, મીતે મીરાના હોઠો પર હાથ મૂકી દીધા. બન્ને ફરી એકબીજાને ભેટી પડ્યા.

***

પ્રકરણ – ૩

‘બેટા, હિમાલયા આવી ગયું.’, રફીકચાચા બોલ્યા.
‘બહુ જલ્દી આવી ગયું ને ચાચા?’, મીરાએ હસતા હસતા કહ્યું.
‘ક્યાં ખોવાઈ ગઈ છે બેટા?.’, રફીકચાચા બોલ્યા.
‘એક જ મિનિટમાં આવી.’, કહીને મીરા કારમાંથી ઉતરી.
‘ડેડ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ મારે એક્ટર બનવું છે. ગિવ મી સમ ટાઈમ.’, એ.ટી.એમ પાસે ઉભેલો એક છોકરો ફોન પર વાત કરી રહ્યો હતો. તરત જ મીરાના મગજમાં વિચારોની ધમધમાટી બોલવા લાગી.
એણે ઝડપથી એ.ટી.એમ. માંથી પૈસા ઉપાડ્યા. એ મગજમાં ઘોળાયેલી યાદોને લીધે થોડી વિચલિત થઈ ગઈ. એ તરત જ કારમાં આવીને બેસી ગઈ.
‘રીવરફ્રન્ટ કૉન્સર્ટમાં લઈ લો.’, મીરા કારમાં બેસતા જ બોલી.
‘તું ઠીક છે બેટા?’, રફીકચાચાએ રીઅર ગ્લાસમાં જોઈને પૂછ્યું.
‘આઈ એમ ફાઈન ચાચા.’, કહીને એણે માથું ટેકાવ્યું અને આંખો બંધ કરી લીધી.

***

એની નજરો સામે માત્ર એક વ્યક્તિનો ચહેરો હતો. મીરા...! મીરા...! મીરા...!

***

મીરા એના પાડોશી દાદા સાથે ફ્લેટના ડૉરની બહારની જગ્યામાં બેસી હતી. રાતના દસ વાગ્યા હશે. લિફ્ટનો દરવાજો ખુલ્યો. સફેદ કુર્તુ અને જિન્સ પહેરેલ એક રફ

સ્ટાઈલવાળો છોકરો લિફ્ટમાંથી બહાર નીકળ્યો. એણે મીરા સામે જોયું, અને હળવું સ્મિત કર્યુ. એ ફોન પર વાત કરી રહ્યો હતો.

‘પપ્પા, થોડુંક સમજો. મારે એક્ટર બનવું છે. મને થોડો સમય આપો. એક વર્ષનો. જો એક વર્ષમાં હું કંઈ ન કરી શકુ તો તમે કહેશો એ કામ હું કરીશ.’,
‘ઓકે પપ્પા.’
‘બસ પહોંચી ગયો.’
‘ઓકે.’, એણે કૉલ કટ કર્યો.

‘કેમ છે દાદા?’, વિશાલે કૉલ કટ કરતા જ મોટા લહેકા સાથે કહ્યું.
‘લે તું આવી ગ્યો? કેમ ચાલે છે નોકરી?’, દાદાએ મોટા મોઢે પૂછ્યું.
‘નોકરી તો છોડી દીધી.’, વિશાલે હસતા કહ્યું. આખોય સંવાદ મીરા સ્મિત સાથે સાંભળતી રહી.
‘હવે?’, દાદાએ થોડું ગભરાઈને કહ્યું.
‘હવે પોતાનુ કરીશ અને એક્ટિંગ ક્લાસ પણ જોઈન કરું છું.’, સાંભળીને દાદાને ઝટકો લાગી ગયો. બટ મીરા આશ્ચર્યથી જોઇ રહી. વિશાલ એની બહેનના ઘરે આવ્યો હતો. એ અમદાવાદમાં જ રહેતો અને જૉબ કરતો. બટ જૉબ છોડ્યા પછી અહીં રોકાવા આવ્યો હતો. એ ઘરની અંદર ગયો.

દાદાએ વિશાલના ભરપૂર વખાણ કર્યા. એમતો દાદા કેટલાય દિવસથી મીરાને વિશાલ વિશે કહી રહ્યા હતા. વખાણ કરી રહ્યા હતા, મીરા માત્ર સાંભળ્યા કરતી. મીરાને એમ હતું કે કોઈ હશે ટિપિકલ છોકરો. બટ વિશાલના લેહકા અને બે મિનિટની વાતો પછી ખબર નહીં મીરાને કંઈક થયું હતું. બે મિનિટમાં કોઈ જ વાત કર્યા વિના મીરાને આવી રીતે કોઈ પ્રત્યે કંઈ રીતે ફિલિંગ્સ આવી શકે? બટ મીરાએ એના મનને કોઈ જ રીસ્પોન્સ ન આપ્યો.

વિશાલ ઘરની અંદર ગયો હતો બટ મીરા વિશાલ ક્યારે બહાર આવે એની રાહ જોવા લાગી. ભલે રાહ એટલી ઈન્ટેન્સ નહોતી બટ અંદર ક્યાંક નાની ઈચ્છા તો હતી જ કે વિશાલ બહાર આવે અને દાદા સાથે વાત કરે. મીરા અને દાદાને ખૂબ જ ભડતું. મીરા દાદાને બધી જ વાતો કરતી. મીતથી માંડીને એની સાથે જે પણ બન્યું હોય એ વાત. વિશાલ ઘરમાં એનું લેપટોપ લઈને પોતાનું કામ કરવા લાગ્યો. સોફા પરથી મીરા અને દાદા દેખાઈ રહ્યા હતા. વિશાલ ક્યારેક ક્યારેક મીરા સામે જોઈ લેતો. બન્ને સ્મિતની આપલે કરી લેતા. રાતના સાડા અગિયાર વાગી ગયા બટ વિશાલ એના લેપટોપમાં જ ડૂબેલો હતો. એ એની ડાયરી લખવામાં પડ્યો હતો. વિશાલ એનો બર્થ ડે સેલિબ્રેટ કરીને આવ્યો હતો. એ થાકી ગયો હતો એટલે એને ઊંઘી જવું હતું બટ દાદા અને મીરા હજુ વાતોના ફડાકા મારી રહ્યા હતા. વિશાલે

લેપટોપ બંધ કર્યુ. એ થાકી ગયો હતો એટલે સૂઈ ગયો, વિશાલની બહેનના ફ્લેટનો દરવાજો બંધ થયો એટલે વિશાલની આવવાની વાટ પણ પૂરી થઈ. પહેલી વાર મીરા સાથે આવું બન્યું હતું કે કોઈ છોકરાએ મીરા માટે ઓછો ઇન્ટરેસ્ટ બતાવ્યો હતો.

મીરા હોટ હતી, સેક્સી હતી, બોલ્ડ હતી. વેસ્ટર્ન કપડામાં એ રમણીય લાગતી હતી. ગોરી અને સુંદર મીરાને જોઇને કોઈ પણ અટ્રેક્ટ થઈ જતું હતું. એનું બોડી બોમ્બ હતું. અત્યાર સુધીમાં એને ઘણા છોકરા પ્રપોઝ કરી ચૂક્યા હતા બટ મીરા કોઈને ભાવ ન આપતી. પહેલીવાર મીરાને કોઈ છોકરાએ ભાવ નહોતો આપ્યો, એ હતો વિશાલ.

***

સવાર થઈ. વિશાલની આદત પ્રમાણે મનમાં મ્યુંઝિક ગણગણતો હતો, આખરે તો આર્ટિસ્ટ હતો અને ધૂની પણ. મ્યુંઝિક મનમાં ગણગણતા જ એ નહાયો, તૈયાર થયો અને નાસ્તો કર્યો. તૈયાર થઈને એ ફ્લેટની બહાર ગયો, બાજુના જ દરવાજામાં એને મીરા દેખાઈ. દાદા ત્યાં જ બેસેલા હતા. વિશાલ મોટા સ્મિત સાથે અંદર દાખલ થયો અને વિશાલે એક મોટી સ્માઈલ મીરાને અને એના મમ્મીને આપી. મીરાએ પણ વળતી એક મોટી સ્માઈલ આપી. મીરા ખુરશી પર બેસેલી હતી એ ઊભી થઈ ગઈ અને વિશાલને જગ્યા આપી. મીરાના મમ્મીએ ચા આપવાનું કહ્યું. વિશાલે કહ્યું, ‘એણે નાસ્તો કરી લીધો છે.’ છતાં મીરા ચ્હા લઈ આવી.
વિશાલે જૉબ છોડ્યા પછી નક્કી કર્યુ હતું કે પૂરેપૂરું કામમાં ફોકસ કરશે. એ મીરાના કારણે જરા પણ ડિસ્ટ્રેક્ટેડ નહોતો. એને કંઈજ ફરક નહોતો પડી રહ્યો કે મીરા છે કે નહીં. બટ એવું પણ નહોતું કે એને કોઈ અટ્રેક્શન નહોતું. મીરાની સેક્સીનેસ અને હોટનેસ એને પણ ક્યાંય ખૂંચી ગઈ હતી, બટ એ એના કામ પ્રત્યે મક્કમ હતો. એને ખબર હતી એને શું કરવાનું હતું. દાદા એના ગામડાની વાતો કરતા રહ્યા. વિશાલનો જવાનો ટાઈમ થઈ ગયો હતો. સાડા દસ વાગી ગયા હતા, એટલે એને નીકળવાનુ જ હતું.

‘ચાલો મારો ટાઈમ થઈ ગયો.’, ચ્હા પતી એટલે વિશાલ ઊભો થયો. અત્યાર સુધી કોઈ બાબતે મીરા અને વિશાલ વચ્ચે સીધી વાત નહોતી થઈ. દાદા અને મીરા વચ્ચે જ વાત થઈ રહી હતી એમાં જસ્ટ વિશાલ અમુક સૂરો પૂરાવતો. એમ પણ વિશાલ ખૂબ એકલહુડો હતો એવું દાદાનું કહેવું હતું. એને એકલુ રહેવું, એકલુ રખડવું ખૂબ જ ગમતું. એનો સ્વભાવ જ એકાંતમાં રહેવાનો હતો. બધા સાથે ખૂબ ઓછી વાતો કરવી, પણ જો કરવી તો બધાના ચહેરા પર સ્માઈલ આવી જાય એવી કરવી. એ એનો ટાઈમ થયો એટલે નીકળવાની તૈયારી કરી.

વિશાલે લિફ્ટનું બટન દબાવ્યું. લિફ્ટ ઉપર આવી અને મીરા એના ઘરના દરવાજા પર ટેકો રાખીને સ્માઈલ સાથે ઊભી રહી ગઈ. વિશાલે અને મીરાએ એક નજર મેળવી. વિશાલે હળવી સ્માઈલ કરી. મીરાએ પણ સામે જોઈને સ્માઈલ આપી. લિફ્ટ ઉપર આવી ગઈ એટલે વિશાલ તરત જ અંદર ગયો. દરવાજો બંધ થઈ ગયો.

મીરા લિફ્ટ સામે જ ઊભી રહી રહી. લિફ્ટ નીચે ચાલી ગઈ. છતા મીરા એના દરવાજે ટેકો રાખીને ઊભી રહી. એ વિચારોમાં ખોવાઇ ગઈ. એને એવો છોકરો મળ્યો હતો જેને એનામાં ઇન્ટરેસ્ટ નહોતો. જેની આંખોમાં હવસ નહોતી, જેની આંખોમાં રિસ્પેક્ટ હતી.

***

મીરા લિફ્ટ સામે જ ઊભી રહી રહી. લિફ્ટ નીચે ચાલી ગઈ. છતા મીરા એના દરવાજે ટેકો રાખીને ઊભી રહી. એ વિચારોમાં ખોવાઇ ગઈ હતી. એને પહેલો એવો છોકરો મળ્યો હતો જેને એનામાં ઇન્ટરેસ્ટ નહોતો. જેની આંખોમાં હવસ નહોતી, જેની આંખોમાં રિસ્પેક્ટ હતી. મીરા વિચારમાં પડી ગઈ હતી, જ્યારથી એ સમજણી થઈ હતી ત્યારથી એણે જોયું હતું કે છોકરાઓની પ્રપોઝ કરવા માટે લાઇન લાગતી. એને ખબર હતી કે એ સુંદર છે અને સેક્સી પણ. એના શરીરમાં દરેક પુરુષને આકર્ષે એ બધા જ ગુણો છે. છતા આવું કેમ થઈ રહ્યું હતું? વિશાલ કેમ આવો હતો? કેમ વિશાલને ખાસ કોઈ અટ્રેક્શન નહોતું? કેમ વિશાલ સ્મિતથી આગળ નહોતો વધી રહ્યો?

@shehnusarnamu

મીરા સવારથી ઘરના કામમાં પરોવાણી. ઘરમાં સાફ સફાઈ કરી, બપોરનું જમવાનું બનાવ્યું, બપોર પછી રીડીંગ કર્યુ, બટ રીડીંગ કરતી વખતે એને એકના એક જ વિચારો આવ્યા કરતા, વિશાલનું અજીબ સ્મિત શું કહેવા માંગતું હતું એ હજુ મીરા જજ નહોતી કરી શકતી. રીડીંગ કરતી હતી ત્યારે જ મીતના મેસેજ આવ્યા હતા, બટ મીરાએ આજે મીત સાથે ખૂબ ટૂંકી વાત કરી. એને વિશાલ વિશે વિચારો કરવાનું ગમવા લાગ્યું હતું. એક જ દિવસમાં મીરા એક અજાણ્યા માણસના વિચારો કરવાની આદતી બની ગઈ. વિશાલ ક્યારે આવશે? એવો સવાલ એ ભલે નહોતી પૂછતી. પરંતુ એના મનમાં ઊંડે વિશાલની વાટ હતી, ક્યારે રાત પડે અને ક્યારે એ આવે. ક્યારે એ વિશાલ સામે સ્મિત કરે.

સાંજે મીરાની વાટ તીવ્ર બની ગઈ હતી. આઠ વાગ્યા પછી જ્યારે પણ લિફ્ટનું મ્યુંઝિક વાગતું કે પછી લિફ્ટનો દરવાજો ખૂલતો ત્યારે મીરાની નજર દરવાજા બહારની લિફ્ટ પર ચાલી જતી. પરંતુ વિશાલ નજરે ના પડતો ત્યારે એની આંખો નિરાશ થઈ જતી. નવ વાગ્યે ફરી લિફ્ટનો દરવાજો ખૂલ્યો, મીરા એના ફ્લેટના ડૉર

તરફ દોડી ગઈ, દરવાજો ખૂલ્યો બટ દાદા હતા. ભલે વિશાલ નહોતો આવ્યો બટ મીરા સાથે વિશાલની વાતો કરવાવાળું કોઈક તો આવી ગયું હતું. મીરાના પેટમાં એવું વંટોળ હતું કે એ રાતે જમી પણ ના શકી. પરંતુ પેટને સમજાવવા માટે એણે બે કોળીયા મોઢામાં નાખ્યા.

***

દસ વાગ્યે દાદાએ ખાટલો ઢાળ્યો, મીરા તરત એના ઘરમાંથી ખુરશી લઈને દાદા પાસે પહોંચી ગઈ. એના આઈફોનમાં વોટ્સએપની રીંગ વાગી. મીરાએ મેસેજ જોયો.

‘ડાર્લિંગ વોટ હેપ્પન્ડ? આજ કોઈ મેસેજ નહીં, મેસેજનો આન્સર નહીં?’, મીતનો મેસેજ હતો.
‘સોરી યાર થોડી બિઝી હતી.’, મીરાએ મેસેજ કર્યો.
‘એટલી બધી વાંચવામાં બિઝી થઈ ગઈ કે અમે યાદ પણ નથી આવતા?’, તરત જ મીતનો મેસેજ આવ્યો. મીરા દાદા સામે બેસીને ફટાફટ મેસેજ ટાઈપ કરી રહી હતી.
‘કોણ મીતયો છે?’, દાદાએ પૂછ્યું. મીરાએ હસતા હસતા ડોકુ ધૂણાવ્યું.
‘કહે છે કે આજે આખા દિમાં મેસેજ કેમ નો આવ્યો?’, મીરાએ દાદાને કહ્યું. દાદાએ ડોકુ ધૂણાવ્યું, મીરા ફરી મેસેજમાં લાગી ગઈ.

‘છોડને એ બધું, શું કરે છે તું?’, મીરાએ મીતને મેસેજ કર્યો.
‘બસ ટેરેસ પર બેઠો છું, ઠંડો પવન આવી રહ્યો છે.’, મીતનો મેસેજ આવ્યો.

‘વિશાખાનો ભાઈ છે, વિશાલ. એન્જિનિયર છે, પાંત્રીસ હજાર પગાર હતો, માળા હાળાએ નોકરી કેમ છોડી દીધી ખબર જ નથી પડતી.’, દાદાએ વિશાલની વાત કાઢી. મીરાએ મોબાઈલ સાઈડમાં મૂક્યો.
‘એણે કંઈક વિચાર્યુ જ હશે દાદા.’, મીરાએ પોતાના કાલા લહેકામાં કહ્યું.
‘પણ પાંત્રીસ હજારની નોકરી, હવે ભાયને એક્ટર બનવું છે, છોકરો બવ ડાહ્યો, પણ લગનની ના જ પાડે છે કે મારે હમણા લગન જ નથ કરવા.’, મીરા હસી પડી.
‘એની મા કેટલાંય માંગા લઈ આવી, પણ ઈ છોકરી જોયા પહેલા જ કહી દેય કે મારે લગન જ નથી કરવા.’
‘લાગે છે જ સનકી દાદા...’, કહીને મીરા ખડખડાટ હસી પડી. દાદા પણ થોડુંક હસ્યા. મીરાનો મોબાઈલ મેસેજને કારણે રીંગ વગાડતો રહ્યો. દાદા વિશાલની વાતો કરતા રહ્યા.
‘હોશીયાર બોવ, આજ સુધી કોઈ દિ રૂપયોય એના માં-બાપને ખરચવો નથી પડ્યો. પણ લગનની ચોખ્ખી ના જ પાડી દેય.’, ફરી એક ને એક લગનની જ વાત દાદા કરતા રહ્યા. વિશાલના વખાણ કરતા દાદા થાકતા નહોતા. દાદાના મનમાં

પણ એવું હતું કે વિશાલ મીરાને પસંદ કરે તો એમનુ બન્નેનુ ગોઠવી દેવાય. મીરાના ઘરમાં પણ ઇન્ટરકાસ્ટ મેરેજની કોઈ પ્રોબ્લેમ નહોતી. એમ પણ એના ઘરમાં હતું કોણ, મીરા અને એના મમ્મી. એકભાઈ એક્સીડેન્ટમાં એક્સપાયર્ડ થઈ ગયો હતો, પપ્પા હાર્ટ અટેકમાં ગુજરી ગયા હતા. હવે તો મીરા અને એના મમ્મી જ હતા. મીરાની મેરેજની ઉંમર પણ થઇ ગઈ હતી, એટલે એને અવાર નવાર છોકરા જોવા આવતા બટ મીરા રીજેક્ટ જ કરતી રહેતી. મીરાની એકવાર સગાઈ પણ થઈ હતી, બટ છોકરો ખૂબ જ પઝેસીવ હતો એટલે જ મીરાએ એ સગાઈ તોડી નાખી હતી.

મીરા ખુલ્લામાં ઉડવા વાળી છોકરી હતી, એને ઘણા મેલ ફ્રેન્ડ્સ હતા. એને એની લાઈફમાં ઘણું કરવું હતું. એ નહોતી ચાહતી કે એ કોઈ એવી જગ્યાએ મેરેજ કરે જ્યાં એની પાંખો કપાઈ જાય, જ્યાં એને પીંજરામાં પૂરી દેવામાં આવે. એટલે જ એને મેરેજની કોઈ ઉતાવળ નહોતી. એટલે જ એને લવ-અરેન્જ મેરેજ કરવા હતા. બટ હજુ એને એવું કોઈ નહોતું મળ્યું કે જેના તરફ મીરાને એવી ફિલિંગ્સ આવી હોય. બટ વિશાલે એક જ દિવસમાં એને એક અલગ સ્થિતીમાં જ નાખી દીધી હતી.

સાડા અગિયાર સુધી દાદા અને મીરા વિશાલની વાતો કરતા રહ્યા, જેટલુ દાદા વિશાલ વિશે જાણતા હતા એ બધું જ દાદાએ મીરાને કહ્યું હતું. બટ મીરા ધરાતી નહોતી. મીરાને ઊંઘ આવી રહી હતી. બાજુમાં મોબાઈલમાં મીતના મેસેજ આવી રહ્યા હતા. મીરાએ મોબાઈલમાં જોયું. મીતના બે મિસકૉલ પણ હતા.

‘બકુ કેમ આન્સર નહીં આપતી? શું થયું છે આજે તને?’, મીરાએ જ્યારે વોટ્સએપ ઓપન કર્યુ ત્યારે આવા કેટલાંય મેસેજ મીતના હતા. આજે મીરાએ એના બેસ્ટ ફ્રેન્ડને બહુ જ ઇગ્નોર કર્યો હતો. મીરા માટે મોબાઈલ સાઇડમાં મૂકી દેવો એ ખૂબ સહેલી વાત હતી, બટ મીતની હાલત શું થતી હશે એનુ મીરા ક્યાં વિચારતી હતી, ખરેખર ફ્રેન્ડશીપ એક વરદાનની સાથે શાપ પણ છે.

મીરાના મોબાઈલમાં રીંગ વાગી. મીતનો કૉલ હતો. મીરાએ કૉલ રિસીવ કર્યો.

‘હા બકુ.’, મીરાએ એના કાલા અવાજમાં કહ્યું.
‘કોઈ બોયફ્રેન્ડ શોધી લીધો કે? જવાબ આપવાનો ટાઈમ પણ નથી હવે તો.’, મીતે ટોન મારતા કહ્યું.
‘અરે ડાર્લિંગ એમ બોયફ્રેન્ડ મળી જતા હોય તો સારું જ ને.’, મીરાએ હસતા હસતા કહ્યું. મીત પણ હસી પડ્યો. મીત માટે મીરાની હસીથી વધારે કંઈ નહોતું. મીરા એને ગમે એટલુ ઈગ્નોર કરતી બટ એકવાર મીરા સ્માઈલ સાથે વાત કરતી એટલે મીત બધું જ ભૂલી જતો. ધિઝ ઇઝ નથિંગ બટ લવ, લવ ઈન ફ્રેન્ડશીપ.
‘અરે મેડમ તમારા માટે તો લાઈન લાગે જો લગાવવી હોય તો.’, મીતે પણ હસતા

હસતા કહ્યું.

‘ના ના, મારે લાઈન નથી લગાવવી હો.’, મીરા થોડું હસીને બોલી.

‘બકુ તારી બહુ જ યાદ આવે છે. બહુ ટાઈમથી નથી મળ્યો.’, મીત થોડો સિરિયસ થઈને બોલ્યો.

‘યા આઈ નો, બટ હમણા થોડું કામ છે યાર, મમ્મીની તબિયત પણ ઠીક નથી રહેતી અને મને પણ મજા જેવું નથી.’, મીરાએ કહ્યું.

‘બકુ શું થયું? હવે તો તું તબીયત બરાબર ન હોય તો પણ નથી કહેતી.’

‘અરે બકુ કંઈ નથ થ્યુ, ડોન્ટ વરી. જસ્ટ આજે થોડુંક માથું દુઃખતું હતું.’

‘તો વિચારો ઓછા કરાય અને ટેબ્લેટ લઈ લેવાય.’, ખરેખર એક સાચા ફ્રેન્ડને દર્દના બધા કારણોની ખબર જ હોય છે. મીરાએ આજે ખૂબ જ વિચાર કર્યા હતા. મીતને બસ એટલી ખબર નહોતી કે વિચારો શેના કર્યા હતા.

‘યાર તને તો ખબર છે, હું માથું દુઃખતું હોય તો ટેબ્લેટ નથી લેતી.’,

‘અરે યાર તું બહુ જ જિદ્દી છે, તબીયત ખરાબ હોય તો દવા લઈ લેવાય યાર.’, મીતે ખૂબ જ કેર લેતા કહ્યું.

‘ઓકે ઓકે, નેક્સ્ટ ટાઈમ.’

‘દર વખતે આ જ સાંભળુ છું.’

‘ઓકી.’, મીરાએ હસતા હસતા કાલા અવાજમાં કહ્યું.

‘ક્યા કિયા આજ આપને?’, મીતે રોજની જેમ પૂછ્યું.

ત્યાંજ લિફ્ટનો દરવાજો ખૂલ્યો. મીરાનુ હાર્ટ જોરજોરથી પંપ કરવા લાગ્યું. મીરા કાન પર ફોન રાખીને સતત વિશાલ સામે જોવા લાગી. ફોનમાં ‘હેલો હેલો.’ નો અવાજ આવવા લાગ્યો. વિશાલે પણ મીરા સામે આંખો મેળવી. દાદા કંઈજ ન બોલ્યા.

‘કેમ છે?’, વિશાલ મીરાની આંખમાં આંખ નાખીને બોલ્યો.

‘અરે કેમ છે એમ પૂછું છું?’, વિશાલે ફરી મોટા અવાજે કહ્યું.

‘બસ મજા.’, મીરા ધીમેથી બોલી. ફોનમાં હજુ મીત ‘હેલ્લો હેલ્લો’ કરી રહ્યો હતો.

‘પછી વાત કરું, બાય.’, મીરાએ ફોનમાં કહીને કૉલ કટ કરી નાખ્યો.

‘આવી ગયો? ક્યાં રખડયાખ્વો.’, દાદા બોલ્યા.

‘બસ એક ફ્રેન્ડની પાર્ટી હતી તો ડિનર માટે ગયા હતા.’, વિશાલ એના સ્ટ્રોંગ અવાજમાં બોલ્યો.

‘હેં?’, દાદાને કંઈ સમજાણુ નહીં.

‘અરે દાદા જમવા ગ્યાતા.’, મીરાએ વિશાલ સામે સ્માઈલ કરતા કરતા દાદાને સમજાવ્યું. દાદાએ માથું ધુણાવ્યું.

‘થાકી ગ્યો છું, સાવ આજ તો. બહુ ઊંઘ આવે છે.’, દાદા સામે જોઈને વિશાલે કહ્યું.

મીરાનો ચહેરો થોડી વાર માટે ઉતરી ગયો. મીરાએ આજે આખો દિવસ વિશાલની રાહ જોઈ હતી અને આ છોકરો થોડીવાર એની સાથે બેસી નહીં શકે? મીરા માટે આ અસહ્ય હતું. આવું મીરા સાથે એની લાઈફમાં પહેલીવાર બની રહ્યું હતું કે કોઈ છોકરો એને જરાં પણ ભાવ ન આપતો હોય. કદાચ છોકરાને ગર્લફ્રેન્ડ હોય તો પણ મીરા એટલી હોટ એન્ડ સેક્સી હતી કે કોઈ પણ ફીઝીકલી અટ્રેક્ટેડ તો થઈ જ જાય. બટ મીરા વિચારતી હતી કે આ કંઈ માટીનો બનેલો છે? વિશાલ તરત જ રૂમમાં ગયો. એ ફ્રેશ થયો. એણે કપડા ચેન્જ કરીને નાઈટ ડ્રેસ પહેર્યો. મીરા થોડી ઉદાસ થઈ ગઈ હતી, એ સૂઈ જવા માંગતી હતી, એટલે એ ઊભી થઈ. ત્યાંજ વિશાલ આવ્યો.

‘કેમ સૂઈ જવું છે?’, વિશાલે પૂછ્યું.
‘ના પાણી પીવું છે, બોટલ લેવા જાવ છું.’, મીરાથી બોલાઇ ગયું. અચાનક જ એની ઉદાસી ગાયબ થઈ ગઈ. મીરા જડપથી રૂમમાં ગઈ. વિશાલ બહાર એના મોબાઈલમાં પાર્ટીના ફોટા જોઈ રહ્યો હતો. દાદા ઉભા થઈને બાથરૂમ જવા ગયા. મીરાને ઘરમાંથી આવતા જરાં વાર લાગી. પણ જ્યારે એ બહાર આવી ત્યારે વિશાલ મીરાને માત્ર તાકી રહ્યો. એ એની નજર મીરા પરથી હટાવી ન શક્યો.

***

સ્ત્રી જ્યારે એનુ સ્ત્રીત્વ બતાવે છે ત્યારે એની સામે કોઈ નથી ટકી શકતું. મેનકાએ વિશ્વામિત્ર જેવા વિશ્વામિત્રની તપશ્ચર્યા ભંગ કરાવી હતી, ભલે મીરા મેનકા નહોતી, વિશાલ પણ ક્યાં વિશ્વામિત્ર હતો. પરંતુ બન્નેની પરિસ્થિતિઓ એક જ હતી. અને મીરા હવે મેનકાનું કામ કરવાની હતી.

ગોરા સાથળ, ભરાવદાર પીંડીઓ, એકદમ શ્વેત પાની, ખુલ્લા નરમ બાજુ. મીરાએ એનું છૂપાવેલું શારીરિક રૂપ ખુલ્લુ કર્યુ હતું. એ નાઈટ સ્યૂટમાં હતી, એક શોર્ટ બ્લેક શોર્ટ પહેરી હતી. એના પર એણે ખૂબ ટૂંકુ સ્લીવલેસ ટી-શર્ટ પહેર્યુ હતું. ટી-શર્ટનું ગળું પહોળું હતું અને બેક ઘણો ખરો ખુલ્લો હતો.

વિશાલે મીરાના શરીરને સ્કેન કરવાનું શરુ કર્યુ. થોડીક ભીની ગરદન જેની ડાબી બાજુ એક કાળો તલ હતો. એની નજર મીરાના ખુલ્લા બાજુઓ પર ગઈ. એકદમ ગોરા બાજુઓ પર પણ બે ચાર તલ હતા. ગળાની સહેજ નીચે ઉતરતા ફરી મીરાના શ્વેત શરીર પર કાળા તલના ટપકા હતા. ગળાની સહેજ નીચે ઉતરતા ટી-શર્ટ આડું આવવા લાગ્યું, નહીંતર આજે વિશાલ બધા જ તલને ગણી લેત. શી-શર્ટ ટૂંકુ હતું જે એની કમરને ઢાંકી નહોતું શકતું. સહેજ નીચે ઉતર્યો જે જોઈને વિશાલ અનકંટ્રોલેબલ થઈ ગયો. દેખાવમાં જ લીસી, કોમળ, લથબથ કમર. વિશાલ માત્ર જોતો જ રહ્યો. બટ જ્યારે એની નજર મીરાની ડૂંટી પાસેના મોટા કાળા તલ પર ગઈ

ત્યારે વિશાલના કપાળ પર પરસેવો છૂટવા લાગ્યો હતો. વિશાલને એ તલ ચાખવાનું મન થઈ ગયું. વારંવાર વિશાલની નજર મીરાની ઉંડી ડૂંટી પાસે જ ચાલી જતી. આ રીતે જોઈ રહેલા વિશાલને જોઈને મીરા હસી, એવી રીતે હસી જાણે હવે બધી સ્થિતિ કંટ્રોલમાં હોય.

મીરા પગ પર પગ ચડાવીને કોઈ સાથે વોટ્સએપ પર ચેટ કરવા લાગી. વિશાલ ચૂપચાપ આ જોતો રહ્યો. આ હતું અસલી મીરાનું રૂપ. આખા શરીર પરથી સેક્સીનેસ, હોટનેસ અને બોલ્ડનેસ નીતરતી હતી.

દાદા રૂમમાંથી બહાર આવ્યા અને ખાટલા પર બેસ્યા.

‘તો શું કર્યુ છે, આઇ મીન સ્ટડી.’, વિશાલ બોલ્યો જાણે સગાઈ માટે ઇન્ટરવ્યુ લેતો હોય.
‘હ્મ્મ, સ્ટડી ચાલુ છું. બી.એડ. બસ પૂરું થવામાં જ છે.’, મીરાએ ખૂબ જ સોફ્ટ અવાજે એના એજ કાલા લહેકામાં કહ્યું.
‘સબ્જેક્ટ?’,
‘એટલે?’
‘મીન્સ ક્યા સબ્જેક્ટ પર આર્ટ્સ કર્યુ, મેઇન સબ્જેક્ટ ક્યો હતો.’, વિશાલે ઇલાબોરેટ કર્યુ.

‘ગુજરાતી.’,

‘એ વોટ્સએપમાં ટાઈપ કરતા કરતા બોલી.
‘તારો વોટ્સએપ નંબર બોલ ને.’, વિશાલે એનો નંબર માંગ્યો. બધું જ ઝડપથી આગળ વધી રહ્યું હતું. મીરાએ એનો નંબર આપ્યો. વિશાલ એનો નંબર સેવ કરવા લાગ્યો.
‘શું નામ લખું?’, વિશાલ થોડું હસીને બોલ્યો.
‘મીરા, નામ તો સુના હી હોગા.’, મીરા પણ દાંત બતાવ્યા વિના આંખોમાં આંખો પરોવીને હસી.

‘હાઇ,’, વિશાલે મીરાની સામે બેસીને જ વોટ્સએપ કર્યુ.
‘હેલ્લો,’, સ્માઇલી સાથે મેસેજ આવ્યો.
‘નાઇસ ડી.પી.’,
‘થેંક્સ, યોર્સ ટુ.’, મીરાએ જવાબ મોકલ્યો. સામ સામે ચુપચાપ ટિપિકલ મેસેજની આપલે થઈ રહી હતી.
‘થેંક્સ, નાઇસ સ્ટેટસ ટુ.’, વિશાલે આંખ મારતી સ્માઇલી સાથે મેસેજ કર્યો.
‘રિઅલી? થેંક્સ.’

‘યપ.’, પછી મીરાએ એક ફોટો મોકલ્યો. આવા રબીશ ફોટાઓમાં વિશાલને જરાય રસ નહોતો.

‘ચલો દાદા, થાકી ગયો છું. ઊંઘ આવે છે.’, વિશાલ ઊભો થયો અને અંદર જવાની તૈયારી કરી. મીરા ચાહતી હતી કે વિશાલ બેસે, એની સામે જ બેસે. બટ વિશાલ જ્યારે હોય ત્યારે મીરાથી દૂર ભાગતો.
‘બસ?’, દાદા બોલ્યા.
‘હા કાલે ઘણું કામ છે.’, વિશાલ બોલ્યો અને અંદર ગયો. ફ્લેટનો દરવાજો ખુલ્લો જ હતો.

‘બેટરી અબાઉટ ટુ ડાય ડિયર.’, અંદર જઈને સોફા પર સૂઈને તરત જ વિશાલે મેસેજ કર્યો. મીરાએ બહારથી વિશાલ સામે સ્માઈલ કરતા કરતા જોયું.
‘ટાયર્ડ, હેવ ટુ સ્લીપ ડિયર.’, વિશાલે બીજો મેસેજ કર્યો.
‘દાઉદ જૈસે લગ રહે હો,
ઓકે બેબી ટેક યોર ટાઈમ.’, મીરાનો મેસેજ આવ્યો. વિશાલ ખૂબ થાકેલો હતો, બટ આજે એને ઊંઘ તો નહોતી જ આવવાની એ પાક્કુ હતું. કારણકે સામે મીરા જે રૂપ લઈને બેઠી હતી એ જોયા પછી કોઈને ઊંઘ ના આવે.

‘ગુડ નાઈટ સ્વીડ ડ્રીમ ટેક કેર.’, વિશાલે ગુડનાઈટ મેસેજ કર્યો. એ પડખુ ભરીને સોફા પર જ સૂઈ ગયો.
મીરાએ ગુડનાઈટ લખેલ ઈમેજ મોકલી.
બટ ફ્લેટની બહાર ગેલેરીમાં મીરા હજુ દાદા સાથે વાત કરી રહી હતી. વિશાલને કંઈ રીતે ઊંઘ આવે. ફરી એણે પડખુ ફેરવ્યું, મોબાઈલ ચાર્જિંગમાં મૂક્યો અને મીરા સામે જોવા લાગ્યો. મીરાએ પોતાના ખુલ્લા વાળને બાંધ્યા.
‘હેયર ઇઝ બેન્ટ, રેડી ટુ સ્લીપ આઈ ગેસ’, વિશાલે મેસેજ કર્યો.
‘સો જાઓ.’, મીરાનો મેસેજ આવ્યો.
‘ચાર્જર કામ નથી કરતું , કદાચ લેપટોપ પર કંઈક કામ કરીશ, ઓર મુવી જોઈશ.’, વિશાલે મેસેજ મોકલ્યો.
‘યા, સ્યોર, હું પણ થાકી ગઈ છું બકા.’, મોટી મોટી સ્માઈલની સ્માઈલી સાથે વિશાલના મોબાઈલમાં મેસેજ આવ્યો.
‘ધેન ટેક રેસ્ટ, રિલેક્સ.’,
‘યા સ્યોર, ચલો બાય ગુડનાઈટ.’
‘બાય ગુડ નાઈટ’, વિશાલે ફરી ગુડનાઈટ મોકલ્યું.
‘નાઈસ સ્માઈલ યુ ગોટ.’, વિશાલે બીજો મેસેજ કર્યો.
‘થેંક્સ, તમારી પણ.’, મીરાનો મેસેજ આવ્યો. આ મેસેજ પછી બન્નેના મેસેજ બંધ

થઈ ગયા. બટ દાદા અને મીરાની વાતો ખૂટતી નહોતી. દાદા વિશાલની જ વાતો કરી રહ્યા હતા, મોસ્ટલી એના વખાણ જ. બાર વાગી ચૂક્યા હતા બટ વાતો પૂરી નહોતી થઈ.

‘કેટલી વાતો…?’, વિશાલે મેસેજ કર્યો.

‘અરે યાર દાદાની વાતો નય ખૂટતી.’, મીરાએ વિશાલની સામે જોઈને કહ્યું.

‘દાદાને પુછ કેટલા મેરેજ કર્યા છે.’, વિશાલે હસતા હસતા મેસેજ કર્યો.

‘આઈ ગેસ ૩ કે ૪’, મીરાનો મેસેજ આવ્યો.

‘ઓહ્હ્હ, કોણે કહ્યું.’,

‘દાદા મુજસે કુછ નહીં છૂપાતે.’,

‘ઓય્ય્ય હોય્ય્ય, ઔર ક્યા ક્યા કહા હૈ દાદાને?’,

‘સબ..’, મીરાનો મેસેજ વિશાલના મોબાઈલમાં આવ્યો અને એને છીંક આવી.

‘ગોડ બ્લેસ યુ.’, વિશાલને ખબર ના પડી આ ‘ગોડ બ્લેસ યુ’ શા માટે આવ્યું હતું.

‘સમ સિરિયસ ટોક ઈઝ ગોઈંગ ઓન?’, ખૂબ ધીમે ધીમે વાત કરતા મીરા અને દાદાને જોઈને પૂછ્યું.

‘વ્હાય, ગોડ બ્લેસ.’, તરત બીજો મેસેજ પણ એણે કર્યો.

‘આપકો છીંક આઈ ઈસ લીયે.’,

‘ઓહ્હ, થેંક્યું બેબી, સો કેરીંગ.’, વિશાલે મેસેજ કર્યો. બેબી શબ્દ આવી રીતે પહેલી વાર જ કોઈ માટે યુઝ કર્યો હતો. મીરા સાથે આટલો જલદી, કોઈ રિલેશન વિના? ધિઝ વોઝ ફાસ્ટ.

@snehmusarnamu

‘ઓલવેઝ ફોર એવરીવન.’, જવાબ સ્માઈલી સાથે આવ્યો.

‘નીંદ નહીં આ રહી?’, વિશાલે મેસેજ કર્યો.

‘આ તો રહી હૈ યાર, બટ દાદા સ્ટોપ હી નહીં કર રહે, વો બાતે બંદ કરે તો ન.’

‘આઈ એમ ફિલિંગ સ્લીપી, શટિંગ ડાઉન.’, વિશાલે મેસેજ કર્યો.

‘આપકો મેસેજ નહીં પહોંચ રહે.’, મીરાનો મેસેજ આવ્યો.

‘યહાં કવરેજ નહીં આ રહા.’, વિશાલે ટેક્સ્ટ મેસેજ કર્યો. જે ડિલીવર જ ન થયો. મેસેજ જતા બંધ થઈ ગયા અને નેટ પણ બંધ, એટલે પછી કોઈ વાત જ ન થઈ. વિશાલને ઊંઘ આવી ગઈ.

***

વિશાલને ઊંઘ આવી ગઈ. મીરા મોડી રાત સુધી પડખા ફેરવતી રહી. મીરાની સાથે દૂર કોઈ એક બીજી વ્યક્તિ પણ પડખા ફરતી રહી. મીત, મીત મોડી રાત સુધી ડિલીવર થયેલા અને સીન થયેલા પોતાના જ મેસેજ વાંચતો રહ્યો, જેનો કોઈ આન્સર નહોતો આવ્યો. એને થોડી થોડી વારે એનો કટ થઈ ગયેલો કૉલ યાદ આવતો. ‘કેમ છે?’, કોઈ અજાણી વ્યક્તિનો અવાજ મીતના કાન પર પછડાયા રાખતો અને તરત

‘પછી વાત કરું.’ મીરાનો અવાજ. મીતે અંદાજો લગાવ્યો હતો એટલે જ કદાચ એને ઊંઘ નહોતી આવી રહી. મીતને એ પણ ચિંતા હતી કે મીરાથી કોઈપણ વ્યક્તિ તરત જ અટ્રેક્ટ થઈ જશે, અને પોતાની ફિઝિકલ નીડ્ઝ માટે યુઝ કરશે. આ જ વિચારોમાં મીત અડધી રાત સુધી તરફડિયા મારતો રહ્યો, બટ એને ઊંઘ ન આવી. એની નજરો સામે માત્ર એક વ્યક્તિનો ચહેરો હતો. મીરા....! મીરા...! મીરા...!

***

પ્રકરણ – ૪

'મીરા? ઓ મીરા બેટા?', રફીક ચાચાનો અવાજ સાંભળીને મીરા ઝબકીને જાગી ગઈ.

'હા બોલો ચાચા, ઊંઘ આવી ગઈ'તી.',

'તારી તબિયત તો બરાબર છે ને?'

'હા ચાચા.',

'પાક્કું?'

'ચાચા એક સવાલ પૂછું?'

'પૂછ પૂછ.',

'જે લોકો આપણને છોડીને જતા રહે એ આપણને પ્રેમ કરતા હોય?'

'બચ્ચી, પ્યાર કરને વાલે લોગ કભી છોડકે ના જાવે. છોડકે જાવે વો પ્યાર નહીં હોવે.', ચાચાએ થોડું ગંભીર થઈને કહ્યું. મીરા કંઈ બોલી ના શકી.

'વહાં દેખ.' રોડ પર લગભગ પચ્ચીસેક કૂતરાઓ હતા. એને કોઈ વ્યક્તિ દૂધ પીવરાવી રહી હતી.

'લાગ્યું કે આજના કાર્યક્રમ માટે કામ લાગી શકે તને.'

'થેંક્સ ચાચા. પ્યાર બાંટ રહે હે વો.', મીરાએ કહ્યું સિગ્નલ પરથી કાર ચાલતી થઈ. ત્યારે જ રફીક ચાચાએ FMનું વોલ્યુમ વધાર્યુ.

'મેક યોર લાઈફ એડવેન્ચર. ૨ દિવસનો ટ્રેકિંગ કેમ્પ, વિતાવો તમારા બે દિવસ પ્રકૃતિના ખોળે. આજે જ જોડાવ પોળો એડવેન્ચર ટ્રેક. માત્ર જુજ એન્ટ્રીઓ જ બાકી. તો કૉલ કરો...', રેડીઓ પર એડવર્ટાઇઝ આવી. તરત જ મીરાને કંઈક યાદ આવ્યું. જ્યારે તમારાથી કોઈ દૂર જતું હોય છે ત્યારે આવું જ થતું હોય છે. એની એક એક વાત તમે તમારી આસપાસની વસ્તુઓ સાથે જોડી દેતા હોઉં છું. મીરા એ સુંદર પળોને યાદમાં રમમાણ કરવા લાગી.

***

શીયાળાની વહેલી સવારે મીરા આજે નવ વાગે ઊઠી ગઈ હતી. નાહીને બહાર આવીને એણે એના પાણીથી નીતરતા વાળ ઝટક્યા. વાળમાંથી લેમન ફ્રેશ શેમ્પુની સુગંધ આવી રહી હતી. એણે બ્લેક ચુસ્ત પર લેગીન્ઝ, પર્પલ મોતીકામથી ભરેલું સ્લીવલેસ ટોપ પહેર્યુ. કાચમાં જોતા જોતા એણે કાનમાં નાની મોતી વાળી બુટ્ટી પહેરી, નાકમાં નાની નથણી પરોવી અને નમણા કપાળ વચ્ચે નાની કાળી બીંદી ચોડી. વાળ ખુલ્લા રાખ્યા. ચહેરાની સજાવટ પૂરી થયા બાદ એણે ગરદન પર સુગંધી બોડી લોશન લગાવ્યું, એ સુગંધી બોડી લોશન એણે એના હાથ પર પણ લગાવ્યું. હોઠ પર હેપ્પી લિપ્સ પીંક ક્રીમ લગાવી. પછી ફૂલ સાઈઝના અરીસા સામે

ઊભી રહીને ડાબી-જમણી બાજુ ફરીને પોતાના પર નજર નાખી.

‘પરફેક્ટ’, એણે પોતાને જ કહ્યું.

‘મમ્મી, હું કૉલેજ જાઉં છું.’, કહીને પોતાના સ્કૂટરની ચાવીવાળું મીરા લખેલું કીચેઇન ફેરવતી ફેરવતી બહાર નીકળી ગઈ. એણે કાનમાં ઇયરફોન્સ ફીટ કર્યા અને પોતાના આઈફોનમાં એડેલના રોમેન્ટીક સોંગ શરુ કર્યા.

***

દેવકી, દેવર્ષ, મીરા અને મીતે આજે નાની પીકનીક ગોઠવી હતી. દેવકી અને દેવર્ષ વચ્ચે અઢી વર્ષ જૂનો રિલેશન હતો અને મીરા અને મીત વચ્ચે ઓલમોસ્ટ અઢી વર્ષ વર્ષ જૂની ફ્રેન્ડશીપ. દેવકી વેસ્ટર્નમાં આવી હતી દેવર્ષ અને મીતે પણ જીન્સ ટીશર્ટ જ પહેર્યા હતા. પ્લાન હતો પોળોના જંગલોમાં રખડવાનો. મીત અને મીરાની ઘણી ચોઇસ કોમન હતી, કુદરત સાથે રખડવું બન્નેને ખૂબ જ ગમતું. એટલે જ પોળોના જંગલો પિકનિક પ્લેસ તરીકે સિલેક્ટ થયા હતા. દેવકી અને દેવર્ષને એકાંત મળી જાય અને મીરા અને મીત જંગલોમાં રખડે એવું નક્કી થયું હતું.

ચારેયે મળીને એક મસ્ત દિવસ પસાર કરવા માંગતા હતા. બસ કોઈ શાંત દિવસ, જ્યાં શબ્દો ઓછા હોય, અનુભૂતિઓ વધારે હોય. લાગણીઓ વધારે હોય. જ્યાં વૃક્ષો વચ્ચે ખુલ્લા શ્વાસ લઈ શકાય, જ્યાં કોલાહલ ન હોય પણ, પંખીઓના કલરવનો હોય, જ્યાં અમદાવાદ વચ્ચેથી સિમેન્ટના પાળાથી બંધાયેલી સાબરમતી ભલે ના હોય, પરંતુ ખળખળ વહેતું મુક્ત ઝરણું હોય, જેને કોઈનું બંધન ના હોય, એ માત્ર વહ્યા કરતું હોય અને એનું પાણી વધારે ને વધારે નિર્મળ બનાવી રહ્યું હોય.

@snehnusamamu

પોળોના જંગલમાં એવું જ એક ઝરણું મીત અને મીરાએ શોધ્યું હતું. બન્ને બાજુબાજુમાં જ બેસ્યા હતા, બન્નેના પગ ઠંડા ખળખળ વહેતા પાણીમાં હતા. બન્ને એકબીજાના હાથને નિર્મળ જળમાં હિલોળા લેવરાવતા હતા. બન્ને એટલા નજીક બેસેલ હતા કે કોઈને પણ લાગે કે આ બન્ને ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ હશે, કૉલેજમાં બધાને એમ લાગતું પણ ખરું. બટ આ ક્યો રિલેશન હતો એ તો આ બન્નેને પણ નહોતી ખબર. મીતે ઠંડા પાણીના છાંટા મીરાના ચહેરા પર ઉછાળ્યા. શિયાળો એવો જામ્યો હતો કે સાડા દસ વાગે પણ સૂર્ય હજુ મોં બતાવવા નહોતો આવ્યો અને એમાં પણ જંગલ. પાણી નો ડાઉટ થીજાવી નાખે એવું ઠંડુ તો હતું જ.

ઠંડા પાણીના છાંટા મીરાના ચહેરા પર આવતા એ થરથરી ગઈ, એના ચહેરા પર શૈતાની સ્માઈલ આવી. એણે એક ખોબો ભર્યો અને મીતની ગરદન પર રેડી દીધો. મીતનો શર્ટ ભીનો થઈ ગયો અને એ ઠંડુ હીમ જેવું પાણી, હીમ વરસાવતી ઠંડીમાં, બાપ રે.

'ઊભી રે તું .', કહીને મીત ઊભો થવા ગયો એ પહેલા મીરા ઝરણાના કિનારે જાળવી જાળવીને ઝડપથી ચાલવા લાગી. મીત એની પાછળ જ દોડ્યો. ભલે એના એના હાથમાં પાણી નહોતું. બટ ઠંડા પાણીમાંથી ડૂબાવીને બહાર કાઢેલા થીજી ગયેલા હાથતો હતા જ. વિચાર તો કરો, જ્યારે એ ઠંડા હાથ કોઈકની નરમ અને ગરમ, સુગંધ પ્રસરાવતી ગરદન પર ધીમેથી સ્પર્શે ત્યારે બન્નેની કેવી હાલત થતી હશે?

'મીત પ્લિઝ, ઠંડુ લાગે છે.', મીરા દોડતી દોડતી બોલી રહી હતી.
'આજે તો તને ના જ છોડુ. મેં તો તને જસ્ટ છાંટા જ ઉડાડ્યા હતા.', મીતે પાછળ જતા જતા કહ્યું. જમીન પથરાળી હતી, એટલે બન્ને સંભાળી સંભાળીને પગ મૂકી રહ્યા હતા, પરંતુ બન્નેમાં દોડ પકડ રમવાની ખૂબ તાલાવેલી હતી. મીરા આગળને આગળ દોડી જઈ રહી હતી અને મોકો મળે ત્યારે ઝરણામાંથી પાણીનો ખોબો ભરીને પાછળ આવી રહેલા મીત પર ઉડાડતી. જેવા પાણીના છાંટા આવતા એવો મીત એની સ્પીડ વધારી દેતો. બન્ને થોડુંક દોડ્યા ત્યાં તો ઝરણું દૂર જંગલમાં જઈ રહ્યું હતું, અને કાંઠાથી થોડે દૂર પોળોના જૈન મંદિરો હતા. મીરા દોડતી દોડતી એ તરફ ગઈ, બટ પહોંચતા પહેલા જ એનો એક પગ પથ્થર પરથી લપસ્યો અને એ ગબડી પડી. એના મોંમાંથી ચીસ નીકળી ગઈ.

@shehnusarnamu

મીત જે ઝડપે દોડી રહ્યો હતો એની ડબલ સ્પીડથી દોડીને મીરા પાસે પહોંચી ગયો. મીરાના પગમાં મોચ આવી ગઈ હતી. મીતે મીરાનો પગ તપાસ્યો, કોઈ લોહી તો નહોતું જ નીકળ્યું.
'થોડું ધ્યાન નથી રખાતું ?', મીરાને દુઃખતું જોઈને મીતથી થોડો ઉંચો અવાજ નીકળી ગયો.
'ઉપ્પ્પ્સ યાર બહુ દુઃખે છે.', મીરા ઉંકારા કરતી બોલતી રહી.
'ચલ ઊભી થવાની ટ્રાય કર, મંદિર પાસે ચાલ્યા જઈએ.', મીતે મીરાને ઊભી કરી. બટ એના પગમાં ખૂબ દુખી રહ્યું હતું.

'જસ્ટ ઊભી રહી જા એક મિનીટ.', મીત બોલ્યો, અને એણે વળીને મીરાને પોતાની મજબૂત ભુજાઓથી ઊંચકી લીધી. મીત મીરા સામે હસતો હસતો જોતો રહ્યો અને મીરા દુ:ખતા ચહેરે મીત સામે જોઈને હસતી રહી. મીતે ઐતિહાસિક જૈન મંદિરોના એક પગથીયે મીરાને સૂવડાવી દીધી.

'બોલ હવે ક્યાં દૂ:ખે છે?', મીતે પૂછ્યું.
'અહીં.', મીરાએ પોતાનો હાથ પગની દૂ:ખતી જગ્યા પર લઈ જઈને કહ્યું.
મીતે એ જગ્યા પર થોડું દબાવ્યું, મીરાના મોંમાંથી ઉંહકારો નીકળી ગ્યો.

‘અરે યાર, તારો પગ મરડાઇ ગ્યો છે.’, મીત બોલ્યો.
‘ઊભી રહે હું દેવર્ષને કૉલ કરું છું. આપણે લોકો અમદાવાદ નીકળી જઈએ.’, મીતે પોતાનો ફોન કાઢતા કહ્યું.
‘રેવા દે, અહીં કવરેજ નહીં આવે.’, મીરા તણાવના એક્સપ્રેશન્સ સાથે બોલી. ત્યાં જ એક ગાઇડ બે ત્રણ ટુરિસ્ટને લઈને ત્યાંથી નીકળ્યો.
‘એક્સક્યુંઝ મી, ભાઈ.’, મીતે તરત જ સાદ પાડ્યો.
‘બોલો.’, થોડોક વૃધ્ધ અને ગામડાનો વ્યક્તિ તરત ત્યાં આવી ગયો.
‘અરે પથ્થર પરથી લપસી ગઈ તો, પગમાં મોંચ આવી ગઈ છે.’, મીત ઝડપથી બોલી ગયો.
‘લે, પગ મવડાઇ જ્યો સ, લાવ ત્યારે હમણા ચડાય દવ.’, એ એની ગામડાની ભાષામાં બોલ્યો અને મીરા પાસે બેસી ગ્યો.
‘જો બેન, દુઃખશે, પણ હમણા હારું થય જાસે. હવે બોલો ક્યાં દુઃખે સ?’, ગાઈડ ફરી બોલ્યો. મીરાએ દુઃખતી જગ્યા બતાવી. મીત મીરાનો હાથ પકડીને પાસે બેસી ગયો. ગાઈડે પગ હળવેથી પહેલા હલાવ્યો. મીરાને ઘણું દુઃખ્યું. ગાઈડે મીત સામે ઈશારો કર્યો, મીતે મીરાના બન્ને હાથ પકડી રાખ્યા અને મીરાનું માથું પોતાના ખોળામાં લઈ લીધું.

‘ઉઈઈઈઈ માં..., જેવો ગાઈડે મીરાના પગને ઝાટકો માર્યો ત્યાં મીરાના મોં માથી લિટરલી ચીસ પડી ગઈ. ત્યાં જ ફરી. ‘મમ્મીઈઈઈઈઈઈઈઈઈઈ’, ફરી બીજો ઝાટકો.
‘લાવો તમારો દુપટ્ટો.’, ગાઈડે મીરાએ પહેરેલો દુપટ્ટો માંગ્યો.
‘એ સોકરા, ઝા, હામેણથી લાકડાની પટ્ટીયુ લેતો આય.’, ગાઇડને મીતે વાંસના જાડ પાસે મોકલ્યો. જ્યાં વાસના ફાડિયા કરેલા પડ્યા હતા. મીત તરત જ દોડીને ત્યાંથી વાંસની પટ્ટીઓ લઈ આવ્યો. ગાઈડે દુપટ્ટો વીટવ્યો અને પછી વાંસની ચાર પટ્ટી મૂકી, ફરી ઉપર દુપટ્ટો વીટવ્યો.

@shahnusarnamu

‘આ ટીકડી પી લેજો, એટલે કળ ઉતરી જાહે, અને પગ સીધો રાખીને ચાલજો.’, કહીને એણે પોતાના ખિસ્સામાંથી એક મેડિસીન કાઢીને મીરાના હાથમાં આપી.
‘પાણી.’, મીરાથી ઉંહકારા સાથે બોલાઈ ગયું. તરત જ સાથેના બે ટૂરિસ્ટમાંના એકે પોતાની બોટલ મીરા સામે ધરી દીધી. મીરા દવા ખાઈ ગઈ.
‘ચાલો ત્યારે.’, કહીને પેલો ગાઈડ ચાલતો થયો.
‘અરે તમને કંઈ આપવાનુ?’, મીત ખચકાઈને બોલ્યો.
‘અરે અમને આપવાવાળો તો ઉપર બેઠો સે, તું હું આપવાનો?’, જતા જતા ગાઈડ બોલ્યો. મીતને બોલ્યા પર પસ્તાવો થ્યો.

મીતે ફરી મીરાનું માથું પોતાના ખોળામાં લીધું. એણે મીરાના માથા પર હાથ ફેરવ્યો. મીરાનું માથું થોડી જ વારમાં ગરમ થઈ ગયું હતું.
‘દુખે છે બકુ?’, મીતે ખૂબ જ નરમાઈથી પૂછ્યું.
‘હા થોડું થોડું.’, મીરાએ મીત સામે જોઈને કહ્યું.
‘હમણા મટી જશે માય બેબી.’, મીતે કાલા અવાજમાં મીરાના ચહેરા પર હાથ ફેરવતા કહ્યું. મીરા મીત સામે જોઈને હસવા લાગી. મીતને મીરાની સ્માઈલ સિવાય શું જોઈતું હતું. મીરાને બેઠું થવું હતું, મીતે મીરાને બેઠા થવામાં મદદ કરી. મીરા મીતની બાજુમાં બેઠી થઈ. સામે ઘોર જંગલ અને વહેતું ઝરણું, પાછળ ૧000 વર્ષ જૂના મંદિરનું ગર્ભગૃહ અને પ્રવેશદ્વાર વચ્ચે બેસેલા મીત અને મીરા.

મીત મીરાની આંખમાં જોઈ રહ્યો.
‘શા માટે મારી આટલી કેર કરે છે યાર?’, મીરાએ મીતની આંખોમાં આંખો નાખીને પૂછ્યું.
‘જવાબ આપવો જરૂરી છે? કારણ કે શબ્દો બધું બગાડશે.’, મીતે એટલી જ ગંભીરતાથી સ્મિત સાથે જવાબ આપ્યો. મીત ફરી એનો હાથ મીરાના ચહેરા પર લઈ ગયો.
‘યુ લૂક બ્યુટીફુલ ટુડે.’, મીત બોલ્યો. મીત એનો હાથ સરકાવતો, મીરાના ગળા પાસે એના વાળ વચ્ચે લઈ ગયો.

‘થેંક્સ માય ડિયર. બટ તને નથી લાગતું શબ્દો જરૂરી છે, કોઈ વસ્તુનું સર્જન કરવા માટે, ચણતર કરવા માટે કાચો માલ તો જોઈએ.’, મીરા બોલી.
‘મારાથી ખોખલી બિલ્ડિંગોનું સર્જન નહીં થાય.’, મીતે એ જ સ્મિત સાથે કહ્યું.
‘એઝ યુ વિશ ડિયર, બટ મારી આટલી કેર ના કર.’, મીરા બોલી.
‘બટ કેમ? કેર હું કરું છું. હવે મારે શું કરવું એ પણ તું કહીશ?’, મીતે થોડું હળવાશથી, હસતા હસતા કહ્યું. મીરા પણ હળવું હસી, બટ તરત જ થોડી ગંભીર થઈ ગઈ.
‘ના, ડાર્લિંગ, મને એવો ડર છે કે તું જેટલી મારી કેર કરીશ, એટલો તું વધારે પીડાઈશ, ભગવાન કરે એવું કંઈ ના થાય.’, મીરા થોડી ઈમોશનલ થઈ, એની આંખોએ ઠંડા વાતાવરણમાં ભીનાશ પકડી લીધી. મીતે મીરાને પોતાની બાહોંમાં જકડી લીધી.
‘હેય ડોન્ટ... થોડી પણ રડી છો ને તો પગ ઉપર જોરથી મારીશ. અને આવું બોલવાની જરૂર નથી તારે.’, મીતે મીરાને જકડીને થોડું વઢતા કહ્યું.
‘સોરી યાર.’, મીરા બોલી.
‘ફરી? એકવાર કહ્યું ને.’, મીતે ફરી થોડા ઊંચા અને ફની અવાજે કહ્યું. મીરા હળવું હસી.

મીરા અને મીતની નજર ફરી મળી. એ બન્ને ફરી એકબીજાની આંખોમાં જોતા રહ્યા. મીત પોતાનો ચહેરો ધીમે ધીમે મીરાના હોઠ તરફ લઈ જઈ રહ્યો હતો. મીરા પણ જાણે સંમોહિત થઈ ગઈ હોય એમ મીતના હોઠોની રાહ જોઈ રહી હતી. મીતના હોઠો મીરાના કમળની પાંખડી જેવા ગુલાબી હોઠોથી એક આંગળ દૂર હતા, ત્યારે જ મીરાએ વચ્ચે આંગળી મૂકી દીધી.
‘ડાર્લિંગ આઈ નીડ વર્ડ્સ.’, મીરાએ મીતની આંખોમાં જોઈને કહ્યું.
‘આઈ ડોન્ટ બિલિવ ઈન વર્ડસ ડાર્લિંગ, યુ નો.’, મીતે એ જ ગંભીરતાથી કહ્યું અને પોતાનો ચહેરો પાછો ખેંચ્યો. બન્ને બાજુમાં હોવા છતા ઘણા દૂર ચાલ્યા ગયા હોય એવું થોડીક ક્ષણો સુધી લાગ્યું.

‘હવે તો મારાથી જંગલ નહીં ફરાય. નહીં?’, મીરાએ મૌન તોડતા હસતા હસતા કહ્યું.
‘લે કેમ નહીં ફરાય? ચલ ખંધેલો થઈ જા મારા પર.’, મીતે પણ હસતા હસતા કહ્યું. ખરેખર દુનિયાની સૌથી મોટી દવા સ્મિત જ છે. એક નાનકડું સ્મિત લગભગ બધી પ્રોબ્લેમ્સ દૂર કરી દેતું હોય છે, ઘણાને એમ લાગતું હોય છે, સ્મિત કરવું તો કેટલું સહેલું હોય છે, બટ ઘણી વખાણ સ્મિત કરવા માટે પણ ખૂબ હિંમત જોઈએ.

@snehnusamanu

મીતે તો સાચે જ મીરાને પીઠ પર બેસારી લીધી. મીરા પણ હસતી હસતી મીતની પીઠ પર બેસી ગઈ. ખબર નહીં આ સંબંધને નામ શું આપવું? ફ્રેન્ડશીપ કે પછી બીજુ કંઈક? બટ, આ કંઈક અલગ જ હતું. એને લવનું નામ આપવું પણ હીનતા સિવાય બીજુ કશું ન ગણાય. એ લોકો એ જગ્યાએ જ ગયા જ્યાં બન્ને બેસેલા હતા, ઝરણા પાસે. બપોર જેવું થઈ ગયું હતું એટલે મીત કારમાં પડેલ થેપલા અને અથાણું લઈ આવ્યો.

આસપાસ થોડા પવનને કારણે વૃક્ષોના સૂકા પર્ણો ટકરાવાને કારણે ખરેરાટ ભર્યો અવાજ આવતો હતો, નીચે ખળળળળ.. ઝરણાનું મધુર અને શાંત સંગીત જે કાનોને સાંભળવું ગમે, પોળોમાં પ્રાણીઓ તો બહુ ઓછા અને પક્ષીઓ પણ, પરંતુ અમુક પક્ષીઓનો મીઠો અવાજ પણ આવતો હતો. ઝરણાને કારણે ભીના થઈ ગયેલા પથ્થર સામે પડ્યા હતા. ભલે ઠંડી હતી પણ છતાં સૂર્ય એના પર પીળો પ્રકાશ પાડે ત્યારે કોઈ પણને એને સ્પર્શી લેવાનું મન તો થઈ જ જાય. પૂરેપૂરું વાતાવરણ ખૂબ સુંદર, આહ્લાદક અને વિશ્રામ આપનારું હતું.

મીતે ગોળકેરીના અથાણામાં થેપલાના એક ટૂકડાને બોળીને મીરાના મોંમાં મૂક્યો. બન્ને એકબીજાની સામે સ્મિત કરતા રહ્યા. મીરાએ પણ થેપલાનો એક ટુકડો લીધો અને અથાણામાં બોળીને મીતના મોંમાં મૂક્યો. આવા દિવસો ઈશ્વર બહુ

ઓછા લોકોને બતાવતો હોય છે, અથવા અમુક લોકો આવા દિવસો કોઈ પણ પરિસ્થિતિમાં શોધી લેતા હોય છે. બાકી એક છોકરીનો પગ મચકોડાઈ ગયો હોય, એની સાથે કોઈક છોકરો હોય, બન્ને વચ્ચે કોઈ સંબંધ ન હોય એ છતાં બન્નેએ એકબીજાના હાથોમાં હાથ પરોવ્યા હોય, એકબીજાના હાથે બન્ને એકબીજાને શિયાળામાં થેપલા અને ગોળકેરીનું અથાણું ખવરાવી રહ્યા હોય, એ પણ કોઈ સુંદર નાના નિર્મળ પાણી લઈને જતા ઝરણાની સામે કોઈ જંગલની વચોવચ. આવી અદ્ભુત ક્ષણો બહુ ઓછા લોકોને મળતી હોય છે.

‘મીત આપણે ક્યાં જવાનું છે?’, મીરાએ થેપલાનો ટૂકડો કાપતા પૂછ્યું.
‘હોનેસ્ટલી કહું તો મને પણ ખબર નથી.’, મીતે મીરાના હાથનો કોળિયો ખાધો.
‘તો આ બધું શા માટે? જ્યારે કોઈ ડેસ્ટિનેશન જ નક્કી નથી.’, મીરાએ મીતના બીજા હાથ પર હાથ મૂક્યો.
‘જો, આ પાણી છે એને ખબર છે કે એને ક્યાં જવાનું છે? એ એનું કામ કરે છે, વહેવાનું. હવે જો એ એમ વિચારે કે મને ખબર જ નથી કે મારે ક્યાં જવાનું છે? અને જો થોભી જાય તો આવું સુંદર ઝરણું આપણે જોઈ શક્યા હોત? પાણીને નથી ખબર ડાર્લિંગ કે એના વહેવાના કારણે કેટલા કેટલા લોકોને શાંતિ મળી રહી છે.’

‘મીત તું દર વખતે આવી ફિલોસોફી કહીને મને કન્વિન્સ કરી લે છે.’, મીરાએ ખૂબ નિખાલસતાથી કહ્યું.

‘મીરા, હું કોઈ ફિલોસોફી નથી કહેતો, હું જસ્ટ એ રીતે વાત કરું છું જે રીતે હું આ દુનિયાને જોઉં છું. તું જ કે જો આ પાણી એમ વિચારીને થોભી જશે તો આવું સુંદર ઝરણું શક્ય છે? કેટલાય પ્રાણીઓની તરસ નહીં છિપાય, કેટલાય વૃક્ષોનાં થડિયા સૂકાં રહી જશે. આપણું કામ બસ સમયના પ્રવાહમાં વહેવાનું છે? તું શા માટે ડેસ્ટિનેશનનું ટેન્શન લે છે? દરેક મોમેન્ટમાં વહી જા ને.’
‘મીત વહેવા માટે પાણીને પણ કાંઠાઓના બંધનની જરૂર પડે, તારે તો કોઈ કાંઠે નથી બંધાવું.’ સાંભળીને મીત એક ક્ષણ ચૂપ થઈ ગયો. પછી મીતે મીરાના બીજા હાથને સ્પર્શ કર્યો.
‘મીરા તું જેની વાત કરે છે એને નદી કહેવાય, ઝરણાને કાંઠા ન હોય, એ તો કોઈ ઉદ્ગમમાંથી નીકળી પડે, ગમે ત્યાં વહેતું થઈ જાય અને પછી પાછળ એનો રસ્તો બનતો જાય. મીરા હું સંબંધને નામ એટલા માટે નથી આપતો કે મારે મારી જાતને સંકુચિતતાના દોરડાથી બાંધી નથી દેવી.’
‘મીત, લોકો આવા સંબંધને એમ સ્વીકારતા નથી. સાથે રહેવા માટે સંબંધના નામની જરૂર પડે જ.’, મીરાએ થેપલાનો ટૂકડો અથાણામાં બોળ્યો.
‘તો કદાચ હું સંબંધો માટે નથી બન્યો.’, મીતે આટલી સિરિયસ વાત હોવા છતાં ખૂબ જ સહજતાથી મીરાએ મીતના મોંમાં મૂકેલ થેપલું ખાધું.

‘એક વાત કહું મીરા, લીવ એવરીથિંગ એન્ડ જસ્ટ લીવ ધિઝ મોમેન્ટ.’, મીતે થેપલાનો છેલ્લો ટૂકડો મીરાના મોંમાં મૂક્યો.

‘કંઈ રીતે પણ? ઈટ્સ ટફ ફોર મી.’, બન્નેએ વહેતા પાણીમાં હાથ ધોયા અને ડબ્બો પેક કર્યો.

‘જે રીતે આ પાણી આપણા હાથનો કચરો લઈને ચાલ્યું ગયું એ રીતે, એને જરાય રંજ નથી કે એને પરવાહ નથી. એને ખબર છે હુ દરેક પળ નવીન છું. હું નિર્મળ છું.’

મીતે મીરાના બન્ને હાથ પકડ્યા, મીરા મીતના ખોળામાં નમી ગઈ.

‘તું માત્ર જો, આ સુંદર રંગહીન પાણીને, આંખો બંધ કરીને સાંભળ આ રંગહીન પાણી પણ કેટલું સુંદર સંગીત પેદા કરી રહ્યું છે.’, મીતે પોતાનો હાથ મીરાની આંખો પર ફેરવીને મીરાની આંખો બંધ કરી દીધી. મીરા ખૂબ જ શાંત થઈને આસપાસના દરેક સંગીતમય અવાજને સાંભળતી રહી અને મીત મીરાના શાંતમય ચહેરાને જોતો રહ્યો. મીત માટે તો આ શાંત ચહેરો જ બધા ભાવોના દરિયા સમાન હતો. પછી એણે પણ પોતાની આંખો બંધ કરી લીધી. કેટલીય પળો સુધી બન્ને આમ જ શાંત રહ્યા, કુદરતને પીતા રહ્યા. બન્ને સ્થાન ભૂલી ગયા અને એક અદ્ભુત રમણીય સફરે ચાલ્યા ગયા. કુદરતની સફરે. જ્યારે મીતે આંખો ખોલી ત્યારે મીરા હજુ આંખો બંધ કરીને માણી રહી હતી. મીત મીરાના વાળમાં હાથ ફેરવતો રહ્યો.

એવું નહોતું કે મીતને મીરાની ગરદન પર લગાવેલ બોડી લોશનની માદક સુગંધ ખેચતી નહોતી, પરંતુ બંધનોથી ન બંધાવા માંગતો મીત, મીરાની એક નક્કી કરેલી સીમાથી બંધાઈ ગયો હતો. અને જ્યાં સુધી આપણું શરીર છે ત્યાં સુધી આપણે પણ કોઈકને કોઈક વસ્તુ સાથે બંધાયેલા રહેશુ જ. આ શરીર રહેતા બંધનોથી મુક્ત રહેવું શક્ય નથી.

‘ઓય્ય, લવર્સ. ટ્રેકિંગ માટે નથી જવું?’, દેવકીનો પાછળથી અવાજ આવ્યો એટલે તરત જ મીરા બેઠી થઈ ગઈ.

‘અમે લવર્સ બવર્સ નથી હો, જસ્ટ બેસ્ટ ફ્રેન્ડ છીએ.’, મીરા સ્મિત સાથે બોલી. મીત એકટીસે કોઈ ભાવ વિના મીરાના ચહેરાને તાકતો રહ્યો.

‘ફ્રેન્ડ્સ છીએ.’, આ બે શબ્દ એના કાનમાં વહેતા પાણીના અવાજ સાથે પડઘાતા રહ્યા.

*

પ્રકરણ – ૫

મીરાના મોબાઈલમાં વોટ્સએપ મેસેજ આવ્યો. તરત જ મીરાએ ચેક કર્યો. 'Happy Birthday. Meera.', મેસેજ એની કોઈ ફ્રેન્ડનો હતો. કાર રીવરફ્રન્ટ તરફ આગળ વધી રહી હતી. પરંતુ આજનો દિવસ યાદોને રોકીને બેઠો હતો. મીરા આજે કોઈને બહુ જ મિસ કરી રહી હતી. કેટલીક ભૂલો તમને જિંદગીભર તડપાવતી હોય છે. મીરા એવી જ ભૂલ કરી બેસી હતી.
'આ વખતે તારો એક મેસેજ પણ નહીં?', એ સ્વગત બોલી. એની આંખો ભીની થઈ. ફરી એણે ડાયમંડ નેકલેસને પકડી લીધું.

***

'પછી વાત કરું, બાય.', સામેથી મીરાનો ઉતાવળો અવાજ આવ્યો. ફોન કટ થઇ ગયો. આજે પહેલીવાર મીતને મીરા પ્રત્યે થોડો ગુસ્સો આવ્યો હતો. મીરાએ આજે મીત સાથે બરાબર વાત પણ નહોતી કરી. આ અનયુઝુઅલ હતું. બે દિવસથી મીરા મીતને ખૂબ જ ઇગ્નોર કરી રહી હતી, એ મીત જાણતો હતો. બટ કારણ શું હતું એ કદાચ મીતને અત્યારે ખબર પડી જ્યારે મીતે ફોનમાં કોઈકના અવાજમાં જ સાંભળ્યું, 'કેમ છે?'

મીતના મનમાં કેટકેટલાંય સવાલો ચાલી રહ્યા હતા. કોણ હશે એ? મીરા એને પસંદ કરતી હશે? બન્ને વચ્ચે કંઈ હશે તો નહીં? પુરુષના સ્વભાવમાં જેલસી હોય જ છે, મીત પણ થોડો બળ્યો. એણે ખૂબ જ રેઝિસ્ટ કર્યુ કે એ મીરાને મેસેજ ન કરે બટ, એનાથી ન રહેવાયું.

'મીરા, વ્હાય યુ ડુઇંગ ધિઝ?', મીતે મેસેજ સેન્ડ કર્યો. મેસેજ ડિલીવર થયો બટ કોઈ આન્સર ન આવ્યો.
'મીરા, પ્લિઝ આન્સર યાર.', મીત એન્ક્શીયસ થઈ રહ્યો હતો. ફરી મેસેજ ડિલીવર થયો બટ સીન ન થયો.

મીતે નક્કી કર્યુ કે હવે એ એક પણ મેસેજ નહીં કરે. એ પોતાની હોસ્ટેલના ટેરેસ પર ગયો, બટ એને ચેન ન પડ્યું. એના મનમાં મીરાના વિચારો જ આવી રહ્યા હતા. ક્યારેક એને પોતાને જ ગિલ્ટ થઈ રહ્યું હતું કે એ પોતાની ફિલોસોફીમાં જ નથી અટવાઈ ગયો ને? આ સવાલ એનો પીછો નહોતો છોડતો. ક્યારેક એના મનમાંથી ઉભરો આવતો અને પોતાની અંદરથી જ અવાજ આવતો કે 'આઈ લવ યુ' કહી દવ તો મીરા એની થઈ જાય...'

પરંતુ તરત જ બીજો અવાજ પણ આવતો, ‘ઉતાવળમાં આમ કોઈ નિર્ણય ન લેવાય, આ એન્ક્ઝાઇટીની મોમેન્ટ્સ છે. જ્યારે શાંત થઈ જા ત્યારે આ વિચારજે.’ પરંતુ અત્યારે મીતનું મન તો મીરાને માંગતુ હતું, એને મીરા સાથે વાત કરવી હતી, મીરા શું કરી રહી હતી એ જાણવું હતું, મીર કોની સાથે હતી એ જાણવું હતું. મીતને ચેન ન પડ્યુ એટલે એ ટેરેસ પરથી નીચે ઉતર્યો. પરંતુ અંદર એને જરાય શાંતિ નહોતી. બસ એ શાંત છે એવું પ્રિટેન્ડ કરતો હતો.

‘ચલ લ્યા, માણેકચોક જવું છે?’, જેવો મીત ટેરેસની નીચે આવ્યો એટલે દેવર્ષે કહ્યું. બીજા ફ્રેન્ડ્સ પણ એની પાછળ આવી રહ્યા હતા. મીત પોતાના ચહેરા પર પ્લાસ્ટિક સ્માઈલ લઈ આવ્યો. જાણે એની અંદર કંઈ જ ન હોય.
‘ચલો, એમાં પૂછવાનું થોડું હોય?’, મીત ઉત્સાહમાં હોય એમ બોલ્યો.
‘ચલો ભાઈઓ, બધા પોતપોતાની બાઈક કાઢો.’, દેવર્ષે પાછળ ફરીને બધા ફ્રેન્ડ્સને કહ્યું.
‘હું ચાવી લેતો આવું.’, મીત પોતાની રૂમ તરફ ફર્યો.
‘ઓય્ય... ઊભો રે, બે બે બાઈક લેવાની શું જરૂર છે. મારી પાછળ બેસી જાને.’, દેવર્ષે મીતનો હાથ પકડીને ઊભો રાખ્યો.
‘ઓકે.’, મીતે સ્માઈલ કરીને કહ્યું.

બધાએ પોતપોતાની બાઈક બહાર કાઢી. મીત દેવર્ષની પાછળ બેસી ગયો. બધાએ બાઈક ભગાવી મૂકી.

‘બોલ, લ્યા હવે શું થયું છે?’, દેવર્ષે બાઈક ચલાવતા ચલાવતા પૂછ્યું.
‘શું? કંઈ નથી થયું હવે. મને શું થવાનુ.’, મીતે હસીને કહ્યું.
‘તારું જડબુ જોયું છે? ત્રણ વર્ષથી ઓળખું છું તને, નકલી સ્માઈલ કોને કહેવાય એ મને ખબર પડે છે.’, દેવર્ષને અંદાજો આવી ગયો હતો કે કંઈક તો થઈ ગયું હતું, અને શા માટે ન આવે? દેવર્ષ મીતનો બેસ્ટ ફ્રેન્ડ હતો. એક બેસ્ટ ફ્રેન્ડ અલગ અલગ સ્માઈલને ન સમજી શકે તો કોણ સમજે.
‘બોલ બોલ, મને ખબર છે, મીરાની જ કોઈક વાત છે.’, દેવર્ષે ફરી ઉતાવળા અવાજે કહ્યું.
‘શી ઇઝ ઇગ્નોરિંગ મી.’, મીત બોલ્યો.
‘અરે કંઈક કામમાં હશે.’
‘ના, કદાચ એની લાઈફમાં કોઈ આવ્યું છે.’, મીતે કહ્યું.
‘વોટ?’, દેવર્ષે ઝટકા સાથે કહ્યું.
‘અરે એની લાઈફમાં કોઈક આવ્યું હશે તો તને કહેશે જ ને.’, દેવર્ષે કન્ટીન્યુ કર્યુ.
‘ના એણે મને નથી કહ્યું. આજ આખો દિવસ મારા મેસેજના જવાબ નથી આપ્યા.

હમણા કૉલ કર્યો તો, કોઈ છોકરો એની સાથે વાત કરતો હતો, ત્યારે મારો કૉલ પણ કટ કરી નાખ્યો.', મીતે ચોખવટ કરી.

'જો મીત સાચું કહું? ખોટું ના લગાડતો. વાંક તો તારો પણ છે. તું જ કમિટમેન્ટથી ડરે છે.'

'યાર ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ મી.'

'જો મીતયા તું જે પણ બીલીવ કરતો હોય, તારા જે પણ વિચારો હોય, એનાથી લોકોને કાંય ફરક પડતો નથી. લોકો જે જોવે છે એ જ માને છે, સમજ્યો. જો તું તારા વિચારોમાં બીલીવ કરતો હોય અને એની સાથે જ તારે રહેવું હોય તો બધી તૈયારી રાખ.', દેવર્ષે બાઈક ધીમી પાડી. મીત કંઇ જ ના બોલ્યો એટલે દેવર્ષે આગળ ચલાવ્યું.

'અને જો તારાથી આ કંઇ સહન ન થતું હોય, જો તારે ખરેખર મીરા સાથે રહેવું હોય તો ચડાવ તારી ફિલોસોફીને અભરાઈએ, એને કસીને હગ કર અને કહી દે એના કાનમાં આઈ લવ યુ.', મીતે લગભગ એની વાત પૂરી કરી.

મીતનું મન દ્વંદમાં ફસાઈ ગયું. શું સાચું? એના વિચારો જેમાં એ માને છે, કે પછી અત્યારે જે અસંતોષ અનુભવી રહ્યો છે. એ પણ વિચારે ચડ્યો કે જો એ ખરેખર એવા વિચારોમાં માનતો હોય તો આવી એન્ક્ઝાઇટી ન હોવી જોઈએ. શા માટે આવું બની રહ્યું છે? એક તરફ એને કોઈ રિલેશન નથી બાંધવો, બીજી તરફ એને મીરાથી અલગ પણ નથી થવું.

@snehusernamu

કોને દોષ દેવો? પોતાને? મીરાને કે પછી આ સંબંધોની વ્યવસ્થા ઊભી કરવા વાળા પૂર્વજોને? પરંતુ ફરી અંદરથી એક અવાજ આવ્યો 'પ્રેમમાં ફરીયાદ ન હોય, એમાં બ્લેમિંગ ન હોય, એમાં એક્સેપ્ટન્સ હોય.'

મીત કંઇ ન બોલી શક્યો.

'અલ્યા કંઈક બોલ તો ખરો.', દેવર્ષ બાઈક ચલાવતા જ બોલ્યો.

'વિચારવું પડશે મારે.', મીત બોલ્યો.

'તો ચીલ માર, એન્જોય કરવા આવ્યા છીએ તો એન્જોય કર.', દેવર્ષ હસતા હસતા કહ્યું.

'યપ, બ્રો.', જાણે બધું ભૂલી ગયો હોય એમ મીત બોલ્યો.

બધા લોકો માણેકચોક પહોંચ્યા. બધાએ ત્યાંના ગ્વાલિયા ઢોસા અને પાઈનેપલ સેન્ડવીચ મંગાવી. બધાએ અલક મલકની વાતો કરી. દસ પંદર બોય્ઝ હતા એટલે છોકરીઓની વાતો ન આવે એવું તો બને જ નહીં. બધાએ ઘણી છોકરીઓની વાતો કરી, કોને કેટલા રેટિંગ, કોનું કોની સાથે સેટિંગ છે એવા બધા ઘણા ગપ્પા ચાલ્યા. છેલ્લે એ લોકોએ અશર્ફીની કુલ્ફી ખાધી. બધા મજાક અને મસ્તીમાં મશગુલ

થઈ ગયા હતા. બધાએ ખૂબ જ મૌજ કરી. બટ આ બધાની વચ્ચે મીતે પોતાના મોબાઈલમાં વોટ્સએપ ઓપન કરીને એકવાર મીરાને મોકલેલા મેસેજ તો જોઈ જ લીધા હતા.

મેસેજ બાર વાગે સીન થયા હતા, અને મીરા ઓનલાઈન હતી છતાં કોઈ જ જવાબ નહોતો આવ્યો. મીત બધાની સાથે હોય એવું સતત પ્રિટેન્ડ કરતો હતો, થોડું વધારે ઇન્ટેન્સીવલી પ્રિટેન્ડ કરતો હતો એટલે લગભગ કોઈને ખબર પણ ન પડી. બધા નાઈટ હેંગઆઉટ કરીને હોસ્ટેલ પહોંચ્યા.

લગભગ દોઢ વાગી ગયો હતો. મીત પોતાના બેડમાં હતો. એ હજુ જોઈ રહ્યો હતો કે મીરા ઓનલાઈન હતી. બટ એના મેસેજનો કોઈ આન્સર નહોતો આવ્યો. એણે વિચાર્યુ કે એ મીરાને મેસેજ કરીને કહે કે ‘હવે તો મેસેજનો આન્સર આપવાનો ટાઈમ પણ નથી.’ પછી એણે ફરી વિચાર્યુ કે ‘આ મેસેજનો પણ આન્સર નહીં આવે તો?’ મેસેજ કરું ન કરું એમાં ને એમાં એણે અડધી કલાક વિતાવી. એણે નક્કી કર્યુ કે મેસેજ નહીં જ કરે. બે વાગે મીરા ઓફલાઈન થઈ ગઈ.

મીત એના સીન થયેલા મેસેજ જોતો રહ્યો. એને દેવર્ષના શબ્દો વારંવાર યાદ આવતા. એ પણ વિચારતો રહ્યો કે એની પાસે બે રસ્તા છે, એવો રસ્તો પસંદ કરવાનો છે કે પછી પાછળથી ગિલ્ટી ફીલ ન થાય. પરંતુ મીતને એવું પણ લાગતું હતું કે એ કોઈ પણ રસ્તો પસંદ કરશે એને ગિલ્ટ તો રહી જ જવાની છે.

જો એના વિચારોને પસંદ કરશે તો ‘મીરાની સાથે રહેવાનો મોકો હતો.’ એ ગિલ્ટ અને જો એ મીરા સાથે રહેશે તો ‘પોતે જ પોતાના વિચારોને ફોલો ના કરી શક્યો’ એ દંભી પણાની ગિલ્ટ. આ જ વિચારોમાં એ મોડે સુધી આમથી તેમ પડખા ફરતો રહ્યો. એના શરીરના કોઈ રૂવાંટા પર ચેન નહોતો અને એની પાસે અત્યારે પડખા ભરવા સિવાય કોઈ દવા નહોતી.

***

‘Good Morning ’, વિશાલે ઉઠતાની સાથે જ મીરાને મેસેજ કર્યો.
‘Very Good Morning Ji’, મીરાનો તરત જ જવાબ આવ્યો. વિશાલે જવાબમાં સ્માઈલી મોકલી.
‘આપ આજ જલદી હી ઉઠ ગયે’, ફરી મીરાનો મેસેજ આવ્યો.
‘નીંદ ઉડ ગઈ થી આજ.’, વિશાલે મેસેજ સેન્ડ કર્યો, એ હજુ સોફા પર જ પડ્યો હતો.
‘મેં તો અભી બેડ મેં હી હું, ક્યોં નીંદ ઉડ ગઈ થી?’, મીરાનો થોડી વાર રહીને મેસેજ આવ્યો.

‘દાદા, ખુશાલને જગાડવા આવ્યા હતા.’, વિશાલના ભાણીયા ખુશાલની સ્કૂલ સવારની હતી એટલે એને જગાડવા માટે આવ્યા હતા. મેસેજ મોકલ્યો ત્યાં જ મીરા ફ્લેટના ડૉર પાસે આવી અને પેપરવાળા સાથે ઝઘડવા લાગી.
‘ક્યોં, પેપર નહીં આયા?’, વિશાલે ઝઘડાનું કારણ પૂછવા મેસેજ કર્યો.
‘આયા હૈ, બટ આજ દો પેપર આતે હૈ, વો એક હી લાયા હૈ સો.’, મીરાનો મેસેજ આવ્યો.
‘ઓકે, ચલો ઉઠ રહા હું, આજ બહોત કામ હૈ, ઘર પે રેહ કે હી કરનેવાલા હું.’, વિશાલે લાંબો લચક મેસેજ ટાઈપ કરીને મોકલ્યો.
‘ઓકે, મે ભી ફ્રેશ હો જાતી હું.’, મીરા એના ઘરમાં ચાલી ગઈ.

વિશાલ નહાવા ગયો એ દરમ્યાન મીરાએ ગેલેરીની સાફ સફાઇ કરી, પાણી નીચેના માળ પર ગયું તો નીચેવાળા આંટી મીરા સાથે ઝઘડવા લાગ્યા. વિશાલના બાથરૂમમાં મીરાના ઝઘડાનો અવાજ સંભળાતો હતો. વિશાલ નહાતો નહાતો હસી રહ્યો હતો.

વિશાલ બહુ જ ક્લિઅર છોકરો હતો, એને મીરા તરફ પ્યોર ફિઝિકલ અટ્રેક્શન હતું. કોઈ ઈમોશનલ ફિલિંગ્સ હજુ એને નહોતી. એ ઈમોશનલ રિલેશનમાં પડવા પણ નહોતો માંગતો, જેટલો એ ક્લિઅર હતો એટલી જ એનામાં બીજાને એના વિચારોને સમજાવવાની સ્ટ્રેન્થ હતી. મીરા દેખાવે સુંદર હતી, હોટ પણ. એને પૂરેપૂરી ખબર હતી કે આગળ શું થવાનુ છે. એટલે જ એ આ બધું કેઝ્યુઅલી લઈ રહ્યો હતો. બટ ખરેખર એને નહોતી ખબર કે ઉપરવાળો એની વાર્તા કંઈક અલગ જ રીતે લખી રહ્યો છે.

@shehnusarnamu

‘બહુ નહાયા તમે તો.’, નાહીને બહાર આવ્યો એટલે જ વિશાલે મીરાનો આવેલો મેસેજ વાંચ્યો.
‘એની પ્રોબ્લેમ? તારી જેમ ખાલી મોઢું ધોવાની આદત નથી.’, વિશાલે ફ્લર્ટ કરતો મેસેજ કર્યો.
‘હું પણ નાહુ છું હો, એવું ના બોલો.’, સાથે બે સેડ સ્માઈલી આવી.
‘હેય વોટ હેપ્પન્ડ ડિયર?’, વિશાલે કેર કરતો હોય એવું પ્રિટેન્ડ કર્યુ.
‘નથિંગ, ક્યા પ્લાન હૈ આજ કા?’, મીરાનો મેસેજ આવ્યો.
‘યાર, આજે બહુ જ કામ છે. અને સાંજે ચાર વાગ્યે બહાર જવાનુ છે.’, વિશાલે મેસેજ કર્યો.
‘ઓહ્કે.’, મીરાનો ટૂંકો મેસેજ આવ્યો જાણે ભાવ ખાતી હોય.
‘ઓહ્કે, હેવ ટુ વર્ક, ટોક ટુ યુ લેટર.’, વિશાલે પણ મેસેજ કર્યો. વિશાલને કોઈ સ્ટ્રોંગ અફેક્શન નહોતું. જો મીરા સાથે આગળ વધાય તો ઠીક નહીં તો ‘ઇટ્સ

પરફેક્ટલી ઓકે’

જાણે એક જ ક્ષણમાં કોઈ સાથે વાત ન થઇ હોય એ રીતે વિશાલ પોતાના કામમાં પરોવાઈ ગયો. એ પોતાની ડાયરી સાથે એક સ્ક્રીપ્ટ પર કામ કરી રહ્યો હતો. એ પોતાનું લેપટોપ લઈને કામમાં ડૂબી ગયો હતો. સાડા દસ વાગે શરુ કરેલું કામ બાર વાગ્યા છતા પૂરું નહોતું થયું. બધો જ સમય જાણે એના હાથમાં જ હોય. એને સમયની પડી જ નહોતી. એ જમીને તરત જ પોતાના કામમાં પરોવાઈ ગયો.

બટ બીજી તરફ મીરાની બેચેની વધતી જ જતી હતી. એને વારંવાર એક જ વિચાર આવતો હતો. શા માટે વિશાલ એના તરત અટ્રેક્ટેડ નથી. નો ડાઉટ મીરાને એના રૂપનું થોડું અભિમાન તો હતું જ. અત્યાર સુધી એને કેટલાય છોકરાઓએ પ્રપોઝ કર્યુ હતું બટ મીરા એક ઝાટકે બધાને રિજેક્ટ કરી નાખતી. બટ વિશાલ તો એટલો હેન્ડસમ પણ નહોતો, આ થોડો રફ સ્ટાઈલવાળો છોકરો હતો, બટ છતા પોતાથી આટલો દૂર શા માટે ભાગતો હતો.

આજે બપોરે પણ વિચારોને વિચારોમાં એને ખાવું ન ભાવ્યું. મીતના મેસેજ આવ્યા હતા, ‘બકુ જમી કે નહીં?’ બટ મીરાએ મીતને ઈગ્નોર જ કર્યો. મીરાના મગજમાં વિશાલનું ભૂત વળગી ચૂક્યું હતું. જમીને એ આડી પડી, બટ વિશાલ શું કરતો હશે એના વિચારો એને આવતા હતા. છેલ્લે એનાથી ન રહેવાયું, એણે પોતોનો સવારે પાડેલો શોર્ટ કેપ્રી અને શોર્ટ જિન્સવાળો ફોટો વિશાલને મોકલ્યો.

‘લુકિંગ ગોર્જિયસ.’, વિશાલનો તરત જ મેસેજ આવ્યો.
‘થેંક્સ યાર.’, મીરાએ મેસેજ કર્યો અને સ્માઇલીઝ સેન્ડ કરી.
‘ફ્રેશ એન્ડ હોટ, બ્યુટીફૂલ’, સાથે આંખો મારતી સ્માઇલીઝ સાથે વિશાલનો મેસેજ આવ્યો.
‘વોટ?’, સાથે આંખો ફાડેલી સ્માઈલી મોકલી.
‘જસ્ટ લુકિંગ ફેબ્યુલસ, એઝ સિમ્પલ એઝ.’, વિશાલનો સીધો સાદો મેસેજ આવ્યો.
‘ઓય ચને કે ઝાડ પે મત ચડાઓ, જૂઠ બોલને કી એક લિમિટ હોતી હૈ.’, મીરાએ તરત જ લાંબો મેસેજ કર્યો.
‘નો લાઇ, જસ્ટ ફેક્ટ.’, વિશાલનો સ્માઇલી સાથેનો મેસેજ આવ્યો.
‘ઓકે ધેન આઈ એક્સેપ્ટ ઇટ.’, મીરાએ પણ મેસેજ કર્યો.
‘ટોક વિથ યુ લેટર હેવ ટુ વર્ક ડિયર.’, વિશાલનો મેસેજ વાંચીને ફરી મીરાને થોડું ખરાબ લાગ્યું.
મીરા પોતાના બેડમાં જ આડી પડી અને આંખો બંધ કરીને વિચારવા લાગી. ‘શું એ વધારે ભાવ આપી રહી હતી?’ એવો એક વિચાર આવ્યો. કદાચ હા. આખરે

એણે ફેંસલો કર્યો કે વિશાલ કે બચ્ચે કા કુછ કરના હી પડેગા.

પોણા ત્રણ વાગ્યા હતા. વિશાલ એની સ્ક્રીપ્ટના કામમાં ડૂબેલો હતો. ત્યારે જ એણે ફરી કપડા બદલેલ મીરાને નીચે જતા જોઇ. મીરાએ લુઝ સિલ્કી ગોઠણ ઉપર સુધીની કેપ્રી પહેરી હતી, અને ઉપર સ્લીવ લેસ લૂઝ બ્લેક ટોપ પહેર્યુ હતું. મીરા જ્યારે લિફ્ટ તરફ જઈ રહી હતી ત્યારે વિશાલે મીરાનો બેક જોયો અને એના બેક પરનો એક કાળો તલ પણ. વિશાલ જોઈને થોડો અનકમ્ફર્ટેબલ થઇ ગયો. મીરા જે કરવા માંગતી હતી એ થોડું કામ કરી રહ્યું હતું.

‘ક્યાં ગઇ હશે?’, વિશાલના મનમાં પ્રશ્ન ઉઠ્યો. મીરાનો ખુલ્લો ગોરો તલવાળો બેક કામ કરવા લાગ્યો હતો. અહીં આવ્યા પછી વિશાલના મનમાં તરંગો ઊભી થઇ ગઇ. એને મીરાને મેસેજ કરીને પૂછી લેવાનુ મન પણ થયું, વિશાલ કોઇ ઢોળ ચડાવવાવાળો માણસ નહોતો, એણે તરત મેસેજ પણ કર્યો.

‘કહા?’, મેસેજ ડિલીવર થયો બટ કોઈ આન્સર ન આવ્યો. થોડીવાર પછી મેસેજ ડિલીવર પણ થયો બટ આન્સર ન આવ્યો. વિશાલ થોડો ઈરીટેટ થયો. વિશાલ ફરી પોતાના કામમાં લાગી ગયો.
‘ક્યા કર રહે હો?’, મીરાનો થોડી વાર પછી મેસેજ આવ્યો. મીરાને ઉપર આવતા જોઈ હતી.

‘નેટ ક્યોં નહીં હૈ? આપકા કામ હો ગયા?’, મીરાના મેસેજની લાઈન લાગી.
‘બસ થોડા બાકી હૈ. કવરેજ પ્રોબ્લેમ.’, વિશાલે મેસેજ કર્યો.
‘ક્યા?’, મીરાનો મેસેજ આવ્યો.
‘પૂછ રહા હું કે, કહાં ગયે થે?’, વિશાલે ફટાફટ મેસેજ ટાઇપ કર્યો અને પોતાનું લેપટોપ પેક કર્યુ.
‘મેં નીચે કમ્પ્લેઇન કરને ગઇ થી.’, મીરાનો તરત જ મેસેજ આવ્યો. બન્ને સામસામે મોબાઇલ લઈને મંડી પડ્યા હતા.
‘ક્યોં? કિસકી?’
‘અરે બારિશ પે ઘર મેં ભેજ આતા હૈ. તો ઉસકી.’,
‘ફિર ક્યા કહા? વો ઠીક કર દેતે હૈ?’
‘હા નહીં કરે તો ક્યાં જશે? હું જાવ એટલે એને શું એના બાપને પણ આવવું પડે.’, આ મેસેજ વાંચીને વિશાલને થોડું આશ્ચર્ય પણ થયું. ટફ ગર્લની ઈમેજ મીરા બનાવી રહી હતી કે એ હતી જ. પણ વિશાલે પણ મનમાં નક્કી કર્યુ કે મીરાનો ઈગો તો ઓગાળવો જ પડશે.
‘બહાર જા રહે હો?’, વિશાલે ટોપિક ચેન્જ કર્યો.
‘નહીં ક્યોં?’,

‘લુકિંગ રેડી.’, મીરાએ ઘણી બધી સ્માઇલીઝ મોકલી.

‘વૈસે આજ મૌસમ બહોત અચ્છા હૈ.’, મીરાનો આંખ મારતી હોય એવો મેસેજ આવ્યો. વિશાલને આ મેસેજને ઇન્ટરપ્રેટ કરવામાં ઘણી તકલીફ પડી. પછી એણે આ મેસેજ વિશે વધારે ન વિચારવાનું નક્કી કર્યુ.

‘મેં તો બહાર નહીં નિકલા કૈસે પતા ચલે?’

‘ખિડકે સે બહાર દેખો. બારિશ આને વાલી હૈ. એન્ડ આઈ લાઈક ધેટ..’

‘આઈ ઓલ્સો લાઈક, ઇટ ફિલ્સ ગુડ.’ મીરાએ જવાબમાં માત્ર આંખ મારતી સ્માઇલી મોકલી.

‘હાહા, પેપરમાં આજે ફોરકાસ્ટ હતું.’, બીજો મેસેજ ન આવ્યો એટલે વિશાલે જ મેસેજ કર્યો.

‘રીઅલી? ના હોય, તમે બહુ ફેંકો છો યાર, Ph.D in Feckology’, ખડખડાટ હસતી હોય એવી સ્માઇલી સાથે મીરાનો મેસેજ આવ્યો. વિશાલ તો આવી રીતે જ વાત કરવાવાળો માણસ હતો. ખરેખર એ કુદરતને માણતો.

‘ફેકોલોજીમાં પી.એચ.ડી ? હાઉ?’ વિશાલે જવાબ માંગ્યો.

‘ફરગેટ ઇટ.’ એનો મેસેજ આવ્યો.

‘કામ ખતમ હુઆ?’, તરત જ મીરાનો બીજો મેસેજ આવ્યો.

‘નહીં ખતમ તો નહીં હુઆ બટ અબ બહાર જાના હૈ.’,

‘ઓહ્કે, એક સવાલ પુછું?’, મીરાનો મેસેજ આવ્યો.

‘સ્યોર,’, વિશાલ વાટ જોવા લાગ્યો કે શું સવાલ પૂછશે.

‘આપ રોજ કહાં જાતે હૈ?’, વિશાલ માટે આ નોર્મલ સવાલ હતો.

‘સોરી યાર થોડા પર્સનલ હો ગયા.’, વિશાલ જવાબ આપે એ પહેલા જ મીરાનો સેડ સ્માઇલી સાથે મેસેજ આવ્યો.

‘નો પ્રોબ્લેમ, ઇટ્સ ઓકે.’

‘સોરી બેબી.’, મીરાનો ફરી સ્માઇલીઝ સાથેનો મેસેજ આવ્યો.

‘આઈ હેવ મિટિંગ વિથ માય ફ્રેન્ડ્સ, પૈસે તો કમાને પડેંગે ના.’, વિશાલે ફટાફટ મેસેજ ટાઈપ કર્યો.

‘આઈ એમ સો સોરી અગેઇન, મુજે ઐસા નહીં કહના ચાહિએ થા.’, મીરાનો ફરી મેસેજ આવ્યો.

‘હેય ડિયર, ઇટ્સ પરફેક્ટલી ફાઇન. ઇટ્સ ઓકે.’, વિશાલે એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

‘પતા નહીં આપ ક્યાં સોચેંગે?’, મીરાનો ફરી એવો જ ઇમોશનલ મેસેજ આવ્યો.

‘આઈ ડોન્ટ માઇન્ડ, યુ કેન આસ્ક, ડોન્ટ વરી નાઉ સ્માઇલ.’, વિશાલે સ્માઇલ સાથે મેસેજ કર્યો.

‘પ્લિઝ ફરગિવ મી, મેં ઐસા નહીં પૂછુંગી, મુજે નહીં પુછના ચાહિએ થા.’, ફરી

મીરાનો મેસેજ આવ્યો.

‘હુ ધ હેલ આઈ હુ વિલ ફરગિવ.’, વિશાલે જે ફીલ કરતો હતો એ જ મેસેજ કર્યો.

મીરાના રડવાની સ્માઇલી વાળા મેસેજ આવ્યા.

‘આઈ ફીલ વેરી નેગેટિવ એન્ડ સેડ.’, પછી મીરાનો મેસેજ આવ્યો.

‘હેય ડોન્ટ ફીલ ગિલ્ટી, ઇટ્સ ઓકે.’

‘નહીં જો મેરી ગલતી હૈ, વો મેરી ગલતી હૈ હી. મેં ઐસા નહીં પૂછ સકતી આપકો.’, મીરાએ મેસેજ કર્યો.

‘ડોન્ટ વરી યાર, ગિવ મી બિગ સ્માઈલ. મુજે નીકલના હૈ.’, વિશાલે તૈયાર થતા થતા મેસેજ કર્યો.

‘ઐસે કૈસે સ્માઈલ આયેગી યાર.’, મીરાનો સેડ સ્માઇલીવાળો મેસેજ આવ્યો.

‘પાંચ મિનિટ મેં બહાર આના. મેં નિકલ રહા હું... મેં તું મ્હારે ચહેરે પે સ્માઈલ લા દુંગા.’, વિશાલે મેસેજ કર્યો.

‘મેરા દરવાજા ખુલા હૈ, મેં વહી બેડ પર હું’, મીરાનો મેસેજ આવ્યો. વિશાલ તો આ મેસેજ વાંચીને ઘણો આગળ વધી ગયો હતો.

‘બસ થોડી દેર બેબી, આઈ ફરગોટ સમ વર્ક. થોડી વારમાં મેસેજ કરું.’, વિશાલ લેપટોપમાંથી પેનડ્રાઇવમાં કંઈક કોપી કરવાનું ભૂલી ગયો હતો. સો એણે લેપટોપ શરુ કર્યુ અને કૉપી કરવાનું શરુ કર્યું.

‘આપ નીકલો તબ મિસકૉલ કરના, મેસેજ સુનાઈ નહીં, દેંગા. મેં સો રહી હું. દરવાજા ખૂલા હૈ.’, મીરાનો આ મેસેજ પણ ઘણું કહેવા માંગતો હતો. અને મીરાને જ ખબર હતી, એ શું કરી રહી છે.

‘ઓકે ડિયર...’, વિશાલે મેસેજ કર્યો.

‘મેં જા રહા હું, બહાર આઓંગે?’, વિશાલનુ કામ પૂરું થયું એટલે એણે તરત જ મીરાને મેસેજ કર્યો.

‘આપ અંદર નહીં આઓગે? મુજે ઉઠાને?’, મીરાનો મેસેજ આવ્યો.

‘આપકી મમ્મી હૈ ના...?’, વિશાલની ધડકનો તેજ થઈ ગઈ. આટલી સ્પીડમાં કંઈ છોકરી આગળ વધી શકે?

‘વો અંદર સો રહે હૈ, ઔર વૈસે ભી વો આપકો કુછ નહીં કહેતે, માય મોમ ઈઝ વેરી સ્વીટ.’

‘બટ વો સાલા ખુશાલ, દેખેંગે તો સબકો બોલેંગે.’, વિશાલે થોડો ભાવ ખાઇને મેસેજ કર્યો.

‘હો સકે તો આના, નહીં તો ચલેગા.’, મીરાનો મેસેજ આવ્યો.

‘ચલો આતા હું થોડી દેર મેં.’, મેસેજ કરતી વખતે વિશાલના શરીરમાં એક્સાઇટમેન્ટ ભરી હતી. આવી રીતે વિશાલને પહેલીવાર કોઈએ ઇન્વિટેશન

આપ્યું હતું.

વિશાલની બહેન બીજી રૂમમાં ઊંઘી રહી હતી. એનો ભાણીયો જાગી રહ્યો હતો. બટ વિશાલને નહોતી ખબર કે મીરાને મળવાનો આવો મોકો બીજી વાર મળશે કે નહીં મળે. વિશાલે ક્યારનુંય નક્કી કરી લીધું હતું કે એ મીરાના ઘરમાં જશે. એ તૈયાર થઈ ગયો. વાળ ઓળ્યા. બોડી સ્પ્રે છાંટ્યો અને પોતાના ઘરના બારણામાંથી બહાર નીકળીને મીરાના ઘરમાં એન્ટર થયો. મીરા બેડ પર માથું નમાવીને બેસી હતી. એની આંખોમાં ઉદાસી હતી.

***

પ્રકરણ – ૬

કાર ધીમી સ્પીડે જઈ રહી હતી. સૂર્યએ વિદાય લઈને રાતને અંધારું વેરવાની પરમિશન આપી દીધી હતી. મીરા કારના કાચની બહાર રોડની પીળી લાઈટોના પ્રકાશને જોઈ રહી હતી. જેમ કાર આગળ જઈ રહી હતી એમ દુનિયા પાછળ જઈ રહી હતી. પરંતુ એનો સમય કેમ થંભી ગયો હતો? એની સામે આજે કેમ બધું ફ્લેશબેક આવી રહ્યું હતું? એનુ માથું ધીરે ધીરે દુ:ખવાનું શરુ કર્યુ હતું. એણે પોતાના પર્સમાંથી સિગરેટ કાઢી.

‘ચાચા, એ.સી બંધ કરોને.’, એણે પોતાની બારીનો કાચ નીચો કર્યો અને સિગરેટ સળગાવી. એણે એક ઊંડો કશ માર્યો, હવાના દબાણના લીધે કારમાં ધુમાડો ઘુમરાવા લાગ્યો. એને થોડી રાહત થઈ. ફરી એક ઊંડો કશ અને ફરી ધૂમાડો જ ધૂમાડો.

***

‘હેય શું થયું?’, વિશાલે મીરાનો ચહેરો ઉંચો કરીને પૂછ્યું.
‘આઈ એમ સોરી. મારે તમને પર્સનલ વાતો નહોતી પૂછવી જોઈતી.’, મીરાએ થોડી ઉદાસી બતાવતા કહ્યું.
‘ઇટ્સ ઓકે. આઈ ડોન્ટ માઇન્ડ.’
‘આઈમ ફિલિંગ ગિલ્ટી.’, મીરા થોડી વધારે જ ઉદાસ થઈ રહી હતી. વિશાલને

એમ લાગી રહ્યું હતું કે આ સિમ્પથી મેળવવા માટે કરી રહી હતી.

‘ગિવ મી હગ. આઈ એમ હીઅર ફોર યુ.’, વિશાલે પોતાના હાથ ફેલાવ્યા. મીરા બેડ પરથી નીચે ઉતરી.

‘આઈ એમ સોરી.’, મીરા ફરી બોલી. વિશાલે મીરાને એની બાહોંમાં જકડી. પરંતુ વિશાલ ખૂબ ક્લિઅર હતો. એના મનમાં કોઈ જ ઈમોશનલ અટેચમેન્ટ નહોતું. એને એમ જ હતું કે મીરા એક બ્રોડ માઈન્ડેડ છોકરી છે અને શી વોન્ટ્સ અ ફન. આ બધું જ ખૂબ ફાસ્ટ થઈ રહ્યું હતું. વિશાલ માટે પણ આટલું ફાસ્ટ પહેલીવાર હતું. વિશાલે હગ કરતી વખતે જ મીરાની ગરદન પર એક કિસ કરી. મીરાએ કોઈ રિસ્પોન્સ ન આપ્યો. વિશાલ પોતાના હોઠ મીરાના હોઠ પાસે લઈ ગયો. પરંતુ મીરાએ પોતાનો ચહેરો ખસેડી લીધો.

‘યુ આર નોટ બિઈંગ સપોર્ટિવ.’, વિશાલે કહ્યું. મીરા વિશાલની આટલી સ્પીડથી આશ્ચર્ય ચકિત હતી. અત્યાર સુધી કોઈ છોકરો ત્રણ દિવસમાં મીરાની હગ સુધી નહોતો પહોંચ્યો, હોઠ તો બહુ દૂરની વાત છે. વિશાલ ફરી એના હોઠ મીરાના હોઠ પર લઈ ગયો.

‘અત્યારે નહીં.’, મીરા એનો ચહેરો ખસેડતા બોલી.

‘ઓકે. નો પ્રોબ્લેમ.’, વિશાલે ફરી હગ કરી.

‘હું તો અહીં પાંચ દિવસ જ છું. પછી હું કદાચ તારી સાથે વાત પણ નહીં કરી શકુ. હું બિઝી હોઈશ. ત્યારે?’, વિશાલ બોલ્યો.

‘એવું કેમ બોલો છો તમે?’, મીરાએ થોડું ઉદાસ થઈને કહ્યું.

‘ધિઝ ઇઝ ફેક્ટ યાર. હું વધારે ટાઈમ નહીં આપી શકુ.’, વિશાલે કહ્યું. મીરાના મનમાં એક જ વિચાર હતો એવું તે શું છે આ છોકરામાં કે મારી જેવી છોકરીને આ ઈગ્નોર કરે છે.

‘એવું ના બોલો પ્લિઝ.’, મીરાએ કહ્યું.

‘ઓકે. ચાલ મારે જવું પડશે. મારે એક મિટિંગ છે.’

‘ક્યારે આવશો તમે?’, મીરાએ પૂછ્યું.

‘૮ વાગે.’

‘તમે નીચે આવો ત્યારે કૉલ કરજો. હું નીચે આવીશ.’, મીરાએ કહ્યું.

‘ઓકે સ્યોર.’

‘તમે કેવી રીતે જઈ રહ્યા છો?’

‘વિશાખાનું એક્ટિવા. મારી બાઈક સર્વિસમાં છે.’, વિશાલે જવાબ આપ્યો.

‘જલદી આવજો.’, ફાયનલી મીરા પ્રેમમાં પડી ચૂકી હતી.

‘બાય.’, વિશાલે એની મોહક સ્માઈલ સાથે કહ્યું.

‘બાય.’, મીરાએ પણ સ્માઈલ સાથે કહ્યું. વિશાલે લિફ્ટનો દરવાજો ખોલ્યો અને

ગ્રાઉન્ડફ્લોરનું બટન દબાવ્યું.

***

એ રાત વિશાલ અને મીરા બન્ને માટે ઉત્તેજક હતી. વિશાલ નીચે આવ્યો એટલે એણે મીરાને કૉલ કર્યો. એ નીચે આવી. વિશાલે મીરાને પોતાનું સ્કૂટર ચલાવવા આપ્યું. વિશાલ પાછળ બેસ્યો.

‘મીરા હું તને કંઈક કહેવા માંગુ છું.’

‘બોલો’, એણે એના મીઠા કાલા અવાજમાં કહ્યું,

‘યુ આર સોફ્ટ એન્ડ બ્યુટીફૂલ.’, વિશાલના હાથ મીરાના ખુલ્લા ખભા પર હતા.

‘આઈ નો. થેંક્સ ફોર યોર કોમ્પ્લિમેન્ટ’, મીરાએ થોડી સ્માઈલ સાથે કહ્યું. વિશાલે મીરાના ખભા પર હળવેથી એક ચુમ્મી ભરી. મીરાના બદનમાં ધ્રુજારી પસાર થઈ ગઈ. એના રૂવાંટા ઉભા થઈ ગયા.

‘તમને નથી લાગતું આ આ બધું બહુ જલદી થઈ રહ્યું છે?’, મીરાએ ધીમી સ્પીડે સ્કૂટર ચલાવતા કહ્યું.

‘આઈ કાન્ટ અન્ડરસ્ટેન્ડ.’, વિશાલે પોતાના હાથ મીરાની કમર પર વીંટાળતા કહ્યું.

‘તમારા માટે તો આ બધું નોર્મલ હશે ને?’, મીરાએ ખૂબ જ મૃદુતાથી પૂછ્યું.

‘મારી સાથે આ બધું પહેલીવાર થઈ રહ્યું છે.’, વિશાલે પાછળથી મીરાની ગરદન પર હોઠનો સ્પર્શ કરાવ્યો.

‘પ્લિઝ... ગલીપચી થાય છે. ચલાવવામાં ફોકસ નહીં રહે.’, મીરાએ હસતા હસતા કહ્યું. પરંતુ ફોકસ તો વિશાલ ગુમાવી રહ્યો હતો.

‘રીંગરોડ તરફ લઈ લે.’, વિશાલે કહ્યું. મીરાએ કોઈ જ સવાલ ન કર્યો. ત્યાંજ મીરાના મોબાઈલમાં કોઈનો કૉલ આવ્યો.

‘હું તને પછી કૉલ કરું, મૂક અત્યારે.’, એણે ખૂબ રૂડલી વાત કરીને ફોન કટ કરી નાખ્યો. ફોન પર વાત કરતા કરતા સ્કૂટર પરનું બેલેન્સ ન રહ્યું એટલે વિશાલે સંભાળ્યું.

‘બોયફ્રેન્ડ?’, વિશાલે પૂછ્યું.

‘ના ફ્રેન્ડ હતો.’, મીરાએ ફરી સ્કૂટર સંભાળતા કહ્યું. ફરી સ્કૂટર ચાલતું થયું.

‘મીરા જો હું બહુ ક્રિસ્ટલ ક્લિઅર છું. હું કોઈ ઈમોશનલ રિલેશનમાં પડવા નથી માંગતો.’, મીરાને થોડો ઝટકો લાગ્યો.

‘તમે એવું કેમ બોલો છો? પ્લિઝ.’, મીરા બોલી. માણસનું મગજ ખૂબ ચાલાક છે. વિશાલ તો એમ જ વિચારી રહ્યો હતો કે મીરા આવું બધી વાતો કરીને રોમેન્ટિક મૂડ નથી બગાડવા માંગતી. પરંતુ વિશાલ પણ બધું ક્લિઅર કરીને જ આગળ વધવા માંગતો હતો.

‘જો મીરા હું નથી ચાહતો કે પછી આપણને બન્નેને હર્ટ થાય. ઈટ્સ જસ્ટ અ ફિઝિકલ અટ્રેક્શન એન્ડ ઈટ્સ ફાઈન. યુ આર સેક્સી હોટ. એન્ડ ધિઝ પરફ્યુમ

ઇઝ મેકિંગ મી મેડ.’, વિશાલ બોલ્યો. મીરા માત્ર થોડુંક સ્મિત કરતી રહી.

‘બટ તમે એવું બધું ના વિચારો.’, મીરા કદાચ “ગો વીધ દ ફ્લો” એવું કહેવા માંગતી હતી. અથવા તો વિશાલ એવું સમજી રહ્યો હતો.

‘બટ આઈ ડોન્ટ વોન્ટ ઈમોશનલ બુલશીટ. મને ખબર છે કેવું હર્ટ થાય છે પછી. એટલે તું પણ આ બધું ના વિચાર. લેટ્સ હેવ બ્યુટીફુલ મોમેન્ટ્સ ટુગેધર.’, વિશાલ બોલ્યો અને એણે ખૂબ જ કોમળતાથી મીરાની સુગંધિત ગરદન પર કિસ કરી. સ્કૂટર સૂમસામ રીંગરોડ પર આવીને ઊભું રહી ગયું. સામે ખુલ્લા ખેતરો હતા અને આ તરફ સૂમસામ રોડ. એકાંત જે કોઈ પણ પ્રેમી ચાહતા હોય છે.

‘આ સુંગધ મને મારી નાખશે.’, વિશાલ મીરાના કાન પર બટકું ભર્યુ અને ફરી ગરદન પર કિસ કરી. બન્ને બાઈકના ટેકે ઉભા રહ્યા.

‘વ્હાય આર યુ સો સોફ્ટ?’, વિશાલે ફરી ગરદન પાસે હળવી ચુમ્મી કરતા કહ્યું.

‘હું આવી જ છું.’, મીરાએ હસતા હસતા કહ્યું. વિશાલ એના હોઠ મીરાના હોઠ પાસે લઈ ગયો. પરંતુ મીરાએ એનો ચહેરો ખસેડી લીધો.

‘વ્હાય?’, વિશાલે મીરાની આંખમાં જોયું.

‘મારી આંખોમાં ના જોવો. તમને લવ થઈ જશે.’, વિશાલે થોભતા કહ્યું.

‘શું પ્રોબ્લેમ છે? વ્હાય આર યુ નોટ સપોર્ટિંગ?’, વિશાલે એનો સવાલ શરુ રાખ્યો.

‘આ એ પ્લેસ કે ટાઈમ નથી.’, એણે ખૂબ જ સોફ્ટલી કહ્યું.

@snehpusarnamu

‘આઈ નેવર કિસ્ડ એનીવન.’, વિશાલે મીરાની આંખોમાં જોઈને કહ્યું.

‘ખોટુ શા માટે બોલો છો.’, મીરાએ હસીને કહ્યું.

‘માનવું ન માનવું તારી ઇચ્છા. બટ આજ ટ્રુથ છે.’, વિશાલે ખૂબ સિરિયસ થઈને કહ્યું. બન્નેએ એકબીજાની આંખોમાં જોયું. વિશાલે મીરાને પોતાની પકડમાં લઇ લીધી. એણે એના હાથ મીરાના બેક પર ભીંસી દીધા. વિશાલ ખૂબ સોફ્ટલી મીરાની ગરદન પર ચુમવા લાગ્યો. મીરા એ પળોને માણતી રહી.

‘આઈ વોન્ટ ટુ લુક એટ યોર બેલે બટન.’, વિશાલે થોડું હસીને કહ્યું.

‘વોટ?’

‘મને ખબર છે ત્યાં તલ છે. આઈ વોન્ટ અ કિસ ધેર.’, મીરા આ સાંભળીને હસી રહી હતી. એને ખબર હતી આગળ શું થવાનું હતું. તમે નશો કરવાનું શરુ કરો એટલે ધીરે ધીરે એનું એડિક્શન થઇ જતું હોય છે. સ્ત્રીથી વધારે મોટો નશો આ દુનિયામાં કોઈ જ નથી. ફરી વિશાલે મીરાની ગરદન પર ગરમ ચુંબન કર્યુ. સમય ઝડપી બની ગયો હતો, શ્વાસો જડપી બની ગયા હતા અને દિલની ધડકન પણ. બન્ને એવી પળોમાં ડૂબી ગયા હતા જ્યાં સુખ સિવાય કંઈ જ નથી હોતું. ગોરા પેટ વચ્ચે એક સુંદર નાભિ. જેમ સૂર્યની આસપાસ પૃથ્વીની સ્થિતી હોય એમ નાભિની ભરતે એક મોટો કાળો તલ હતો. વિશાલ બે ઘડી એને જોઈ રહ્યો. એના હાથ ધ્રૂજી રહ્યા

હતા. એની ધડકનો તેજ હતી. એ પોતાના કાબુમાં નહોતો.

એ એના ભીના હોઠ એ તલ પર લઈ ગયો. એ ચુંબન હિંસક હતું. વિશાલે પહેલીવાર કોઈની નાભિને ચાખી હતી, એથી વધારે નાભિના કિનારે રહેલ કાળા તલને. મીરાના મોંમાંથી સિસકારા સિવાય કંઈ જ ન નીકળી શક્યું. વિશાલ એ તલને પીને ધરાયો નહોતો. પરંતુ મીરાએ વિશાલનો હાથ પકડ્યો, વિશાલ માદકતામાંથી બહાર આવ્યો.

‘આઈ ડોન્ટ વોન્ટ લીપ કિસ. એ તલ જ મારા માટે બધું છે.’, વિશાલ ડ્રામેટીકલી બોલ્યો. મીરા હસી જાણે બધું જ એના હાથમાં હોય.
‘જવું પડશે. ઘરે મમ્મી રાહ જોતી હશે.’,
‘બસ થોડીવાર.’
‘ના જવું જોઈએ. તમે હું જાવ એના પછી થોડીવારે આવજો.’
‘ઓકે, ચાલ તને ડ્રોપ કરી દઉં.’, બન્ને ફ્લેટ પર પહોંચ્યા.
‘હું ઉપર સુધી છોડવા આવું.’, ખરેખર વિશાલને મીરાનું એડિક્શન થઈ ગયું હતું.
‘ના, કોઈ જોઈ જશે.’
‘હું લિફ્ટમાંથી બહાર જ નહીં આવું.’, વિશાલે કહ્યું. બન્ને લિફ્ટમાં ગયા. મીરાએ ફોર્થ ફ્લોરનું બટન દબાવ્યું. બન્ને એકબીજાની આંખમાં જોતા રહ્યા. આજે બન્નેના જીવનમાં ઘણું બધું થયું હતું.

‘મીરા તે મને ઘણું આપ્યું છે, તું કંઈ નહીં લે?’, વિશાલે ખૂબ પ્રેમથી પૂછ્યું. મીરાએ વિશાલનો હાથ પકડ્યો. એક ક્ષણમાં જ એણે વિશાલના હોઠ પર નાની પપ્પી આપી દીધી. વિશાલના હર્ષનો પાર ન રહ્યો. ચોથો માળ આવી ગયો. મીરા વિશાલ સામે હસીને બહાર નીકળી ગઈ.

***

હોઠ પર પ્રેમ ભરી જેણે સરપ્રાઈઝ પપ્પી મેળવી હોય એમને ખબર હશે એ કેટલી મીઠી હોય છે. પોતાના બધા જ અણગમતા કામ છોડીને એ પોતાને ગમતું કામ કરવા નીકળ્યો હતો. એનો નિર્ણય ઠોસ હતો. પૂરેપૂરું ફોકસ કરવું. નો વુમન નો ક્રાય. નો ઈમોશનલ અટેચમેન્ટ વિથ એનીવન. કમ્પ્લિટ ફોકસ ઓન વર્ક. બટ એડિક્શન છોડવું ઘણું અઘરું હોય છે, અને ખાસ કરીને ત્યારે જ્યારે તમે એ એડિક્શન વિશે વધારે જાણતા જ ન હો.

મીરા અને વિશાલ એકબીજામાં ડૂબવા લાગ્યા હતા. આ પ્રેમની ગતિ અદ્ભુત હોય છે, ત્રણ દિવસ વીતી ગયા. વિશાલનો જવાનો ટાઈમ પણ આવી ગયો. વિશાલે ધાર્યું હતું કે એ થોડા દિવસનો રિલેશન રાખીને બધું ભૂલી જશે, પણ ભૂલી જશે એ વિચાર જ એની ભૂલ હતી. આજ સુધી ક્યો પુરુષ એને મળેલી પહેલી ગરમ બાહોંને

ભૂલી શક્યો છે અને નાભિની સફર હજુ અધૂરી હતી.

***

વિશાલના હાથમાં એની જૂની ચામડાના બાઈન્ડિંગવાળી ડાયરી હતી અને એના હાથમાં પેન. એ એની સુંદર પળો એમાં ઉતારી રહ્યો હતો.

'આજે તારી સાથે ખૂબ જ મજા આવી.'
'મને પણ બેબી.', એણે જવાબ આપ્યો.
પછી અમારું ચેટ ઘણું લાંબુ ચાલ્યુ. ફરી એણે મને પૂછ્યું હતું કે 'ડુ યુ લવ મી?' ફરી મારો એ જ જવાબ હતો. અમારા વચ્ચે થોડું સેડ વાતાવરણ હતું. એણે મને 'આઈ લવ યુ ' કહ્યું હતું. અને મેં પણ મારી ઈચ્છા વિરુદ્ધ એને કહ્યું હતું, જે એને ખબર જ હતી. આઈ વોઝ ઈન કન્ફ્યુઝન મેં આ જસ્ટ ફિઝિકલ રિલેશન માટે જ શરુ કર્યું હતું, હું મેરેજ તો કરવાનો નથી. પહેલા હું બહુ ડિટર્માઈન હતો કે આ જસ્ટ ફિઝિકલ અટ્રેક્શન જ છે તો હવે વ્હાય ધિઝ ફિલિંગ્સ. અમારા બન્ને વચ્ચે ઘણું લાંબુ ચેટ ચાલ્યુ. જેમાં મોસ્ટ ઓફ મેરેજની વાતો જ હતી. મેં એને ખૂબ જ સોરી કહ્યું હતું. મારી આંખો પણ ભીની થઈ હતી. છેવટે દર વખતની જેમ મેં એને મનાવી લીધી. એણે મને બહુ બધી કિસી મોકલી અને મેં એને.

છેલ્લો દિવસ આવી ચૂક્યો હતો. આજે મારે અહીંથી વિદાય લેવાની હતી. હું ખુશીથી જવા માંગતો હતો. હું એને પેપરના બહાને સવારમાં ઉઠાડવા ગયો. વિશાખા શાકભાજી લેવા ગઈ હતી એટલે એ રૂમમાં આવી હતી. રોજની જેમ જ મેં એને ખૂબ જ કિસ કરી. બટ આજે એ થોડીક ઉદાસ હતી. હું જવાનો હતો એ એને નહોતું ગમતું. ચાર દિવસમાં અમારા વચ્ચે કેવો રિલેશન બની ચૂક્યો હતો. બપોર સુધીમાં એને કિસ કરવાના મેં એકેય મોકા નહોતા છોડ્યા. એણે આજે લાઈટ બ્લુ જીન્સ અને શર્ટ પહેર્યો હતો. મારો પ્લાન એવો હતો કે એ મને મૂકવા માટે આવે. બપોરે એ છાશ લેવાના બહાને નીચે જવાની હતી અને એ જ ટાઈમે મારે એના મમ્મી સામે કહેવાનું હતું કે 'તું નીચે જતી હોય તો મને થોડે સુધી મૂકી જાને. મારે લેઈટ થઈ ગયું છે.' એના મમ્મીને જમવાનું બાકી હતી. એ એના ભાભીને મળવા ડી માર્ટ પણ જવાની હતી. હું મારા ઘરની બહાર નીકળ્યો. મારે એના મમ્મી સામે જે બોલવાનું હતું એ કહ્યું,

અમે બન્ને લિફ્ટમાં એન્ટર થયા.
જેવી લિફ્ટ શરુ થઈ એવી એણે મને હગ કરી. મેં પણ એને કસીને હગ કરી લીધી. મેં એની આંખોમાં જોયું. એના હોઠ સામે જોયું. એણે એના હોઠ મને આપી દીધા. આ વખતે કોઈ રેઝિસ્ટન્સ નહોતું. એ સેન્ટરફ્રેશ ખાઈને આવી હતી એટલે મિન્ટનો ટેસ્ટ હું લઈ રહ્યો હતો. હું એના હોઠોને મૂકવા નહોતો માંગતો અને એ મારા

હોઠોને, ત્યાં જ બેઝમેન્ટ આવી ગયું.

ધેટ વોઝ માય લાઈફ'ઝ પરફેક્ટ ફર્સ્ટ કિસ. મને નથી લાગતું કે હવે આવો અનુભવ મને ક્યારેય મળશે. એ મારી આંખોમાં જોઈ રહી.
'ધિઝ વોઝ ટાઈમ એન્ડ પ્લેસ.', એણે મારી આંખોમાં જોઈને કહ્યું. એની આંખો સહેજ ભીની હતી. એને મારાથી અલગ નહોતું પડવું હું એને જોઈ શકતો હતો.

મેં એને કહ્યું, 'ઇટ વોઝ પરફેક્ટ.' થેંક્યું એ ખૂબ ખરાબ વર્ડ હતો, બટ મારાથી બોલાઇ ગયો. એ મારા પર ગુસ્સે થઈ અને થવી જોઈતી હતી. એણે મને પરફેક્ટ મોમેન્ટ આપી હતી.

એણે ખૂબ જ સિરિયસ થઈને મારી આંખોમાં આંખો નાખીને મને 'આઈ લવ યુ' કહ્યું. અને હું કંઈજ ન બોલ્યો. કદાચ કંઈ બોલી ના શક્યો, કદાચ મારે કંઈ બોલવું નહોતું.

એણે મને કહ્યું, 'તમે તો નહીં જ બોલો નહીં?'
'મેં તને કહ્યું હતું, પહેલા જ. આપણે બન્ને એકબીજાને હર્ટ નથી કરવા માંગતા અને રાતવાળી વાત ફરી નહીં કરે એવું તે પ્રોમિસ કર્યુ હતું.'
એણે એ વાત ના કરી. હું મારી બાઈક પર બેઠો એ પહેલા મેં એના ગાલ પર એક નાની ચુમ્મી આપી.
'ધ્યાન રાખીને જજે.' એણે સાંભળ્યું અને પછી એણે એનુ સ્કૂટર ચલાવી મૂક્યું.

@snehusamamu

મીરાના મેસેજ અને કૉલ ચાલુ જ હતા. આખો દિવસ મેં એની સાથે વાતો કરી જ હતી. મેં એની સાથે બધું જ ક્લિયર કર્યુ હતું કે હું એને ટાઈમ નહીં આપી શકુ. મારી પ્રાયોરિટી વર્ક છે અને પછી તું . બધાથી પહેલા મારું વર્ક છે. છતા એને કોઈ જ ઓબ્જેક્શન નહોતો. શી વોઝ સો કેરિંગ. એને મારી ખૂબ ચિંતા થઈ રહી હતી.

આખરે મેં એને કૉલ કરી લીધો. એણે મને ખૂબ જ પ્રેમથી કહ્યું, તમે તમારા વર્ક પર ફોકસ કરો. હું તમને ફોર્સ નથી કરતી. તમને ટાઈમ મળે ત્યારે જ કૉલ કરજો. હું તમારી પાસેથી કંઈજ નથી ચાહતી. ઈવન હું એવું પણ નથી ઇચ્છતી કે તમે મને 'આઈ લવ યુ કહો.' મેં મેરેજનો વિચાર તો મારા પહેલા બ્રેક અપ વખતે જ માંડી વાળ્યો છે. મેરેજ બાબતે અમારા બન્ને વચ્ચે થોડું ટેન્શન આવી જ જતું . બટ પછી મેં એને મારે શું કરવું છે, મેં જૉબ શા માટે છોડી છે એ બધું સમજાવ્યું. મેં એને કહ્યું કે 'હું મેરેજ માટે નથી બન્યો. મારે રખડવું છે. હું એકલો રહેવાવાળો માણસ છું. એટલે મને મેરેજ નહીં ફાવે. નો ડાઉટ હું તને લવ કરતો હોઈશ. બટ હુ તને નહીં કહું, કારણ કે મારે કોઈ રિલેશન નથી જોઈતો જે મને બાંધી દે.', એણે મને પ્રેમથી સમજાવ્યું કે,

‘હું બસ તમારો લાઈફટાઈમ સાથ આપવા માંગુ છું, હું બસ તમને તમારા કામમાં મદદ કરવા માંગુ છું.’ એ ખરેખર હવે મને સપોર્ટિવ લાગી રહી છે. કદાચ હવે મને એના તરફ થોડી ફિલિંગ્સ પણ છે.
દિવસો વીતતા જાય છે, અમને બન્નેને એકબીજાનું એડિક્શન થઈ ગયું છે. અમે બન્ને એકબીજાને મળવા માંગીએ છીએ. મેં એને કહ્યું કે થોડો ટાઈમ કાઢ. આખરે દિવસ ફાઈનલ થયો છે.

વહેલી સવારના ચાર વાગ્યા છે અને હું તને બધું કહી રહ્યો છું આવતીકાલે એટલે કે આજે હવે જાગીને મારે મીરાને મળવા જવાનું છે. અમે નક્કી કર્યુ હતું કે અમે શનિવારે મળીશું. એટલે હું એને સવારે દસ વાગે મળવા જવાનો છું. અમારો આખો દિવસ રખડવાનો પ્લાન છે. કાલે એના એક ફ્રેન્ડની સગાઈ છે તો ત્યાં એને લઈને હું જવાનો છું. બટ એની સાથે નહીં જાવ. હું વધારે અટેચ થવા નથી માંગતો એ વિચારો હજુ કાયમ છે. કાલે મારે એને ખૂબ ખુશીઓ આપવાની છે. અને એમ પણ અત્યાર સુધીનો મારો રેકોર્ડ છે. જે દિવસે મારી સવાર રાતે પડે છે. એ દિવસ મારી લાઈફના મેમોરેબલ ડેઝ જ હોય છે તો આવતી કાલ પણ હશે! બટ મે બી કદાચ, વિ મેક લવ ટુમોરો! કદાચ એને હું કાલે આઈ લવ યુ કહું. હા મને પ્રેમ થઈ ગયો છે.

***

ડાયરી લખીને વિશાલ એ દિવસે ખુલા આકાશ નીચે ઊંઘવાનો હતો. મોડી રાત સુધી અનંત સુધી ફેલાયેલા ઝગમગારા મારતા આકાશ તરફ જોતો રહ્યો. એના મનમાં એક પ્રશ્ન હતો. શું આ જ એ સ્ત્રી છે જે મારા માટે બની છે?

@snehusarnamu

***

મીરા પંજાબી વ્હાઈટ ડ્રેસમાં હતી. એણે વિશાલની સામે પોતાનું સ્કૂટર ઊભું રાખી દીધું. વિશાલ આજે એની બાઈક લીધા વિના જ આવ્યો હતો. એમ પણ વિશાલને બાઈક ચલાવવા કરતા કોઈની પાછળ બેસવાનું વધારે સારું લાગતું હતું. વિશાલ તરત જ મીરાની એક્ટિવા પાછળ બેસી ગયો. બન્ને પહેલા વિશાલની રૂમ પર જવાના હતા અને પછી મીરાના ફ્રેન્ડની એન્ગેજમેન્ટમાં.

‘આજ તો કોઈ દરવાજા ખુલા નહીં રખા આપને?’, વિશાલે પૂછ્યું.
‘મારા બધા ડ્રેસ આવા જ છે.’, મીરાએ સ્માઈલ સાથે જવાબ આપ્યો. મીરાએ ચુસ્ત ડ્રેસની સાથે ગરદન પર પણ દુપટ્ટો વીંટી લીધો હતો. મીરાએ એવો ડ્રેસ પહેર્યો હતો કે શરીરનો કોઈ ભાગ ખુલ્લો ના રહે.
‘ઓહ્હ એમ?’
‘પણ જેને ક્યાંક પહોંચવું હોય એ રસ્તો તો બનાવી જ લે.’, મીરા હસતા હસતા બોલી.
‘ઓહ્હ ડાયલોગ મારતા પણ આવડી ગયું?’

‘તમારા પાસેથી જ શીખી છું.’, વિશાલે મીરાને પાછળથી કસીને પકડી રાખી હતી. બન્ને અદ્દભુત રોમાન્સમાં વિશાલની રૂમ પર પહોંચ્યા. વિશાલે લોક ખોલ્યો અને અંદરથી દરવાજો બંધ કર્યો.

વિશાલે મીરાનો હાથ પકડ્યો અને પોતાના તરફ ખેંચી. બન્નેના ચહેરા વચ્ચે ખૂબ ઓછું અંતર હશે.
‘આઈ કાન્ટ ફરગેટ ધેટ કિસ.’, વિશાલના હાથ મીરાના ચહેરા પર આવી ગયા.
‘હું પણ.’, મીરાએ પોતાની આંખો બંધ કરી લીધી. વિશાલે પોતાના હોઠ ધીમેથી મીરાના હોઠ પર મૂક્યા. બન્ને આઉટ ઓફ કંટ્રોલ હતા. મીરાએ પોતાની ગરદન પરનો દુપટ્ટો ફેંકી દીધો. પેશનેટ કિસિંગ કરતા જ બન્ને વિશાલના બેડ પર પડી ગયા. વિશાલ થોભવાનું નામ નહોતો લેતો ન તો મીરા એને રોકવા માંગતી હતી. વિશાલ ફરી મીરાની નાભિ પર હતો. એ આગળ વધવા માંગતો હતો.

‘લેટ્સ ડુ ઇટ.’, વિશાલે મીરા સામે જોઈને કહ્યું.
‘નો, મેરેજ પહેલા નહીં.’, મીરાએ કહ્યું.
‘ઇટ્સ ફાઇન ટુ હેવ અ ગુડ મોમેન્ટ્સ.’, વિશાલે સમજાવતા કહ્યું.
‘નો ઇટ્સ રોંગ.’,
‘તને ના ગમતું હોય તો મને કહી દે. હું ટચ પણ નહીં કરું.’, વિશાલે થોડો દૂર થઈ ગયો અને ઈમોશનલ બનીને કહ્યું. તરત જ મીરાની આંખોમાં આંસુ હતા. એ રડવા લાગી હતી.

‘પ્લિઝ ડોન્ટ ફોર્સ મી.’, એણે રડતા રડતા જ કહ્યું. તરત જ વિશાલે મીરાને પોતાની જકડમાં લઈ લીધી.
‘હું એવું કંઈ જ નહીં કરું, જે તને ન ગમતું હોય.’, વિશાલે ખૂબ જ પ્રેમથી કહ્યું. મીરાની આંખમાં હજુ આંસુ હતા.
‘હેય’, વિશાલે મીરાની આંખોમાં જોયું અને પોતાના હાથોથી મીરાના આંસુ લૂછ્યા અને મીરાના કપાળ પર હળવેથી ચુંબન કર્યું.
‘આઈ લવ યુ.’, વિશાલે મીરાની આંખોમાં જોયું. બન્નેની આંખો ચમકતી હતી.
‘સાચે ?’, મીરા ખૂબ જ મૃદુતાથી બોલી.
‘યા.’, એકબીજાની આંખો સિવાય બન્નેને કંઈજ નહોતું દેખાતું . આ વખતે મીરા પોતાનો ચહેરો વિશાલ નજીક લઈ આવી. એણે એના હોઠ વિશાલના હોઠ પર મૂકી દીધા. મીરા પોતાની બધી જ તાકાત લગાવી રહી હતી. એ ઇન્ટીમેટ મોમેન્ટ્સ હતી. સમય ભૂલાઇ ગયો હતો. વિશાલનો કમર સુધીનો કોઈ એવો ભાગ નહોતો જે મીરાએ ના ચૂમ્યો હોય. હવે પ્રેમ બન્ને તરફ હતો. બન્ને વધારેને વધારે એકબીજામાં જઈ રહ્યા હતા. શરીર પોતાની ઈચ્છાઓ પોકારી રહ્યું હતું. પરંતુ મીરાએ પોતાની મર્યાદાઓ બાંધી રાખી હતી. ધે મેડ અ લવ, બટ નોટ સેક્સ.

બન્ને એકબીજાની બાહોંમાં કોઈ આવરણ વિના પડ્યા હતા. મીરાએ એના ફ્રેન્ડની એન્ગેજમેન્ટમાં જવાનું કેન્સલ રાખ્યુ હતું. સવારથી સાંજ સુધી બન્ને એકબીજાની બાહોંમાં આ જ રીતે પડ્યા રહ્યા. સાંજ સુધીની એવી કોઇ મોમેન્ટ નહોતી જે કંટાળાજનક હોય. બન્નેએ વાતો ઓછી કરી હતી અને પ્રેમ વધારે કર્યો હતો.

પરંતુ ‘આઈ લવ યુ’ એ ખૂબ હિન શબ્દ છે. એ ઈગોથી બનેલો છે. એમાં આઈ પણ છે અને યુ પણ છે. બન્ને ઈગોની પેદાશ. લવને તો વચ્ચે પીસાવાનું જ હોય છે.

***

‘મને નથી ગમતું તું એની સાથે વાત કરે. આઈ ફીલ જેલસ.’, સામે મીરા હતી.
‘વિશાલ, એ જસ્ટ મારો ફ્રેન્ડ છે.’, એની આંખો ફરી ભીની હતી.
‘તું મારી સામે હતી. છતા હું તને ટચ પણ નહોતો કરી શકતો. મને એવું લાગતું હતું કે આપણે બન્ને અલગ છીએ.’
‘એને હજુ આપણા વિશે ખબર નથી.’
‘મને આ ઈગ્નોરન્સ નહીં ફાવે મીરા.’
‘પ્લિઝ તમે આવું ના બોલો.’
‘તું એની બાઈક પરથી ઉતરીને મારી પાસે આવી શકતી હતી.’
‘આઈ લવ યુ, યાર. ટ્રસ્ટ મી.’,

‘આઈ લવ યુ ટુ, એટલે જ આટલું હર્ટ થાય છે.’,
‘ધેન ડોન્ટ લવ મી.’, મીરાએ એક ઝાટકે કહી દીધું.
‘આઈ --- લવ --- યુ. ઓકે? આઈ લવ યુ. આઈ લવ યુ.’, વિશાલને ગુસ્સો આવ્યો હતો.
‘યુ આર હર્ટિંગ મી.’
‘મેં તને પહેલા જ કહ્યું હતું. બન્નેને હર્ટ થશે. એટલે જ હું ઈમોશનલ રિલેશનમાં નથી પડતો.’, વિશાલ બોલતો જ જતો હતો.
‘હું અહીં ન આવ્યો હોત તો જ સારું હતું. આઈ કાન્ટ ઈવન ફોકસ ઓન માય વર્ક. એમાં તારો વાંક નથી. મારો વાંક છે. આઈ લવ્ડ યુ ગોડ ડેમ ઈટ.’,
‘યુ આર બિઈંગ ટુ ઈમોશનલ. તમે આવા નહોતા પહેલા.’
‘હા ત્યારે હું તને પ્રેમ નહોતો કરતો. આઈ જસ્ટ વોન્ટેડ ટુ હેવ અ સેક્સ.’, મીરા રડવા લાગી હતી.
‘આઈ એમ સોરી, હું તને હર્ટ કરી રહ્યો હોવ તો.’
‘લીવ મી. આઈ વોન્ટ ટુ બી અલોન.’
‘મીરા પ્લિઝ ટોક ટુ મી.’,
‘લીવ મી પ્લિઝ, મારે એકલા રહેવું છે.’, મીરાએ કૉલ કટ કરી નાખ્યો. ઝઘડો કર્યા પછી પસ્તાવો પણ એટલો જ થતો હોય છે. એ જ પસ્તાવામાં વિશાલ બળતો

રહ્યો. એને જે નહોતું બોલવું એ એનાથી બોલાયું હતું. મીરાના મનમાં સતત ‘આઈ કાન્ટ ઈવન ફોકસ ઓન માય વર્ક.’ વિશાલના શબ્દો ઘૂમી રહ્યા હતા. મીરા નહોતી ચાહતી કે એના લીધે વિશાલ પોતાના કામ પર ધ્યાન ન આપી શકે. પરંતુ સ્ત્રી અને પ્રેમ એ વ્યસન છે. એના માટે વ્યક્તિ કંઈ પણ કરી શકે.

***

મીરાએ નક્કી કરી લીધું હતું કે એ હવે મીતને નહીં મળે. ઘણા વર્ષો પછી મીરાને કોઈ માટે આવી લાગણીઓ જન્મી હતી. એ નહોતી ચાહતી કે હવે એ વિશાલને છોડે. એ કૉલેજનો લાસ્ટ ડે હતો અને એણે નક્કી કરી લીધું હતું કે એ આજ પછી ક્યારેય મીતને નહીં મળે.

***

‘તું ખૂબ જિદ્દી છે, મીરા તું ખૂબ જિદ્દી છે.’, મીતની આંખોમાં આંસુ હતા.

‘હા, હું જિદ્દી છું. પણ તું જિદ્દી નથી.’, મીરાએ સ્ટ્રોંગ થઈને કહ્યું.

‘મીરા, બ્રેક અપ પ્રેમમાં થાય. ફ્રેન્ડશીપમાં નહીં.’, મીત ભીની આંખે બોલ્યો.

‘તને મારી સાથે પ્રેમ થઇ ગયો છે, એટલે જ બ્રેકઅપ થઈ રહ્યું છે.’, મીરા વોઝ સ્ટ્રોંગ લાઈક અ સ્ટોન. શી ડીડન્ટ મેલ્ટ.

...

...

‘ગો અવે. ફરગેટ મી ફોરેવર.’, ત્રણ જ સેકન્ડમાં પલ્સર સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.

***

વિશાલ પોતાની સિસ્ટરના ઘરે ફરી રહેવા આવી ગયો હતો. મીરાએ જ કહ્યું હતું કે ‘તમે અહીં આવી જાવ, ત્યાં તમને બરાબર જમવાનું પણ નથી મળતું .’. આટલી કેર વિશાલની અત્યાર સુધી કોઈએ નહોતી કરી. એ મીરાના પ્રેમમાં પૂરેપૂરો ડૂબી ચૂક્યો હતો. એને મીરાથી દૂર જવું પણ હવે નહોતું ગમતું. ‘ગો વિથ ધ ફ્લો’ માં વિશાલ માનતો હતો. વિશાલ મીરા વિશે હવે આગળનું વિચારી રહ્યો હતો. એની સાથે મેરેજ કરવા કે નહીં. મેરેજમાં ન માનનારો વિશાલ આ બાબત ઉપર ઘણીવાર વિચાર કરતો. બટ એની સામે તરત જ એક સવાલ આવી જતો. ‘મેરેજ પછી કામ પર ફોકસ ન થયું તો?’ એ ઉતાવળમાં કોઈ નિર્ણય નહોતો લેવા માંગતો. મીરા અને વિશાલના રિલેશનને એક મહિનો પૂરો થઈ ચૂક્યો હતો.

એ દિવસે લિફ્ટનો દરવાજો ખૂલ્યો. આ મીરા માટે સરપ્રાઈઝ હતું. મીરા દાદર પાસે ઊભી રહી કોઈ સાથે ફોન પર વાત કરી રહી હતી. બન્નેએ સ્માઈલ કરી. વિશાલ ઘરમાં જઈને ફ્રેશ થઈ આવ્યો. પોતાનું લેપટોપ બહાર લઈને બેઠો. મીરાની

વાત હજુ પૂરી નહોતી થઈ. મીરા ઘણી ખુશીથી વાત કરી રહી હતી. બટ એનું ધ્યાન આજે વિશાલમાં નહોતું. વિશાલે મીરાના મોબાઈલમાં કૉલ લગાવ્યો. મીરાએ ફોનમાં જોયું, વિશાલનો કૉલ વેઇટિંગમાં હતા. તરત જ મીરાએ વિશાલ સામે જોયું અને પાંચ મિનિટનો ઇશારો કર્યો.

‘બહુ વાત ચાલી ને?’, વિશાલે બનાવટી સ્માઈલ લાવીને કહ્યું.
‘મીત હતો, ઘણા દિવસે વાત થઈ’, મીરાએ ખૂબ ખુશ થઈને કહ્યું. વિશાલને થોડું ના ગમ્યું, બટ એણે એટલુ બધું ધ્યાન ન આપ્યું. વિશાલ ત્રણ દિવસ બહારગામ જઈને આવ્યો હતો. એ પોતાની મીરા સાથે સુંદર સમય વીતાવવા માંગતો હતો. એટલે જ એ મીરાની સામે બેઠો હતો. મીરાના મમ્મી પણ મીરાની બાજુમાં જ હતા. એટલે લેપટોપ એક બહાનું હતું, વિશાલ મીરાને મનભરીને જોવા માંગતો હતો. મોકો મળતા જ એ એને ચુમવા પણ માંગતો હતો. પરંતુ આજે મીરા ક્યાંક બીજે જ હતી. એ મેસેજમાં પડી હતી. વિશાલે મીરાને મિસકૉલ કર્યો. મીરાએ વિશાલ સામુ જોયું અને થોડીવાર મોબાઈલ સાઇડમાં મૂક્યો. ફરી મીરાનો મોબાઈલ બોલ્યો અને મીરા મેસેજીંગમાં લાગી ગઈ. વિશાલને હવે ગુસ્સો આવ્યો હતો.
‘ચલો આંટી ઊંઘ આવે છે, ઊંઘી જાવ.’, કહીને વિશાલ લેપટોપ લઈને ઊભો થયો. ઘરની અંદર જઈને એણે જોરથી બારણુ ભટકાવીને બંધ કર્યુ.

‘આપકો ગુસ્સા આતા હૈ તો મુજે ભી આતા હૈ’, તરત જ મીરાનો મેસેજ આવ્યો.
‘આઈ ડોન્ટ વોન્ટ ટુ ટોક.’, વિશાલે જવાબ આપ્યો.
‘આપ કભી મુજે સમજ નહીં પાયેંગે.’, મીરાએ રડતી હોય એવી સ્માઈલી મોકલી. વિશાલની આંખો પણ ગુસ્સાની સાથે ભીની હતી.
‘તારી પાસે મારા માટે થોડો પણ ટાઇમ નથી.’, વિશાલે મેસેજ કર્યો.
‘મેં આપકે લીયે હી બહાર બેઠી થી.’
‘પણ તને મેસેજમાંથી ટાઈમ મળે તો ને.’, વિશાલે ફરી ટોન્ટ માર્યો.
‘ઇતના ગુસ્સા કરને કી જરૂરત નહીં.’
‘આઈ જસ્ટ કેમ હીઅર ફોર યુ. યુ ગો ઓન વિથ યોર સ્પેશિયલ.’, વિશાલે જવાબ આપ્યો. મીરાનો તરત કૉલ આવ્યો. વિશાલ વાત કરવા ટેરેસ પર ચાલ્યો ગયો.
‘વિશાલ બસ, અબ મુજસે સહન નહીં હોતા.’
‘હું અહીં ના આવ્યો હોત તો જ સારું હતું.’,
‘તમે મને ફરી હર્ટ કરો છો, મારું માથું દુખે છે.’
‘મારો વાંક એટલો જ કે મેં તને પ્રેમ કર્યો. કાશ હું અહીં આવ્યો જ ન હોત.’,
‘મને નથી સારું લાગતું વિશાલ, તમે દર વખતે મને રડાવો જ છો.’,
‘હવે હું ક્યારેય તને નહીં રડાવું. હું ટેરેસ પર જ આવ્યો છું.’
‘વિશાલ પ્લિઝ, તમે પહેલા નીચે આવો.’, મીરા રડી રહી હતી. એની છાતીમાં

દુ:ખાવો થઈ રહ્યો હતો.

‘તારે એ જ જોઈતું હતું ને કે હું તને આઈ લવ યુ કહું. સાંભળ આઈ લવ યુ, આઈ લવ યુ, આઈ લવ યુ.....’, વિશાલ લગભગ એક મિનિટ સુધી આમ બોલતો રહ્યો. બીજી તરફ મીરા આ સાંભળીને રડતી રહી. એની છાતીનો દુ:ખાવો વધતો જઈ રહ્યો હતો.

‘હવે સાંભળવું છે આઈ લવ યુ.’, વિશાલ ફરી બોલ્યો.

‘આઈ હેટ યુ વિશાલ.’, મીરા ભાંગી પડી.

‘બટ આઈ લવ યુ. તારે મારી પાસે આ જ શબ્દો સાંભળવા હતા નહીં.’, વિશાલ ગુસ્સામાં બોલ્યો.

‘હું તમારા પાસે બસ આ જ બોલાવવા માંગતી હતી. એ મારી જિદ હતી, મારો વટ હતો કે હું તમારા મોંમાંથી આઈ લવ યુ બોલાવીને જ રહીશ.’

‘હા આજ સાંભળવું હતું. યુ હેવ ગુડ લુક્સ. તે કરી બતાવ્યું. કૉન્ગ્રેટ્સ. હવે મને કોઈ સાથે લવ નહીં થાય ડોન્ટ વરી.’

‘મારે વાત નથી કરવી’, મીરા બોલી. એની છાતીનો દુઃખાવો અસહ્ય હતો.

‘આઈ લવ યુ.’, વિશાલે કહ્યું. સામેથી ફોન કટ થઈ ગયો. એ દિવસે બેમાંથી કોઈ ઊંઘી ન શક્યું. આ એક મોટી તિરાડ હતી જે સંધાય એમ નહોતી.

***

બીજે દિવસે ઘણું બદલાઈ ચૂક્યું હતું. વિશાલ પાસે મીરાને સ્પર્શ કરવાની પણ હિંમત નહોતી. બન્ને વચ્ચે ફોર્મલ વાતો જ થઈ.

‘આઈ એમ સોરી.’, વિશાલને મોકો મળ્યો એટલે તરત જ મીરાને કહ્યું.

‘સોરીથી કંઈ જ નથી સુધરતું .’, મીરાએ ખૂબ ગંભીર થઈને કહ્યું. એ ઘણી બદલાઈ ગઈ હોય એવું લાગી રહ્યું હતું.

‘મીરા તને ખબર છે આઈ કાન્ટ લીવ વિધાઉટ યુ.’

‘તમે કામ પર ફોકસ નહીં કરી શકો. તમે પહેલા પણ મારા વિના રહેતા જ હતા.’

‘મીરા આઈ એમ સો સોરી યાર. મારી ભૂલ થઈ ગઈ.’

‘તમે અહીં આવ્યા એ પણ તમારી ભૂલ જ હતી. મને આઈ લવ યુ કહ્યું એ પણ તમારી ભૂલ જ હતી.’, મીરાને એકે એક શબ્દ યાદ હતા.

‘હું ગુસ્સામાં હતો યાર, હવે આવું નહીં થાય.’

‘બટ હું ગુસ્સામાં નથી.’, મીરાએ કહ્યું અને એ પોતાના ઘરમાં ચાલી ગઈ.

‘ડોન્ટ લીવ મી લાઈક ધિઝ’, વિશાલે તરત જ મેસેજ કર્યો.

‘આઈ ડોન્ટ વોન્ટ ટુ હર્ટ યુ એનીમોર.’, મીરાનો મેસેજ આવ્યો. વિશાલે રડતી સ્માઈલીઝ મોકલી.

‘એવરીથિંગ વિલ બી ફાઈન.’, મીરાનો મેસેજ આવ્યો.

‘ગિવ મી લાસ્ટ કિસ. હું એક કિસમાં બધો જ પ્રેમ લઈ લેવા માંગુ છું. વન લાસ્ટ કિસ.’, વિશાલે કહ્યું.
‘બાય ટેક કેર.’, મીરાએ મેસેજ સેન્ડ કર્યો. પછીના વિશાલના મેસેજ સીન ના થયા. ધેટ વોઝ ઇટ. બ્રેકઅપ પછીના થોડા દિવસો કેવા હોય છે એ કહેવાની જરૂર નથી.

***

વિશાલ અને મીરાને મળ્યાને ૮ મહિના અને ૧૯ દિવસ થયા હતા. ૧૨ ડિસેમ્બરની રાત હતી. રાતના બાર વાગવામાં ૩ મિનિટની વાર હતી. ૧૩ ડિસેમ્બર શરુ થવાને ૩ મિનિટની વાર હતી. શનિવાર પૂરો થવાની આરે હતો.

નેકલેસ, વિશાલ એના માટે સરપ્રાઇઝ ગીફ્ટ લઈને ગયો હતો. એના મગજમાં એના માટેના નેકલેસની એક પર્ટીક્યુલર ઈમેજ હતી. એક અઠવાડિયા સુધી અમદાવાદમાં જ્યાં ત્યાં ફર્યો પણ જેવું જોઈતું હતું એવું નેકલેસ ન મળ્યું. આખરે એક ફ્રેન્ડે એની ગર્લ ફ્રેન્ડ માટે એમેઝોન.કૉમ પરથી મંગાવેલું નેકલેસ વિશાલની નજરે પડ્યુ. ‘આ જ’ એને જે નેકલેસ જોઈતું હતું એ નેકલેસ મળી ગયું હતું.

વિશાલ મીરાના ઘરમાંથી ઊભો થયો અને પોતાની બહેનના ઘરમાં ગયો. એણે એના ભાણિયાવ ને જગાડ્યા. કેક એણે તૈયાર કરી જ રાખી હતી. એ તરત જ, કેક અને ટાબરીયાઓને લઈને મીરાના ડૉર પાસે ગયો ત્યાંજ મીરા ડૉરમાંથી બહાર નીકળી.

@shehnusarnamu

‘હેપ્પી બર્થ ડે ટુ યુ....’, વિશાલ સાથે બધા ગાવા લાગ્યા. મીરા અને વિશાલની નજરો મળી. વિશાલ ઘરમાં એન્ટર થયો. ટિપોઇ પર કેક મૂકી અને મીણબત્તીઓ સળગાવી. મીરાના મોબાઈલમાં જોઈને બીજા રૂમમાં જતી રહી. સળગતી મીણબતીનુ મીણ કેકની અંદર પીગળી રહ્યું હતું. એ મીણ સાથે વિશાલની લાગણીઓ પણ પીગળી રહી હતી.

મીરા ફોન પર વાત કરતી કરતી જ બીજી રૂમમાંથી આવી. બાર વાગ્યે કેક કાપવા માટે બધું જ પ્લાન કર્યુ હતું. બટ ફોન બાર વાગતાની સાથે એમાં કેટલીક મિનિટો ઉમેરી રહ્યો હતો. વિશાલ અને મીરાની આંખો મળી. વિશાલ થોડો નિરાશ તો થયો જ હતો, પરંતુ આજે એ મીરાના ચહેરા પર સ્માઈલ જ લાવવા માંગતો હતો એટલે કંઈ ન બોલ્યો. મીરાની ફોન પર વાતો શરુ રહી. બાર અને પાંચ મિનિટ થઈ ચૂકી હતી. હવે વિશાલથી ના રહેવાયું.

‘કાલે કેક કાપવાની હોય તો ફ્રીજમાં રાખી શકાશે...’, વિશાલે કહ્યું, થોડો કટાક્ષનો સૂર ન ચાહતા છતા ભળી ગયો. મીરાએ કંઈક કહીને કૉલ પૂરો કર્યો. મીરા કેક કાપવા માટે તૈયાર થઈ. મીરાનું ધ્યાન સતત ફોનમાં જ હતું. મીરાના મમ્મી

જાગી રહ્યા હતા. મીરાએ પહેલો ટૂકડો એના મમ્મીને ખવરાવ્યો. વિશાલે મીરાના મોબાઈલમાં ફોટા ખેંચ્યા. આખરે મીરાએ અને વિશાલે એકબીજાને કેક ખવરાવી. વિશાલે મીરાના ચહેરા પર કેકનો ટૂકડો ઘસ્યો. મીરા ગુસ્સે થઈ ગઈ. તરત જ એ ચહેરો સાફ કરવા માટે વોશરુમમાં ચાલી ગઈ. થોડો ચહેરો ધોઈને આવી. એ કોઈને કૉલ કરવાની ટ્રાય કરી રહી હતી. બટ કૉલ નહોતો લાગી રહ્યો. મીરાએ વિશાલના ભાણીયાવને કેક ખવરાવી. હજુ એ કૉલ કરવાની ટ્રાય કરી રહી હતી. વિશાલે પોતાના મોબાઈલમાં અડધી કેકનો ફોટો ખેંચ્યો. મીરા કોઈની સાથે વોટ્સએપ પર લાગી ગઈ. વિશાલ વધારે સહન કરે એમ નહોતો.

‘હેપ્પી બર્થ ડે એન્ડ ગુડ નાઈટ.’, એણે થોડા દર્દ સાથે કહ્યું. બટ મીરાએ કોઈ જ ધ્યાન ન આપ્યું. મોબાઈલમાં મેસેજ કરતા કરતા જ એણે ‘થેંક્યું’ કહી દીધું. વિશાલ તરત જ એ ઘરમાંથી બહાર નીકળ્યો. એને એક ઉદાસી ઘેરી વળી હતી. એણે અત્યાર સુધી આટલો પ્રેમ કોઈને નહોતો કર્યો.

***

રાતના સાડા અગિયાર વાગ્યા હતા. બર્થ ડે પૂરો થવાને હજુ એક કલાક બાકી હતો. વિશાલે મીરા માટે હજુ કંઈક સરપ્રાઈઝ રાખી હતી. એ બાર વાગવાની રાહ જોઈ રહ્યો હતો. એણે પ્લાન તો એવો કર્યો હતો કે એ એની સરપ્રાઈઝ ગીફ્ટ મીરા ઉઠે ત્યારે આપે. બટ એ પ્લાન સક્સેસ ન થયો. એટલે જ વિશાલે નક્કી કર્યુ કે સૌથી પહેલા નહીં તો સૌથી છેલ્લે. વિશાલ મીરાના ઘરમાં ટી.વી જોઈ રહ્યો હતો.

‘વિશાલ?’, બાજુમાંથી વિશાલની બહેનનો અવાજ આવ્યો.
‘હા’, વિશાલે પાછળ એની બહેન સામે જોયું.
‘માનવને મૂકવા જવાનો છે એ રડે છે.’, બહેને કહ્યું.
‘ઓકે, આવું હમણા.’, હવે પ્લાન ફરી ક્રેશ થયો હતો. જો વિશાલ મીરાના ઘરમાંથી નીકળત તો દરવાજો બંધ થઈ જાત અને ફરી એન્ટર થવા ન મળત. મીરા માટે લાવેલુ ગીફ્ટ વિશાલના સ્વેટરના પોકેટમાં હતું. વિશાલને મીરાના બેડરૂમમાં કોઈ પણ ટ્રીક કરીને જવાનુ હતું.

‘અરે, પેલો વિક્ટોરિયા સિક્રેટનો સેન્ટ છે એની બોટલ મારે જોવી છે. મારે મંગાવવી છે.’, વિશાલે કહ્યું.
‘કંઈ? મારી પાસે તો નથી.’, મીરાએ ચેટ કરતા કરતા કહ્યું. એ ફોનમાં ડૂબી ગઈ હતી.
‘અરે તારા રૂમના બાથરૂમમાં છે, બતાવું તને એક મિનિટ.’, વિશાલે કહ્યું. વિશાલ ચેર પરથી ઊભો થયો અને બેડરૂમમાં ગયો. વિશાલે નજર કરી. એ બેડ અને રજાઈ જોઈને એની યાદો તાજી થઈ ગઈ. વિશાલે પોતે લાવેલું ગીફ્ટ અને નાની ચીઠ્ઠી

રજાઇની નીચે મૂકી દીધું. બાથરૂમમાં જઈને એ વિક્ટોરીઆ સિક્રેટની ખાલી બોટલ લઈ આવ્યો.

‘જો આ, મારે મંગાવવાનું છે.’, વિશાલે ખાલી બોટલ બતાવતા કહ્યું.
‘લંડનવાળી બહેન લાવી હતી.’, વિશાલ ફરી બોટલ હતી ત્યાં જ મૂકી આવ્યો. એણે એનું સરપ્રાઇઝ ગીફ્ટ પહોંચાડવાનું હતું ત્યાં પહોંચાડી દીધું હતું.

‘હેપ્પી બર્થ ડે અગેઇન.’, વિશાલે જતા જતા કહ્યું. પરંતુ મીરા હજુ ચેટિંગમાં જ લાગેલી હતી. એણે વિશાલની સામે સુદ્ધા ના જોયું.

‘ચલો, બાય. ગુડનાઈટ.’, વિશાલે વધારે જોર દઈને કહ્યું. મીરાએ વિશાલની સામે ના જોયું. એ મોબાઈલમાં જ પડી રહી. વિશાલ ઇગ્નોરન્સ સહન ન કરી શક્યો. એ એજ ક્ષણે બહાર નીકળી ગયો. એણે પોતાનો મોબાઈલ ફ્લાઈટ મોડ પર મૂકી દીધો. વિશાલ ૮ મહિનામાં પૂરેપૂરો બદલાઇ ચૂક્યો હતો, બટ એ બદલાયેલા વિશાલને એક ‘ગુડનાઈટ’ શબ્દ પણ સાંભળવા ન મળ્યો. જેવો એણે મીરાના ઘરમાંથી બહાર પગ મૂક્યો. વિશાલની આંખમાંથી આંસુ પડી ગયું. વિશાલ પાસે એ આંસુ પીવા સિવાય કોઈ જ ઉપાય નહોતો. એણે આજે નક્કી કર્યું હતું જો આજે એ મીરાને નહીં મનાવી શકે તો એક આ રસ્તાને એક હસીન વળાંક આપીને છોડી દેશે. એ ખૂબ દૂર જવાનો હતો. પોતાના સપનાઓ તરફ જવાનો હતો. એને ખબર હતી જ્યારે મીરા સરપ્રાઈઝ ગીફ્ટ જોશે ત્યારે એને કૉલ કરશે જ એટલે જ એણે મોબાઈલ સ્વિચઓફ કરી દીધો હતો. એ હવે મીરાને જોવા નહોતો માંગતો. એણે ઘણા મોકાઓ આપ્યા હતા, એ બહુ તડપ્યો હતો, હવે એને નહોતું તડપવું. હવે એણે જે અધૂરૂ છોડ્યું હતું એ પૂરું કરવાનો હતો. એના સપનાઓ એનું કામ. પરંતુ વિશાલ એક વસ્તુ તો છોડીને ગયો હતો. તડપ-પ્રેમ-નેકલેસ. જે આખી જિંદગી મીરાને સતાવવાનું હતું.

પ્રકરણ – ૭

૧૩ ડિસેમ્બર, એ દિવસે ત્રણ લોકો રડ્યા હતા. મીત, વિશાલ અને મીરા. ત્રણ લોકો ઘવાયા હતા. વિશાલ, મીરા અને મીત.

ત્રણ લોકો તડપ્યા હતા. મીરા, મીત અને વિશાલ.

***

મીરાએ વિશાલને કૉલ કર્યો પણ સ્વિચ ઓફ આવી રહ્યો હતો. એણે વોટ્સએપમાં મેસેજ કર્યો બટ ડિલીવર ન થયો. એક તરફ એણે વિશાલને ઇગ્નોર કર્યાની તડપ હતી બીજી તરફ તડપનું નિશાન નેકલેસ હતું. મીરા પાસે એ દિવસે બે નેકલેસ હતા. એક એની ગરદન પર બંધાયેલ હતું અને બીજુ એના હાથમાં સુન્ન પડ્યુ હતું.

***

નેકલેસની સરપ્રાઇઝ મળ્યા પછી એણે બધા જ દરવાજા બંધ કરી દીધા હતા. હવે ન તો એની સાથે મીત હતો ન તો વિશાલ. એક તરફ મીતનો આવેલો મોબાઈલમાં બર્થ ડે વિશનો મેસેજ હતો જેનો જવાબ મીરાએ નહોતો આપ્યો અને બીજી તરફ વિશાલે નેકલેસની સાથે મૂકેલી એક નોટ હતી. એ પોતાના બેડ પર લાંબી થઈ. એની આંખો પૂરેપૂરી ભરાઇ ચૂકી હતી. એકાંતમાં ડૂસકા કોણ સાંભળી શકે. પણ એ પોતેજ ડૂસકા સાંભળતી રહી.

***

રેડ BMW કોન્સર્ટના બેક સ્ટેજ પાસે આવીને ઊભી રહી ગઈ. લાલ કલરની સાડી. કપાળમાં મોટો ચાલ્લો. હાથમાં બે મોટા કંગન, કમર સુધીના લાંબા વાળ, ૬ ફૂટની હાઇટ અને પડછંદ ગોરી માંસલ કાયા. એણે BMW માંથી પોતાનો એક પગ બહાર મૂક્યો. બન્ને નેકલેસ એના ગળાને શણગારી રહ્યા હતા. એણે માઉથ માઇક પહેરેલુ હતું. જેવી એ કારની બહાર નીકળી એવા એના મોંમાંથી વિશાળ સ્મિત સાથે શબ્દો પણ નીકળ્યા.

@shehnusarnamu

'પહેલી વાત એમ છે કે આઈ લવ યુ અમદાવાદ.', જેવું એ બોલી રિવરફ્રન્ટના મેદાનમાંથી પ્રચંડ ચિચિયારીઓ સંભળાઇ. 'બીજી વાત એ છે કે ગુજરાત સરકાર આજે સાબરમતી ફેસ્ટિવલ ઉજવી રહી છે. માત્ર અને માત્ર તમારા માટે, અમદાવાદીઓ માટે', એનો અવાજ પ્રચંડ હતો, આત્મવિશ્વાસથી ભરપૂર, ઉર્જાથી છલોછલ. જેમ જેમ એ પોતાનું માંસલ ખડતલ શરીર સ્ટેજ તરફ લઈ જઈ રહી હતી એમ એમ ચિચિયારીઓ વધતી જતી હતી.
'અને છેલ્લી વાત કહી દવ?', એણે સ્ટેજના દાદર ચડતા ચડતા કહ્યું. ફરી એ જ 'હા' ની ચિચિયારીઓ.
'પાક્કુ?'
'હાઆઆઆઆ……',
'જો જો હો, ગીફ્ટ આપવું પડશે.', ચારેતફ ઉત્સાહના અવાજો હતા.
'તો ત્રીજી વાત એમ છે કે આજે મારો છે બર્થ ડે………', જાણે આખુ અમદાવાદ

આજે ચીસો પાડતું હોય એટલો અવાજ આવ્યો.

‘તો હું છું RJ મીરા. અને તમે?’,

‘અમદાવાદી....’, સામેથી એકસાથે અવાજ આવ્યો. જ્યારે પણ મીરા લોકો સામે આવતી ત્યારે આ સવાલ તો કરતી જ. હવે એ માત્ર મીરા તો નહોતી જ રહી. RJ મીરા બની ગઈ હતી. એ પણ અમદાવાદની સૌથી પોપ્યુલર અને લવ્ડ RJ. અમદાવાદની કોઈ વ્યક્તિ નહોતી જે મીરાને ઓળખતી ના હોય.

‘હવે પાક્કા અમદાવાદી. તમને ખબર છે? આટલી એનર્જી અમદાવાદ સિવાય ક્યાંય જોવા ના મળે.’, એણે પોતાનું એન્કરીંગ શરુ કર્યુ.

‘ઘણીવાર હું આઉટ ઓફ સીટી જાવ છું ત્યારે સાંભળુ છું. લોકો કહેતા હોય છે અમદાવાદીઓ ખૂબ કંજૂસ હોય છે. ખેર મને તો એવું નથી લાગતું . કારણ કે આજે જ્યારે હું અહીં આવી રહી હતી ત્યારે એક વ્યક્તિ રસ્તા પર રખડતા ૨૦ થી ૨૫ કૂતરાઓને દૂધ પીવરાવી રહી હતી. તો શું તમને લાગે છે અમદાવાદીઓ ચીંગુસ છે?’, એણે ફરી મોટે અવાજે સામેના વિશાળ માનવ સમૂહને પૂછ્યું.

‘ના……’, સામેથી એ જ એનર્જી સાથે જવાબ આપ્યો.

‘તો શું કરીશું આજે?’, એણે સ્ટેજની આગળ જઇને પૂછ્યું. સામેથી કોઈ જ અવાજ ના આવ્યો.

‘અરે યાર બોલો તો ખરા આપણે અહીં શામાટે ભેગા થયા છીએ? શું કરીશું.’

‘મજાઆઆઆ’, સામેથી અવાજ આવ્યો.

‘એક સિક્રેટ વાત કહું. ઓર્ગેનાઈઝર્સને ના કહેતા.’,

‘હા...’, ઓડિયન્સમાંથી અવાજ આવ્યો.

‘પ્રોમિસને?’, ફરી મીરાએ પૂછ્યું. ફરી લોકોએ ‘હા’ નો સ્વર ફેંક્યો.

‘મેં આજે એન્કરિંગની પ્રિપેરેશન નથી કરી.’, બોલી અને લોકોમાંથી હસવાનો અવાજ આવ્યો.

‘એનો મતલબ એમ કે આજે ખરેખર મજા આવવાની છે. મને ખબર જ નથી કે અહીં શું શું થવાનું છું અને હું શું બોલવાની છું.’, ફરી લોકો હસ્યા. મીરાનો આ સેન્સ ઓફ હ્યુમર અને સ્પોન્ટેનીટી જ લોકોને ગમતી હતી. અમદાવાદ RJ મીરાને બહું ચાહતું હતું. સવારનો ૭ વાગ્યાનો શો મીરા હોસ્ટ કરતી. અને સૌથી વધારે લીસનર્સ આજ ટાઈમમાં હોતા. સ્કૂલે જતા બાળકોથી માંડીને જોગિંગ કરવા જતા બુઢ્ઢાઓ મીરાને સાંભળતા. મીરા કોઈ પણ વાતને લોકો સામે એવી રીતે રજૂ કરતી કે ગળે શીરો ઉતરે એમ વાત ઉતરી જાય.

‘કેન આઈ હેવ અ શેડ્યુઅલ પ્લિઝ?’, મીરાએ પાછળ જોઈને પોતાના કલીગને કહ્યું. RJ કૃણાલ એક કાર્ડ લઇને આવ્યો.

‘થેંક્સ કૃણાલ.’, મીરાએ કહ્યું. મીરાએ ફટાફટ શેડ્યુઅલ કાર્ડ પર નજર નાખી. કૃણાલ સાથે બે મિનિટમાં બધું ડિસ્કસ કર્યુ. પ્રોગ્રામ કૃણાલ હોસ્ટ કરવાનો હતો.

અને પ્રોગ્રામ દરમ્યાન જ મીરાને લોકો સાથે અલગ અલગ બાબતે ઈન્ટરેક્ટ કરવાનું હતું. પરંતુ એ પહેલા પ્રોગ્રામની શરુઆતમાં ગુજરાતના મુખ્યમંત્રીના હાથે દીપ પ્રાગટ્ય કરવાનું હતું.

‘તો આ રહ્યું શેડ્યુઅલ. થોડી જ વારમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી આવશે અને દીપ પ્રાગટ્ય કરશે. પરંતુ તમને મજા તો આવે છે ને?’, મીરાએ કહ્યું. સામેથી ફરી હકારાત્મક રિસ્પોન્સ આવ્યો. મુખ્યમંત્રી આવી ચૂક્યા હતા.

‘હું આપણા મુખ્યમંત્રીને રિક્વેસ્ટ કરીશ કે એ સ્ટેજ પર આવે અને દીપ પ્રાગટ્ય કરીને પ્રાસંગિક પ્રવચન આપે.’, નીચેથી ગુજરાતના મુખ્યમંત્રી અને મહેમાનો સ્ટેજ પર આવ્યા અને દીપ પ્રાગટ્ય કર્યુ. મુખ્યમંત્રીએ થોડું કંટાળાજનક પ્રવચન આપ્યું.

‘થેંક્યું વેરી મચ ટુ ઓલ ગેસ્ટ.’, જેવું પ્રવચન અને ફોર્મલ ઈનોગ્રેશન પૂરું થયું એવું મીરાએ કહ્યું.

‘તો મારું સ્ટેજ પરનું કામ હાલ પૂરતું તો પૂરું થયું છે. હવે હું તમારી પાસે આવું છું. ઓવર ટુ RJ કૃણાલ.’, મીરાએ કહ્યું અને RJ કૃણાલ આગળ આવ્યો. મીરા પોતાની સ્ટાઈલમાં સ્ટેજની નીચે ઉતરી અને અમદાવાદીઓના ટોળા તરફ જવા લાગી. એના હાથમાં એક માઈક હતું. પાછળ એક કેમેરામેન પણ હતો.

‘તો તમને અમદાવાદની કંઈ વસ્તુ સૌથી વધારે ભાવે છે?’, એણે ટોળામાં રહેલ એક યંગ છોકરીને પૂછ્યું.

‘દાળવડા?’,

‘અરે તમે પ્રશ્ન પૂછો છો કે જવાબ આપો છો?’, મીરાએ હસતા હસતા કહ્યું.

‘દાળવડા જ.’, પેલી યંગ છોકરીએ હસતા હસતા જવાબ આપ્યો.

‘કેન આઈ હેવ અ સેલ્ફી?’, ગ્રૂપમાંથી એક છોકરી આગળ આવી.

‘સ્યોર.’, મીરાએ બધા સાથે ગ્રૂપ સેલ્ફી ખેંચાવી. મીરા કેટલાક છોકરા છોકરીઓ ઉભા હતા એ સાઈડ ચાલી.

‘હાઈ ગાય્ઝ હાવ યુ ડૂઇંગ?’, મીરાએ ત્યાં જઈને કહ્યું.

‘વન્ડરફુલ.’

‘તમારા લોકોમાંથી ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ કેટલા છો?’, મીરાએ પૂછ્યું. સામેના બધા હસવા લાગ્યા.

‘ઓકે તો તમે ઓફ ધ રેકોર્ડ જવાબ આપશો એમ?’, મીરાએ સમજીને કહ્યું. એણે કેમેરામેનને કેમેરો બંધ કરવા કહ્યું. તરત જ ત્રણ કપલ ફોર્મ થઈ ગયા.

‘તો મારો સવાલ એ છે કે અમદાવાદમાં મેક આઉટ માટેના સૌથી સારા પ્લેસીસ ક્યા ક્યા છે?’, મીરાએ હસતા હસતા પૂછ્યું. પેલા છ લોકો પણ હસવા લાગ્યા.

‘અરે બોલો બોલો શરમાઓ છો કેમ?’, મીરાએ કહ્યું.

‘થોળ,’, એક છોકરી બોલી.

‘વાહ.’, મીરાએ કહ્યું.

‘સેપ્ટની પાછળનો રસ્તો.’

‘મલ્ટીપ્લેક્સ’, એક પછી એક બધા લોકો બોલી રહ્યા હતા.

‘કરાઇ ડેમ ગાંધીનગર’

‘ઈન્દ્રોડા’

‘સરીતા ઉદ્યાન.’

‘૨૮નું ગાર્ડન’,

‘અરે અરે તમે લોકો ગાંધીનગર પહોંચી ગયા. આપણે અમદાવાદની વાત કરવાની છે.’

‘ઓકે ઓકે કાંકરીઆ ઝૂ પાર્ક, નગીના વાડી.’, એક છોકરો એની ગર્લફ્રેન્ડ સામે જોઈને બોલ્યો. જાણે એમણે ત્યાં ઘણી પળો માણી હોય.

‘અડાલજની વાવ.’

‘કૉલેજનો ક્લાસરૂમ.’,

‘વોઓઓ. હિંમત છે હો બાકી અમદાવાદીઓમાં.’, મીરાના મોંમાંથી નીકળી ગયું.

‘એસ.જી હાઈવે.’

‘કાર.’

‘ઇવનીંગ એટ રીંગરોડ.’, એક છોકરી બોલી અને મીરાના વિચારોમાં વંટોળ આવ્યું. રીંગરોડ સાંભળતા જ એની મેમરીઝ તાજી થઈ ગઈ.

‘ઓકે થેંક્યું વેરી મચ ગાય્ઝ. તમે ઘણું એન્જોય કર્યુ છે.’, સંભાળતા જ મીરા બોલી. એણે એ ગ્રૂપ સાથે સેલ્ફી લીધી અને બીજી તરફ ફરી. અત્યાર સુધીમાં એક ભૂતકાળનું એક સ્થળ એની સામે હતું. પરંતુ ફરી ત્યારે એનો ભૂતકાળ એની સામે હતો.

બન્નેની આંખો મળી. પહેલીવાર મીરા કોઈની સામે અચકાણી હતી. પરંતુ એ વર્ષોની અનૂભવી RJ હતી. ઢોળ ચડાવતા શીખી ગઈ હતી. તરત જ એણે સામેની વ્યક્તિ સામે સ્માઈલ કરી. પરંતુ સામેથી કોઈ રિસ્પોન્સ ના આવ્યો.

‘હેપ્પી બર્થ ડે.’, એ વ્યક્તિએ હાથ લાંબો કર્યો. એણે વ્હાઇટ બ્લેઝર પહેરેલ હતું. કાંડામાં મોંઘી ઘડિયાળ હતી. મીરા એને ઓળખતી હતી.

‘થેંક્યું વેરી મચ સર ફોર યોર વિશિઝ. તમારું નામ કહેશો અમને?’, મીરાએ એજ ઉત્સાહથી સિચ્યૂએશનને હળવી અને નોર્મલ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ અજાણ્યા બનવાની એ ભૂલ કરી બેઠી.

‘મીત.’, એ બોલ્યો અને ટોળાને ચીરીને ચાલતો થઈ ગયો. ચારેતરફ લોકો હતા. એ આ બધું જ જોઈ રહ્યા હતા. સિચ્યૂએશન ખૂબ જ ઓકવર્ડ હતી. એ ક્ષણભર માટે જઈ રહેલા મીત પરથી નજર ના હટાવી શકી.

‘થેંક્યું એવરીવન.’, તરત જ મીરા આસપાસના લોકોને જોઈને બોલી અને ત્યાંથી આગળ નીકળી.
‘તમે જાઓ. હું તમને સ્ટેજ પાસે મળું છું.’, મીરાએ કેમેરામેનને કહ્યું. એ હેન્ડ માઇક પકડાવીને એ તરફ ચાલતી થઈ જે તરફ મીત જઈ રહ્યો હતો. એની ચાલ ઝડપી હતી. એ જ્યાંથી પણ નીકળતી રસ્તો બની જતો હતો. મીરા બધાને આકર્ષિત કરતી હતી. લાલ સાડીમાં એક સંપૂર્ણ સ્ત્રી ભીડને ચીરીને જઈ રહી હતી.

***

‘મીત વર્ષો પછી મળીએ છીએ, આવી રીતે મળીશું?’, મીરાએ આગળ ચાલી રહેલા મીતને સંભળાય એટલા ઉંચેથી કહ્યું. મીત ન થોભ્યો.
‘મીત’, મીરાએ ફાયનલી મીતનું બાવડુ પકડીને ઊભો રાખ્યો. મીરા મીતની આંખોમાં ના જોઈ શકી.
‘સ્ટોપ બિહેવિંગ લાયક અ ચાઇલ્ડ. કેન વી ટોક.’, મીરાએ કહ્યું.
‘RJ મીરા મને લેઈટ થાય છે. મારો હાથ છોડો.’, મીતે પણ અજાણ બનીને કહ્યું.
‘મીત પાંચ મિનિટ પણ નહીં આપે?’, મીત ગેટ તરફ આગળ વધતો ગયો અને મીરા ચાલતી ગઈ.
‘ગેટ અન અપોઈન્ટમેન્ટ.’, મીતે પોતાના બ્લેઝરમાંથી વિઝીટિંગ કાર્ડ કાઢીને મીરાને પકડાવી દીધું. ગેટ બહાર નીકળતા જ મર્સીડીઝ પડી હતી. મીત અંદર બેસ્યો. મીરા એક ડગલુ આગળ ભરી ના શકી.

***

‘મીરા યુ નીડ ટુ કમ ઓન સ્ટેજ રાઈટ નાઉ.’, મીરાને કૃણાલનો કૉલ આવ્યો હતો. નો ડાઉટ મીરા ડિસ્ટર્બ થઈ હતી. પરંતુ એને એની પ્રોફેશનલ લાઈફની ખબર હતી. એને આંસુમાંથી આખી સ્માઈલ લાવતા હવે વધારે વાર ના લાગતી.

એ સ્ટેજથી વધારે દૂર નહોતી. એની નજર સ્ટેજ પર પડી. સ્ટેજ પરના વ્યક્તિ પર પડી.
‘આજે જ શા માટે?’, એ નિસાસો નાખતા મનમાં જ બબડી. વિશાલ પટેલ જેણે કન્ટીન્યુઅસ પાંચ ગુજરાતી સુપર હિટ્સ આપી હતી. વિશાલ સાથેના મીરાએ અત્યાર સુધીના દરેક ઈન્ટરવ્યુ ટાળ્યા હતા. વિશાલે પણ મીરા સાથે ઈન્ટરવ્યુ ટાળ્યા હતા. બટ આજે મીરાના ભૂતકાળનો દિવસ હતો. વિશાલ ઓડિયન્સ સાથે ઈન્ટરેક્ટ કરી રહ્યો હતો, એ પોતાની અપકમિંગ ફિલ્મનું પ્રમોશન કરવા માટે આવ્યો હતો. મીરાના પગમાંથી જીવ ચાલ્યો ગયો. એને સ્ટેજની સીડી ચડવા પણ બળ લગાવવું પડ્યુ. મીરા જેવી સીડી ચડી એવી ચિચિયારીઓ ઓડિયન્સમાંથી આવી. વિશાલે એની જમણી બાજુ જોયું. મીરાએ પોતાના ચહેરા પર પ્લાસ્ટિક સ્માઈલ લાવવી પડી.

એક સ્ત્રી આવી રહી હતી. મીરાનું આ રૂપ તો લોભાવનારું જ હતું. બટ વિશાલને ખબર હતી. આ રૂપે એની શું હાલત કરી છે. આછી લાલ સાડીમાંથી દેખાતી નાભિ વિશાલ ભૂલે એમ નહોતો. તરત જ વિશાલે નજર હટાવી લીધી. ઓડિયન્સની ડિમાન્ડ હતી કે વિશાલ પોતાની કૉ-એક્ટ્રેસ સાથે ડાન્સ કરે. એટલે જ વિશાલે મ્યુઝિક પર સિદ્ધિ જરીવાલા સાથે ડાન્સ કર્યો. વિશાલ RJ મીરાને મળવા માટે આગળ વધ્યો.

‘હેપ્પી બર્થ ડે.’, એણે પોતેજ આપેલા નેકલેસ સામે જોઈને કહ્યું.

‘હાઉ આર યુ.’, મીરાએ ખૂબ શાંત સ્વરે કહ્યું.

‘આઈ ડોન્ટ હેવ ટાઈમ. કેન વી ગો અહેડ?’, તરત જ વિશાલે ટોપિક ચેન્જ કર્યો. અહીં મીરા એક જ હતી જે ભૂતકાળના પગથિયા પર ચાલી રહી હતી.

‘વિશાલ.’, મીરા વિશાલને રોકતી હોય એમ બોલી. હજારોની પબ્લિક જોઈ રહી હતી.

‘ડોન્ટ મેક અ સીન હિઅર. તું ગુજરાતની પોપ્યુલર RJ છે અને હું એક ફિલ્મ સ્ટાર. લોકો જોઈ રહ્યા છે.’, વિશાલે પોતાના હોઠ ભીંસીને કહ્યું. મીરા તરત જ હોશમાં આવી.

@snehpusarnamu

‘તમે જાણો જ છો કે આપડી વચ્ચે અત્યારે કોણ છે? ખરેખર આજે મને ઘણી સરપ્રાઇઝો મળી રહી છે.’, મીરાએ માઇક લઈને બોલવાનું શરુ કર્યુ.

‘તો આપણે કેટલીક વાતો એમની આવનારી ફિલ્મો વિશે જાણીશું.’, મીરાએ કહ્યું.

‘વિશાલ, આ મુવીમાં તમારો ફેવરીટ સીન ક્યો છે?’, મીરાએ એક મોટી સ્માઈલ પરંતુ નકલી સ્માઈલ સાથે પ્રશ્ન ફેંક્યો. વિશાલ ઓડિયન્સ સામે જોઈને હસ્યો. ખરેખર ફિલ્મ સ્ટાર્સને રિયલ લાઈફમાં પણ કંઈ ઓછી એક્ટિંગ નથી કરવી પડતી.

‘મારો ફેવરીટ સીન. અમ્મ્મ. હા. સીન એમ છે કે મીરાનો બર્થ ડે. અરે હા! આ મુવીના લીડ ફીમેલ કેરેક્ટરનું નામ પણ મીરા છે. તો એનો બર્થ ડે છે. હું રાતે બાર વાગે એના ઘરે કેક લઈને જાઉં છું. એના માટે હું ગિફ્ટ પણ લાવ્યો છું. અમે બન્ને ઘણા ટાઈમથી ફ્રેન્ડ્સ છીએ બટ મેં એને પ્રપોઝ નથી કર્યુ, સો આનાથી વધારે મોકો મારા માટે કોઈ નથી હોતો. એટલે જ કેક કાપીને પછી હું એની આંખો બંધ કરવા કહું છું અને એક નેકલેસ એના ગળા પહેરાવીને એને મેરેજ માટે પ્રપોઝ કરું છું, એન્ડ મીરા હા પાડી દે છે. ફાઈનલી વી હેવ અ કીસ. ધિઝ ઇઝ માય ફેવરીટ સીન ફ્રોમ મુવી.’, વિશાલ એકટીસે મીરા સામે જોઈ રહ્યો. મુવીમાં આ સીન હતો કે નહીં બટ મીરાને એણે જે કહેવાનું હતું એ કહી દીધુ હતું. એણે બોલવાનું શરુ રાખ્યું.

‘બટ કેટલીક વાર લાઈફ તમને ઘણું શીખવતી હોય છે. રિયલ લાઈફ અને રીલ લાઈફમાં થોડો જ ફરક છે. રીલ લાઈફને થોડી વધારે ઝૂમ કરવામાં આવે છે. રિયલ

લાઈફ ક્યારેક કનેક્શન તોડતી પણ હોય છે,’, વિશાલે મીરા સામે જોયું. ‘તો રીલ લાઈફ ક્યારેક કનેક્શન જોડતી પણ હોય છે. અને આજનો મોકો હું છોડવા નથી માંગતો. આજની તારીખ મારા માટે ઘણી મહત્ત્વની છે.’, વિશાલે ફરી મીરા સામે જોયું. પરંતુ એ લાચાર હતી. એની બધી એનર્જી ચૂસાઇ રહી હોય એવું લાગી રહ્યું હતું. વિશાલ ફિલ્મની એક્ટ્રેસની સામે ગોઠણીયા વાળીને બેસી ગયો.

‘ભલે આજે વેલેન્ટાઇન્સ ડે નથી. બટ છતાં આઇ લવ યુ. વિલ યુ બી માય વેલેન્ટાઇન? વિલ યુ મેરી મી?’, વિશાલે હસતા હસતા સિદ્ધિને પ્રપોઝ કર્યુ. સિદ્ધિએ તરત જ પોતાના હાથ ફેલાવ્યા અને ‘આઈ લવ યુ ટુ’ કહ્યું. બન્નેએ એકબીજાને હગ કરી. લોકોએ ખુશીઓ ભરી ચીસો પાડી. મીરા માત્ર જોઈ રહી. આજે એનો બર્થ ડે હતો પણ આજે એનો ડે નહોતો. વિશાલનું પ્રમોશન પૂરું થયું.

વિશાલ ઓડિયન્સને બાય બાય કહીને નીચે ઉતરી રહ્યો હતો ત્યારે જ મીરા વિશાલની થોડી નજીક ગઈ.
‘કૉન્ગ્રેચ્યુલેશન્સ...’, મીરાએ કહ્યું.
‘શેના માટે?’, વિશાલે સ્માઈલ સાથે પૂછ્યું.
‘તને આખરે કોઈ મળી ગયું.’,
‘ઓહ્હ... હાહાહા. તારી પાસેથી જ તો શીખ્યો છું, ખોટું આઈ લવ યુ બોલતા.’, વિશાલ હસીને એક ગંભીર વાક્ય કહેતો ગયો. મીરા લાલ કપડામાં લીટરલી બળી રહી હોય એવી લાગી રહી હતી. એ એક શબ્દ પણ ન બોલી શકી. જાણે લાલ થાંભલો, જે રડી રહ્યો હોય.

પ્રકરણ – ૮

RJ મીરા, અમદાવાદની સૌથી પોપ્યુલર રેડિયો જોકી. એની સ્ટાઈલ, એનો એટીટ્યુડ, એની બોલવાની સેન્સ યંગસ્ટર્સ એની પાછળ પાગલ હતા. એણે પોતાની બોલ્ડ ઈમેજ ઊભી કરી હતી. જ્યારે પણ એ સાડીમાં હોય ત્યારે કપાળમાં મોટો લાલ ચાલ્લો તો હોય જ. ૫ વાગ્યામાં જાગીને યોગા અને એક્સરસાઈઝ, ૭ વાગ્યે રેડિયો સ્ટેશન. આખો દિવસ રેડિયો. સાંજે ૬ વાગ્યે સેપ્ટ પર જોગિંગ અને રનિંગ. એકદમ ફીટ, એકદમ હોટ એકદમ બોલ્ડ.

આંઠ વર્ષમાં એ પૂરેપૂરી બદલાઇ ગઇ હતી. જે એનર્જી એ પહેલા મીત અને વિશાલના વિચારોમાં નાખતી હતી એણે એજ એનર્જી કંઈક કરવામાં નાખી હતી. મમ્મીની ડેથ પછી એની સાથે રહેવા વાળુ કોઈ નહોતું. જ્યારે તમારી આગળ પાછળ કોઈ ના હોય એનાથી વધારે સારી સ્થિતિ કોઈ નથી હોતી. કોઈ જ ચિંતા નહીં. ૨૭ વર્ષની ઉંમરે એ મોસ્ટ ઈન્ફ્લુઅન્સ્ડ વુમનનો એવોર્ડ મેળવી ચૂકી હતી. વુમન રાઇટ્સ માટે લડવું કે પછી કોઈ સોશિયલ પ્રોબ્લેમ માટે. મીરા ક્યાંય પાછળ ના પડતી. પરંતુ આજે એને એક જ વસ્તુ નડતી હતી એનો ભૂતકાળ.

અત્યાર સુધી એને એક જ વાતનું રિગ્રેટ હતું. એણે વિશાલ અને મીત સાથે જે પણ કર્યુ હતું એ બરાબર નહોતું કર્યુ. એ આખી જિંદગી આ રિગ્રેટ સાથે જીવવા નહોતી માંગતી. એ રિલેશનશીપથી એટલી ડરી ગઈ હતી કે વિશાલથી છૂટી પડી એ પછી કોઈ સાથે રિલેશનમાં જ ના આવી. એને એવું જ લાગતું કે આ વસ્તુ એના માટે નથી. એવું નહોતું કે એને કોઈ ગમતું નહોતું. બટ એને પ્રેમની કોઈ ફિલિંગ્સ જ ના આવતી. ક્યારેક વ્યક્તિ એવી સ્થિતીએ પહોંચી જતી હોય છે જ્યાં ઈમોશન્સ પાંગળા થઈ જતા હોય છે. એ સ્થિતિ ખૂબ ગંભીર હોય છે. એનો એક જ ઇલાજ હોય છે કોઈ ફ્રેન્ડના ખોળામાં માથું નાખીને રડી લેવું.

મીરાએ એના ઘરે રિયાને બોલાવી લીધી હતી. કેટલાક એવા ફ્રેન્ડ્સ જરૂરી હોય છે જેની સામે તમે કોઇ ડર વિના રડી શકો, પોતે કરેલા ગુનાઓ બેફિકર થઈને કહી શકો. રિયા એની એવી જ ફ્રેન્ડ્સ હતી. અમદાવાદની એક પાવરફુલ વુમન આજે એનર્જીલેસ થઈને રિયાના ખોળામાં માથું રાખીને રડી રહી હતી. રિયાને મીરાના ભૂતકાળની ખબર હતી બટ એને આજે શું થયું એની ખબર નહોતી.

‘મીરા હું તને આપી આપીને એડવાઇસ પણ શું આપું.’, રિયા મીરાના માથામાં

હાથ ફેરવી રહી હતી.

‘રિયુ.. હું શું કરું યાર, આઈ જસ્ટ વોન્ટ ટુ સી પીપલ સ્માઈલ. અને બે વ્યક્તિ એવા છે જેને મારા પર આટલા વર્ષો પછી પણ ગુસ્સો છે.’, મીરા રડતા રડતા જ બોલી.

‘હેય ડોન્ટ વરી. સૂઈ જા, ઓલમોસ્ટ બાર વાગવા આવ્યા છે.’,

‘બાર વાગવાના બાકી છે એટલે જ તો ઊંઘ નથી આવતી. હજુ મને થયા કરે છે કે કોઈનો કૉલ આવશે. હજુ કંઈક ચૂકવવાનું બાકી રહી ગયું છે એવું લાગ્યા કરે છે.’, મીરા બોલતી રહી.

‘ધેન વ્હાય ડોન્ટ યુ પે ઇટ?’, રિયાએ બોલવાનું શરુ રાખ્યુ.

‘આખી લાઈફ રિગ્રેટમાં જીવવું એના કરતા એકવાર હિસાબ ક્લિઅર કરી નાખવો સારો. મારે તને સમજાવવાની જરૂર નથી.’, રિયાએ કહ્યું.

‘મને કંઈજ ખબર નથી પડતી કંઇ રીતે કરું.’, મીરાએ ખૂબ જ ઉદાસીમાં કહ્યું.

‘જસ્ટ કૉલ બોથ ઓફ ધેમ.’, રિયાએ ખૂબ સરળતાથી કહ્યું. મીરા કંઈજ ના બોલી.

‘મીરા હું કંઈ પૂછી શકુ?’, રિયાએ કહ્યું.

‘તું ક્યારની પરમીશન લેવા લાગી પૂછવા માટે?’, મીરાએ સહેજ હસીને કહ્યું.

‘તું હજુ મીતને પ્રેમ કરે છે અથવા વિશાલને?’, રિયાએ એક અઘરો સવાલ કર્યો હતો.

‘નો. મીતનો જસ્ટ બર્થ ડે વખતે મેસેજ જ આવે છે. આઈ ડોન્ટ લવ વિશાલ એનીમોર.’, મીરાએ કહી દીધું.

‘આઈ થિંક યુ સ્ટીલ લવ મીત.’, રિયાએ મીરાની આંખમાં જોયું.

‘આઈ મિસ ધોઝ ડેઝ.’, મીરાએ ખૂબ મૃદુતાથી કહ્યું.

‘યુ નો વોટ મીરા. ક્યારેક આપણને એવું લાગતું હોય છે કે આપણને કોઈ પ્રત્યે ફિલિંગ્સ નથી હોતી. એ તારી કેર કરે છે. તને એની કંપની ગમે છે. તને એની કેર ગમે છે. તું એની સાથે રહેવા માંગે છે. બટ આ મન બહુ જ ચાલબાઝ છે. એ હંમેશા કોઈક અજાણી વસ્તુની પાછળ દોડતું રહે છે. આપણા ઈગોને કોઈ એવી વ્યક્તિની જરૂર હોય છે જેને એ ચેઝ કરી શકે. જે વસ્તુ એનાથી દૂર જાય એના તરફ વધારે જવા માંગે. જેથી એને સેટિસ્ફેકેશન મળે. આ ઈગોની રમતમાં ભલભલા થાપ ખાય જાય છે. એક વાત કહું, તને મીત પ્રત્યે હજુ ફિલિંગ્સ છે, તને ખબર નથી. તું આ ઈગોની જપટમાં આવી ગઈ છો. જે તારી કેર કરે છે એને ના છોડ. કારણ કે એ જ તને ખુશ રાખશે. તારો સાથ આપશે. બાકી છોડવાવાળા છોડી જ જશે. જેમ છોડી ગયા. ઓનેસ્ટલી મને એવું લાગે છે કે તું ફિલિંગ્સને ઓળખી નથી શકતી. જ્યારે મીત તને કપાળ પર કિસ કરશેને ત્યારે તને ખબર પડશે કે એ તને કેટલો પ્રેમ કરે છે, ત્યારે તને ખબર પડશે કે તું એને કેટલો પ્રેમ કરે છે. મીરા ડોન્ટ થિંક મોર.’, રિયાએ લાંબી સ્પીચ આપી.

‘તું સમજી નથી રહી. મને મીત પ્રત્યે એવી કોઈ જ ફિલિંગ્સ નથી હવે. અને કોને

ખબર એની લાઈફમાં પણ કોઈ આવી ગયું હશે.'

'એ તને ત્યારે ખબર પડશે જ્યારે એના હાથ તારા હાથમાં હશે. ફીલ કરીશ ત્યારે તને ફિલિંગ્સની ખબર પડશે. તે તો તારી બધી સેન્સને જ તાળા મારી દીધા છે. એને તો ખોલ.', મીરા કંઈ બોલી ના શકી.

'કૉલ હીમ મીરા.', રિયાએ મીરાને મોબાઈલ પકડાવ્યો. ત્યારે જ મીરાના મોબાઈલમાં કૉલ આવ્યો. ટ્રૂ કૉલરમાં નામ આવી રહ્યું હતું. મીરાના ધબકારા વધી ગયા. એ રિયાના ખોળામાંથી ઊભી થઈ ગઈ.

'ઇટ્સ વિશાલ.', મીરાએ રિયાને કહ્યું.

'ઇટ્સ યોર કૉલ.', રિયાએ બધું મીરા પર છોડ્યું. મીરાએ ધ્રૂજતા હાથે કૉલ રિસીવ કર્યો.

'એલિસબ્રીજ એન્ડ આઈ વિલ વેઈટ.', વિશાલે માત્ર એક જ વાક્ય કહ્યું અને થોડી ચૂપકીદી બાદ કૉલ કટ કરી નાખ્યો.

***

કેટલીક રમતો પૂરી કરવી જ સારી હોય છે, ભલે એમ સફળ થવાય કે નિષ્ફળ. પ્રેમ એવી જ એક રમત છે. પ્રેમ એક જુગાર જ છે. મીરાને ચાલ ચાલવી કે નહીં એની કંઈ ખબર જ નહોતી પડી રહી.

'આઈ નીડ અ ડ્રિંક.', મીરા બેડમાંથી નીચે ઉતરી.

@snehmusarthamu

'શું કહ્યું એણે?', રિયા બોલી.

'એ મને મળવા માંગે છે.',

'અને તું?',

'આઈ ડોન્ટ નો.', મીરા બેડ રૂમમાંથી બહાર નીકળી. એ વ્હિસ્કીના બે પેગ બનાવી લાવી, એક રિયાને આપ્યો. એ બાલ્કનીમાં ઊભી રહી એ વ્હિસ્કીના નાના ઘુંટ ભરી રહી હતી. પરંતુ આજે શરાબ દવા નહોતી. આજે શરાબ લાગેલી આગને વધારે ભડકાવી રહી હતી. એણે પોતાનો પેગ પૂરો કર્યો અને બીજો પેગ બનાવ્યો.

'આઈ એમ ગોઈંગ.', મીરા દૂર રહેલી લાઈટ સામે જોતા કહ્યું.

'યુ આર ડ્રંક.', રિયાએ કહ્યું.

'આઈ નો.', મીરાએ બીજો પેગ એક લાંબા ઘૂંટથી પૂરો કર્યો.

'હું તારી સાથે આવી રહી છું.', રિયાએ કહ્યું.

'ના, યુ ગો હોમ. મારે એકલા રહેવું છે.', મીરાએ કહ્યું.

'ડ્રાઈવરને સાથે લઈજા.', રિયાએ પોતાનો હાથ મીરાના ખભા પર મૂકીને કહ્યું.

'આઈ વિલ મેનેજ.', મીરાએ કહ્યું.

'મીરા પ્લિઝ.', રિયાએ વિનંતી કરી.

'રીયા મને સ્હેંજ પણ નથી ચડી ડોન્ટ વરી.', મીરાએ કહ્યું.

એ નીચે ઉતરી અને પોતે જ કાર બહાર કાઢી. રાતના સાડા બાર થઈ ચૂક્યા હતા. વાતાવરણમાં ઠંડક હતી. છતા મીરાએ કારની બારીઓ ખુલ્લી રાખી હતી. કારને પહેલા ગિયરમાં નાખતા જ કાર જટકો ખાઇને બંધ થઇ ગઇ. રિયા કાર તરફ ચાલી ત્યાંજ મીરાએ કારને એક્સલરેટ આપ્યું.

મીરાની કાર પર ફૂલ એક્સલરેશન પર હતી. ‘તું જે ભૂલા દિયા હો, તું જે ભૂલા દિયા વો, ફિર ક્યું તેરી યાદોને મુજે રૂલા દિયા.’, એણે રેડિયો શરુ કર્યો એટલે એક સેડ સોંગ શરુ જ હતું. વ્હિસ્કી, સેડ સોંગ અને કારની સ્પીડ. આ હાલત અસહ્ય હોય છે. ઠંડો પવન બારીમાંથી અંદર આવીને મીરાના વાળને વહાવી રહ્યો હતો. એની નજર રોડ પર એકદમ સ્થિર હતી. પહેલીવાર એની રેડ BMW ટોપ સ્પીડ પર હતી. એને ખબર હતી વિશાલ ક્યાં ઊભો હશે. એની કાર ત્યાં જ આવીને ઊભી રહી.

***

પીળા કલરની લાઇટ ઉપરથી પડી રહી હતી. એજ પ્રકાશ સાબરમતીના પાણીને અથડાઈને થઈને પાછો ફેંકાઇ રહ્યો હતો. મીરા કારની બહાર ઉતરી. વિશાલે ફરીને મીરા સામે જોયું.

***

મોટી કાળી આંખો, એ બે આંખોની સામે બીજી કાળી ભંમર આંખો. એના ચહેરા પર તીવ્ર એક્સપ્રેશન. હોઠને ફફડવાને ક્ષણની જ વાટ હોય જાણે.

‘યુ આર ડ્રંક.’, વિશાલે પોતાનું મૌન તોડ્યુ. બન્ને વચ્ચે એક ફૂટની જગ્યા હતી. લાગી રહ્યું હતુ આજે વર્ષોની વાતો થશે.
‘વિશાલ આઈ ડોન્ટ વોન્ટ ટુ ટોક સ્ટ્રેસ.’, મીરાએ તીવ્ર આંખો કરીને શાંતિથી કહ્યું.
‘ધેન વ્હાય આર યુ હીઅર?’, વિશાલે પોતાનો હાથ મીરાના ખભા પર ભીંસ્યો.
‘આઈ ડોન્ટ નો, તું કહે.’
‘ટુ મુવ ઓન.’, વિશાલ બોલ્યો.

‘કારની ચાવી આપ.’, મીરાએ પોતાની કારની ચાવી વિશાલને આપી. 30 સેકન્ડમાં વિશાલ ડ્રાઈવર સીટ પર હતો અને મીરા એની બાજુની સીટ પર. કાર વિન્ડો બંધ હતી. એમ પણ રાત હતી કોઈ જ અવાજ નહીં. કાર એની ધીમી ગતિએ ચાલી રહી હતી.

‘આઈ એમ સોરી. આજે મેં જેવી રીતે વાત કરી એના માટે’, વિશાલ બોલ્યો. મીરાએ ચુપકીદી સાથે વિશાલ સામે જોયું.
‘મારો એક જ સવાલ છે વિશાલ, આપણે આજે જ શામાટે મળ્યા છીએ?’, મીરાએ થોડી લાચારી બતાવી.
‘ભૂતકાળને સ્વિકારવા માટે.’, વિશાલે થોડી સ્માઇલ સાથે કહ્યું. મીરાને સમજાયુ

નહીં.

‘કાર મૂકીને ક્યાંક બેસીએ. આઈ ડોન્ટ ફીલ કમ્ફર્ટેબલ.’, મીરા થોડી અકળાઈને બોલી.

‘યા સ્યોર. જસ્ટ ફાઈવ મિનિટ્સ.’, એ પાંચ મિનિટ સુધી શાંતિ છવાઈ રહી. વિશાલે S. G. Highway પર ગાડી ઊભી રાખી. બન્ને કારની બહાર નીકળીને સર્વિસ રોડના ડિવાઈડર પર બેઠા. રાત હજી પીળા પ્રકાશમાં સુંદર હતી. મીરાએ પોતાનું સિગરેટનું પેકેટ બહાર કાઢ્યું.

‘તું લઈશ?’, મીરાએ પૂછ્યું.

‘ના, હું સ્મોક નથી કરતો.’, વિશાલે હસીને કહ્યું. મીરાએ લાઈટરથી સિગરેટ સળગાવી અને એક કશ લગાવ્યો.

‘લાઈફ ચેન્જ્ડ અ લોટ સો યુ.’, વિશાલ મીરાને સ્મોક કરતા જોઈને બોલ્યો.

‘તું તો જાણે એમ વાત કરે છે કે તું તો સ્મોક કરતો જ નથી.’, મીરા ધૂમાડો બહાર કાઢીને બોલી. વિશાલ ફરી હસ્યો.

‘તમે અને તું. થિંગ્સ આર ચેન્જ્ડ.’, વિશાલ જે બોલ્યો હતો એ મીરા સમજતી હતી. મીરા થોડું હસી.

‘યુ રિયલી વોન્ટ ટુ ટોક?’, મીરા ફરી એક કશ મારીને હસી. એણે બીજી સિગરેટ સળગાવી.

‘એ તને નુકસાન કરશે.’, વિશાલ બોલ્યો.

‘સિગરેટ કે વાતો? એક્ટર્સને ઈમિટીટેટ કરતા સારું આવડતું હોય છે નહીં.’, મીરાએ એક ઊંડો કશ માર્યો.

‘હું એક્ટિંગ નથી કરી રહ્યો.’, વિશાલે ચોખવટ કરી હોય એવું લાગ્યું.

મીરા હસી, ‘યુ આર ગુડ એક્ટર. ટ્રાન્સમીડિયામાં એવોર્ડ મળી જશે. હું રિકમેન્ડ કરીશ.’, મીરા બોલી.

‘હવે આ ક્યાં જઈ રહ્યું છે? કાન્ટ વી પુટ ઓવર ઈગો અસાઈડ?’, વિશાલ બોલ્યો.

‘યસ વી કેન. તે મારા એક પણ મેસેજનો આન્સર નહોતો આપ્યો. એક પણ કૉલ રિસીવ નહોતો કર્યો. તું મારી હાલતની કલ્પના કરી શકે છે?’, મીરા એક શ્વાસે બોલી ગઈ. એના એક્સપ્રેશન તંગ હતા.

‘હાહાહહ. મીરા. તું હાલતની વાત કરે છે. એ વ્યક્તિ જેણે હું ત્યાં હતો ત્યારે ગુડનાઈટ નો જવાબ પણ નહોતો આપ્યો. જેનુ ધ્યાન કેક કાપતી વખતે પણ કોઈની સાથે વાત કરવામાં હતું. જેનુ ધ્યાન હું ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે પણ મોબાઈલમાં હતું. મને એક ફોર્મલ “બાય” પણ નહોતું મળ્યું. વાત તું એવી કરે છે જાણે તું જ તડપી હોય’, વિશાલ કટાક્ષમાં હસ્યો. ‘દસ દિવસ, દસ દિવસ સુધી આઈ કુડન્ટ સ્લીપ પ્રોપરલી. એના માટે હું તને બ્લેમ નથી કરતો. વાંક મારો જ હતો

કે હું અટેચ્ડ થઈ ગયો હતો. તમે રહ્યા ફોર્વર્ડ લોકો RJs. ઈટ્સ ઈઝી ટુ મુવ ઓન ફોર યુ. હું તો એક નોર્મલ પર્સન હતો જે એના પેશનને પરસ્યુ કરવા માંગતો હતો.', વિશાલ એકટીસે મીરા સામે જોઈને બોલી રહ્યો હતો અને મીરા સિગરેટ પીતી પીતી વિશાલની આંખોમાં જાણે એની પાસે બધા જવાબ તૈયાર જ હોય. પરંતુ એ તો નહોતી જ જાણતી કે વિશાલ શું બોલવાનો છે?

‘એક મહિનો મને નહોતી ખબર પડી કે મારે શું કરવું. હું ઝોમ્બી બની ગયો હતો. મેં મારી હાલત સુધારવા બધી જ વસ્તુઓ ટ્રાય કરી. સિગરેટ, દારૂ, વીડ, હુક્કા. પણ એ પરમનન્ટ સોલ્યુશન તો નહોતું જ. મેં મેડીટેશન ટ્રાય કર્યુ. થોડોક ફરક પડ્યો. બટ મીરા યુ વેર અ હેલ ઓફ ગર્લ. જેને મેં પહેલીવાર કિસ કરી હતી. હાઉ કેન આઈ ફરગેટ ધોઝ બેલે બટન કિસીઝ. બે મહિના પછી માંડ માંડ હું તારા વિચારોથી દૂર રહી શક્યો એ પણ જ્યારે સિદ્ધિ મારી લાઈફમાં આવી.', વિશાલની આંખો ઓલમોસ્ટ ભીની થઈ ચૂકી હતી અને એના ચહેરા પર ગુસ્સાના એક્સપ્રેશન્સ પણ હતા.

‘આઈ એમ સોરી.', મીરાએ સહાનુભૂતિ દર્શાવી.

‘સોરી કહેવું બહુ જ સહેલુ છે મીરા.', વિશાલે તરત જ કહ્યું.

‘આઈ મીન ઈટ.', મીરાએ સિગરેટ બુજાવીને ભાર દઈને કહ્યું. વિશાલે બીજી તરફ ચહેરો ફેરવ્યો.

‘વિશાલ તને એમ લાગે છે ને કે ત્યારે હું તને તમે કહેતી અને હવે હું તને તું કહું છું. વિશાલ ત્યારે તું મારા માટે કોઈ બીજી વ્યક્તિ હતો અને અત્યારે તું બીજી વ્યક્તિ છે. આપણા બન્નેની લાઈફમાં ચેન્જીઝ આવ્યા છે. અને એ સહેંજ પણ સાચું નથી કે RJs માટે મુવ ઓન કરવું સહેલુ હોય છે. ખબર નહીં તું એક્ટિંગની ફિલ્ડમાં હોવા છતા આવું કંઈ રીતે વિચારી શકે. હું પણ એક માણસ છું. તને શું લાગે છે મારા માટે ટફ નહોતું? હવે જે કહીશ એના ઉપર તું વિશ્વાસ કરીશ કે નહીં એ મને નથી ખબર. બટ એ દિવસે હું કોઈ જ સાથે ફોન પર વાત નહોતી કરી રહી. મેં જાણીજોઈને જ તને ઈગ્નોર કર્યો હતો. જે રીતે આપણા બન્ને વચ્ચે ફાઈટ્સ થઈ હતી એના પછી હું નહોતી ચાહતી કે આપણો રિલેશન આગળ વધે. આઈ વોન્ટેડ ફ્રીડમ ધેટ્સ ઓલ. તું થોડો પઝેસીવ હતો જે મને નહોતું ફાવતું. ઈટ્સ સિમ્પલ. એનો મતલબ એ સહેંજ પણ નથી કે મારા માટે મુવ ઓન કરવું સહેલુ હતું. હહ... મુવ ઓન કરવું સહેલુ હોત તો આજ સુધી તારું આપેલુ આ નેકલેસ હું મારા દર બર્થ ડે પર ના પહેરતી હોત. એ દિવસે નેકલેસ જોઈને એક તરફ મને ખુશી થઈ રહી હતી અને બીજી તરફ એટલુ જ દૂખ થઈ રહ્યું હતું કે હું કોઈને ગુમાવી રહી છું. બટ યુ વેર નોટ ધેર. તું ઘણો દૂર ચાલ્યો ગયો હતો અને હું તને સહેંજ પણ તારા ગોલથી ભટકાવવા નહોતી માંગતી. એક વાત ખરી છે વિશાલ, આટલા વર્ષનો અનુભવ છે,

પરંતુ મને નથી ખબર કે મુવ ઓન એટલે શું?’, છેલ્લું વાક્ય મીરાએ હસીને કહ્યું.

‘ધેન વ્હાય આર વી હિઅર ટુડે.’, વિશાલે ખૂબ શાંતિથી પૂછ્યું.

‘એ તો તને ખબર. તું જ કહે છે ટુ મુવ ઓન. કદાચ આજે તું મને સમજાવિશ.’, મીરાએ હસીને કહ્યું. એણે ફરી એક સિગરેટ સળગાવી. બન્ને થોડી વાર ચૂપ જ રહ્યા.

‘એ દિવસ મારી લાઈફનો બેસ્ટ ડે હતો.’, વિશાલ મંદ સ્માઈલ કરીને થોડીવાર પછી બોલ્યો જાણે પોતાને જ કહેતો હોય. એનો ચહેરો પીળી રોડલાઇટ તરફ હતો.

‘મારો પણ, બટ હવે એનો કોઈ મતલબ ખરો? એ માત્ર યાદો છે રમણીય યાદો.’, મીરાએ વિશાલના હાથ પર હાથ મૂકીને કહ્યું.

‘જ્યારે પણ એ દિવસને યાદ કરું છું. એ દરેક પળ...’, વિશાલ બોલ્યો અને મીરાએ એને વચ્ચે જ રોકી લીધો.

‘લેટ્સ નોટ મેસ અપ મેમરીઝ. એ યાદો છે જે યાદ કરવી રહી. કહીને એને ડોળમાં. એ શાંત જ સારી છે.’, મીરાએ વિશાલની આંખોમાં જોઈને કહ્યું.

‘થેંક્સ.’, વિશાલ બોલ્યો.

‘ફરી ગાળ આપીને.’, મીરાએ સ્માઈલ કરીને કહ્યું.

‘વિશાલ હું ચાહતી હતી કે આપણા વચ્ચેના બધા અફેર્સ સેટલ થાય. જે પણ ગ્રજીસ છે એ ના રહે. હું વાત કરવા માંગતી હતી. હવે આપણા બન્નેની અલગ અલગ લાઈફ છે. લેટ્સ લીવ ઇટ.’, મીરાએ કહ્યું.

@shennusarnamu

‘યા યુ આર રાઇટ.’, વિશાલ બોલ્યો.

‘તું ખરેખર સિદ્ધિને પ્રેમ કરે છે?’, ખબર નહીં મીરાએ આ પ્રશ્ન શાંમાટે પૂછ્યો હતો.

‘યા અ લોટ. એટલે જ મેં એને બધાની સામે પ્રપોઝ કર્યુ હતું. એ કોઈ પબ્લિસિટી સ્ટન્ટ નહોતો. લોકોને તો એમ જ લાગતું હોય છે ફિલ્મસ્ટારો આ બધું પબ્લિસિટી માટે જ કરતા હોય છે. અમારી પણ પ્રાઈવેટ લાઈફ છે. અમે પણ માણસ છીએ. અમારે પણ લાગણીઓ છે.’, વિશાલ થોડો ઈમોશનલ હતો.

‘હું સમજી શકું છું. સો ક્યારે છે મેરેજ? મને બોલાવીશને?’, મીરાએ હસીને કહ્યું. ફાઇનલી બન્ને વચ્ચે ઘણું બધું ક્લિઅર થઈ ચૂક્યું હતું. જે વાતો કહેવી હતી એ ઉમળકા સાથે બહાર નીકળી ગઈ હતી.

‘યા, સ્યોર. પણ તું ક્યારે કરે છે મેરેજ? આટલા વર્ષોમાં કોઈ પસંદ ના પડ્યુ તને મિસ RJ. કેવું લાગે છે અમદાવાદની સૌથી પોપ્યુલર RJ બનીને?’, વિશાલે એક સળગતો પ્રશ્ન પૂછ્યો.

‘હાહા, એ તો RJ મીરાને જ ખબર. હું તો અત્યારે માત્ર મીરા છું. વાત છે કોઈને

પસંદ કરવાની, તો ખબર નહીં એ પછી ક્યારેય કોઈ ફિલિંગ્સ આવી જ નહીં.', મીરા પણ શાંત થઈને બોલી. વિશાલે મીરાને પોતાની જકડમાં લીધી.

'ઇટ વુડ બી ફાઇન?', બન્નેએ એકબીજા સામે જોયું.

'ખરેખર?', મીરાએ જાણે બધા હથિયાર મૂકી દીધા હોય એમ બોલી. વિશાલ મીરા સામે જોઈ રહ્યો. મીરા પણ એની સામે જોઈ રહી. બન્નેની આંખો એકબીજામાં હતી. બન્નેની ધડકનો તેજ હતી. આ બહુ જ કન્ફ્યુઝીંગ મોમેન્ટ હતી બન્ને માટે. વિશાલ પોતાનો ચહેરો મીરાના ચહેરાની વધારે નજીક લઈ ગયો. વિશાલની આંખો બંધ થઈ ગઈ. વિશાલના હોઠ મીરાના હોઠ પર હતા. ધે હેડ અ કિસ.

'આઈ કાન્ટ ડૂ ધિઝ.', છૂટાં પડતા જ મીરા બોલી.

'હું પણ નહીં મીરા. બટ હિસાબ બરાબર કરવો જ રહ્યો. મેં તને કહ્યું હતું આઈ નીડ અ લાસ્ટ કિસ. ધિઝ વોઝ ઇટ. ડોન્ટ રિગ્રેટ.', વિશાલે મીરાનો હાથ પકડીને કહ્યું.

'તું કોઈનો ફીયોન્સ છે હવે વિશાલ.', મીરાએ કહ્યું.

'મને ખબર છે અને મને એ પણ ખબર છે કે તું હજુ મિતને ચાહે છે.', મીરાને સહેંજ શોક લાગ્યો.

'આઈ થિંક ધિઝ ઇઝ મુવીંગ ઓન. રાઇટ?', મીરાએ કન્ફ્યુઝનમાં પૂછ્યું.

'હું પણ નથી જાણતો, પણ હા, કદાચ.', વિશાલે કહ્યું.

***

બન્ને ફરી એલિસબ્રીજ હતા. બન્નેના હિસાબો હવે ક્લિઅર હતા. બન્નેના રસ્તાઓ ક્લિઅર હતા. જે ક્યાંય એકબીજાને કાપતા નહોતા.

'બની શકે તો એકવાર મીત સાથે વાત કરી લે.', વિશાલે પ્રેમથી કહ્યું.

'હું મેનેજ કરી લઈશ.', મીરાએ કહ્યું.

'કમ હિઅર.', વિશાલે થોડે દૂર ઉભેલી મીરાને પોતાની પાસે બોલાવી. એણે પોતાના હાથ મીરાની ગરદન પાસે જવા દીધા. એણે પોતે આપેલુ નેકલેસ કાઢવાની ટ્રાય કરી. મીરા વિશાલને સમજતી હતી એટલે એણે મદદ કરી.

'ધિઝ ઇઝ નોટ ઇટ્સ પ્લેસ.', વિશાલે હસીને પોતે આપેલુ નેકલેસ હાથમાં લીધું. મીરા માત્ર જોઈ રહી. વિશાલે નેકલેસ બ્રીજ પરથી સાબરમતીમાં પધરાવી દીધું.

'કેટલીક વસ્તુઓ વહેતી રહેવી જોઈએ.', વિશાલે ફરીને કહ્યું.

'થેંક્સ.', મીરા બોલી. બન્નેએ હગ કરી.

'થેંક્સ ટુ યુ.', વિશાલ પણ બોલ્યો. બન્ને છૂટાં પડ્યા.

'ગાળો ના બોલીએ તો જ સારું.', મીરાએ હસીને કહ્યું.

'યો RJ Meera.', વિશાલે પણ હસીને કહ્યું.

'બાય એન્ડ ટેક કેર.', હવે છૂટાં પડવાનું હતું. વિશાલે કહ્યું.

'યુ ટુ...', આ મીરાના કારમાં બેસતા પહેલાના છેલ્લા વાક્યો હતા. રેડ BMW

સડસડાટ રોડ પર ચાલી પડી. આ વખતે ચલાવનાર નશામાં નહોતી.

***

પ્રકરણ – ૯

એક પ્રાઇવેટ ફાર્મહાઉસમાં પાર્ટી ચાલી રહી હતી. મ્યુઝિક ફુલ બીટ પર હતું. એડ્રેન્લીન જન્કીઓ એના પર પૂરી એનર્જીથી કુદી રહ્યા હતા. બધાના ચહેરા પર હાઇનેસ છલકાઇ રહી હતી. શોર્ટસ પહેરેલી છોકરીઓ પોતાના વાળને ઉંચા કરીને કુદકા મારી રહી હતી. પાર્ટીવેર અને સ્યુટ્સમાં રહેલા કેટલાક યંગમેન એમની સાથે તાલ મેળવી રહ્યા હતા. પૂરા હોલમાં ડાન્સિંગ લાઇટ્સ ઝગમગારા મારી રહી હતી.

‘યુ આર નોટ ઇન્ટરેસ્ટેડ યંગ મેન?’, એક લાંબા પગ અને ટૂંકી શોર્ટવાળી યંગ છોકરી એ બ્લેઝરવાળા છોકરા પાસે આવીને ઊભી રહી. એ યંગ મેન કોર્નરના બાર પર ઊભો રહીને સ્કોચની સીપ લઈ રહ્યો હતો.

‘નોપ. આઈ ડોન્ટ ફીલ ગુડ.’, એણે કહ્યું. @snehusarnamu

‘ઇટ્સ યોર ડે, ઇટ્સ યોર સક્સેસ પાર્ટી.’, એ છોકરીએ કહ્યું.

‘હ્મ્મ. આઈ નો.’, એણે વધારે રસ ના બતાવ્યો.

‘ડાન્સ વિથ મી, વી વિલ હેવ ફન.’, એ છોકરીએ પોતાની લટ સાથે રમતા રમતા નોટી સ્માઈલ આપી.

‘રીઅલી?’, એ છોકરાએ પોતાના ચહેરા પર અચાનક સ્માઈલ લાવીને કહ્યું.

‘યેપ…’, એ છોકરી પોતાની આંગળી ચહેરા પરથી સરકાવતી છાતી તરફ લઈ ગઈ.

‘આઈ એમ નોટ ઇન્ટરેસ્ટેડ.’, તરત જ એ છોકરાએ પોતાની નકલી સ્માઈલ હટાવીને પેલી છોકરીને ઇગ્નોર કરતા કહ્યું.

‘ઓકેય, એઝ યુ વિશ.’, પેલી છોકરીએ પોતાનો ગ્લાસ વ્હિસ્કીથી ભર્યો, આઈસ ક્યુબ્સ નાખ્યા અને ત્યાંથી બધા લોકો ડાન્સ કરી રહ્યા હતા ત્યાં ચાલી ગઈ. પેલા છોકરાએ પોતાનો આઈફોન કાઢ્યો અને ટાઈમ જોયો. ૨.00 વાગી ચૂક્યા હતા. ટાઈમ જોઈને મોબાઈલ પોતાના ખિસ્સામાં મૂક્યો. એ પોતાનો ગ્લાસ લઈને ટેરેસ પર ગયો. ત્યાં ઓલરેડી એક છોકરી બેસેલી હતી. એની બાજુમાં જ વોડકાની બોટલ પડી હતી.

‘ઓહ્હ, કમ કમ, ફાઇનલી આઈ હેવ સમવન્ઝ કંપની.’, એ છોકરી નશામાં જ બોલી. એણે બોલવાનું શરુ રાખ્યુ. ‘યુ નો વોટ. લાઈફ સક્સ. બટ ધિઝ થિંગ

ઓલવેઝ હેલ્પ્સ. મારો બોયફ્રેન્ડ મારી સાથે ચીટિંગ કરી રહ્યો હતો. એને મેં બધી જ વસ્તુઓ આપી જે મારી બોડી આપી શકતી હતી. હી સ્લેપ્ટ વીદ મી, હી કિસ્ડ મી, હી ફક્ડ મી. એન્ડ જ્યારે મને ચીટિંગની ખબર પડી, હી ડમ્પ્ડ મી.’, પેલી છોકરીએ ટેરેસની પાળી પરથી નીચે ઉતરવાની કોશિશ કરી. પણ એ લથડીયા ખાઇ રહી હતી.

‘હેય હેય, ઈઝી ઈઝી.’, પેલા છોકરાએ પેલી છોકરીને સંભાળતા કહ્યું અને એને થોભી રાખી. એને નીચે ઉતારી અને ટેરેસ પરના હિંચકા પર બેસારી.

‘હેય હેય માય વોડકા.’, એણે ફરી હિંચકા પરથી ડોલતા ડોલતા નશામાં કહ્યું.

‘યુ આર ઓલરેડી ડ્રંક ઈનફ.’, પેલા છોકરાએ કહ્યું.

‘નોટ યેટ, નથિંગ મેટર્સ આફ્ટર ધિઝ.’, એણે ગ્લાસ તરફ ઈશારો કરીને કહ્યું.

‘હ્મ્મ.’,

‘તું પણ સેડ લાગે છે. વોટ્સ યોર સ્ટોરી. યુ હોસ્ટેડ ધિઝ પાર્ટી રાઈટ.’

‘આઈ ડોન્ટ હેવ અ સ્ટોરી.’, પેલા છોકરાએ સ્કોચની સીપ મારતા કહ્યું.

‘એવરી બડી હેવ અ સ્ટોરી હિઅર માય ડિયર.’, પેછી છોકરી એમ બોલી જાણે એ આખી દુનિયા વિશે જાણતી હોય. પેલો છોકરો કંઈજ ના બોલ્યો.

‘થેંક્સ ફોર પાર્ટી. આઈ એમ એશા, ફ્રેન્ડ ઓફ જાનવી.’, પેલી છોકરીએ પોતાનો ડોલતો હાથ પેલા છોકરા તરફ લંબાવ્યો.

‘મીત, ફ્રેન્ડ ઓફ જાનવી.’, પેલા છોકરાએ થોડી સ્માઈલ સાથે છોકરીને હસાવવા કહ્યું.

***

મીતની લાઈફનો આજે મોટો દિવસ હતો. આજે અમદાવાદનું સૌથી મોટા બિઝનેસ સેન્ટરનું ઈનોગ્યુરેશન હતું. જે મીતની કન્સ્ટ્રક્શન કંપનીનો પ્રોજેક્ટ હતો. મીતને દર વર્ષે આશ્ચર્ય થતું. ૧૩ ડિસેમ્બરનો દિવસ મીત માટે હંમેશા કંઈક નવું જ લઈને આવતો. દર વર્ષે આ તારીખ સાથે કૉઈન્સિડેન્સ એક આશ્ચર્યની વાત હતી. પરંતુ આ દિવસ જેટલો ખુશીનો હતો એટલો જ તડપાવનારો હતો. સવારથી એના મનમાં એક વિચાર જ ચાલી રહ્યો હતો. મીરાને એના બર્થ ડેનું વિશ કરવું કે નહીં. દર વખતે મીતની હાલત આવી જ રહેતી. એ એક મેસેજ કરી જ દેતો. બટ આ વખતે એને એમ લાગી રહ્યું હતું કે હવે એને મુવ ઓન કરી લેવું જોઈએ. ક્યાં સુધી એ મીરાની યાદોમાં પડ્યો રહેશે? એટલે જ એ આજે મીરાને વિશ કરવા નહોતો માંગતો. પરંતુ એક તડપ તો હતી જ.

એને ખબર હતી બન્નેને મળ્યે વર્ષો થઈ ગયા છે. પરંતુ એકબીજાને ભૂલ્યા નહોતા. મીરા અમદાવાદની સૌથી પોપ્યુલર આર.જે. હતી. વિશાલ અમદાવાદની સૌથી મોટી કન્સ્ટ્રક્શન કંપનીનો માલિક હતો. મીતનું એવું માનવું હતું કે એ પોતે જે આજે કંઈ પણ છે એ મીરાને કારણે જ છે. જો મીરા મીતની લાઈફમાંથી ના ગઈ હોત તો

મીત અહીં ન હોત. મીતે મીરાને યાદ કરી કરીને એટલી મહેનત કરી હતી કે એક એમ્પાયર ઊભું કરી દીધું હતું. બટ ધ હાર્ટ વોન્ટ્સ વોડ ઇટ વોન્ટ્સ. જે ખુટતું હોય એને બીજી કોઈ વસ્તુથી ના ભરી શકાય.

જેમ જેમ દિવસ રાત તરફ ચાલતો ગયો. એમ એમ મીતની અકળામણો વધતી ગઈ. મીત એ જગ્યાએ પહોંચી ગયો જ્યાં મીરા આવવાની હતી. પરંતુ ક્યારેક સમય સંબંધો પર કાટ લગાવી દેતો હોય છે.

***

‘કોણ છે એ?’, એશાએ નશામાં જ કહ્યું.

‘મીરા.’, મીતે પોતાનો ચહેરો તારાઓથી ભરેલ આકાશ તરફ રાખ્યો.

‘બ્રેક અપ?’, એશાએ ખૂબ મૃદુતાથી પૂછ્યું.

‘ના, વી સેપરેટેડ યર્સ અગો.’

‘ક્યાં છે એ અત્યારે?’, એશાએ પૂછ્યું.

‘RJ મીરા.’, મીતે એજ સ્થિતિમાં કહ્યું.

‘વોટ? RJ મીરા?’,

‘હા.’

‘તમે રિલેશનમાં હતા?’

‘આઈ ડોન્ટ નો. એ જ મારી પ્રોબ્લેમ હતી.’,

‘શું થયું હતું?’

‘શી વોઝ માય ફ્રેન્ડ. વી હેડ અ ગુડ બોન્ડિંગ. બટ હું કમિટમેન્ટથી ભાગી રહ્યો હતો. એન્ડ નાઉ.’, મીતની આંખોમાં આંસુ આવી ગયા.

‘હેય....’

‘ગોડ ડેમ ઇટ આઈ લવ્ડ હર.’, એ બોલતા બોલતા રડી પડ્યો.

‘આઈ લવ્ડ હર ગોડ ડેમ ઇટ, મારી પાસે ચાન્સ હતો હું એને કમિટ કરું. બટ આઈ ડિડન્ટ. અને હવે હું તડપુ છું. આઈ લવ હર. બટ હું એને એક મેસેજ પણ નથી કરી શકતો.’, મીત ભાંગી પડ્યો. એશાએ મીતને ભેટી લીધો.

‘કેટલીકવાર આપણે માત્ર સહન કરવાનું હોય છે.’, એશાએ મીતની પીઠ પાછળ હાથ થપથપાવતા કહ્યું.

‘લાગે છે મને આ ભૂલ આખી જિંદગી સતાવશે.’, મીતે એજ હાલતમાં કહ્યું.

‘યુ વિલ બી ફાઇન. જસ્ટ ફાઇન્ડ સમવન.’, બન્ને છૂટાં પડ્યા.

‘હું કોઈ બીજા વિશે વિચારી પણ નથી શકતો.’,

‘આઈ નો ઇટ્સ હાર્ડ.’,

‘એકવાર એ મને મળે મારે એને કસીને હગ કરવી છે. હું એનો ચહેરો પકડીને કહી દઈશ. આઈ લવ યુ મીરા.’, મીતે દ્રઢતાથી કહ્યું.

‘કમ હીઅર, યુ નીડ અ હગ.’, એશાએ નશામાં જ ફરી પોતાના હાથ ફેલાવ્યા અને મીતને પોતાની નજીક લઈ લીધો. આ વખતે એશાની હગ વધારે ટાઇટ હતી. ત્યારે જ મીતનો ફોન વાઇબ્રેટ થયો. મીત એશાથી અલગ પડ્યો. એણે પોતાના પોકેટમાંથી મોબાઈલ કાઢ્યો.

એનુ હ્રદય ધડકનો ચૂકી ગયું. એના હાથ ધ્રૂજવા લાગ્યા. મેસેજ પર મીરાનું નામ હતું.
‘ઇટ્સ હર.’, મીત બોલ્યો. એણે મેસેજ કર્યો.
‘૬.30 થોળ. હું તું નહીં આવે ત્યાં સુધી રાહ જોઈશ.’, મીતે મીરાનો મેસેજ વાંચ્યો. મીતની આશાઓ જાગી ગઈ. એક ક્ષણ એ આનંદમાં કૂદી પડ્યો. એણે ખુશીમાં ને ખુશીમાં એશાને હગ સાથે ગાલ પર પપ્પી પણ આપી દીધી. મીત પાગલ થઈ ગયો હતો. એની આંખોમાં ખુશી સાથે આંસુઓ પણ હતા. પરંતુ સમય જતા જતા એ અકળાવા પણ લાગ્યો. શું કહેવું હશે મીરાને? શું વાત કરીશ? આટલા વર્ષો પછી શું બોલવું? એ બધા વિચારો મીતને ઘેરી વળ્યા હતા. બટ હા એને મળવાનો એક મોકો તો મળી ગયો હતો. એક મોકો તો મળ્યો હતો પોતાની લાગણીઓને શબ્દોમાં લાવવાનો. ‘૬.30 વાગે થોળ. હું તું નહીં આવે ત્યાં સુધી રાહ જોઈશ’, આ મેસેજ મીતે એ રાત્રિએ લગભગ ૨૦૦ વાર ખોલીને જોયો હશે. એની સામે જાણે મીરા સાક્ષાત ઊભી હતી. એ કલ્પી શકતો હતો.

***

૨૧ વર્ષથી ૨૮ વર્ષ શરીર પણ ઘણું બદલાઇ ગયું હોય છે. છોકરીમાંથી સ્ત્રી અને છોકરામાંથી પૂરૂષ, સમય આટલા ફેરફાર તો લાવી જ દેતો હોય છે. શરીર પણ પોતાની મેચ્યોરિટી બતાવતું હોય છે. વિચારો પણ પુખ્ત થતા હોય છે. આ સાત વર્ષમાં મન ચંચળ હોય છે, જો વ્યક્તિ એકલી હોય તો તીવ્ર પણે એનું મન કોઈને ઝંખતું હોય છે. હાથની આંગળીઓ વચ્ચેની જગ્યાઓમાં જે ખાલી પણો લાગતું હોય એની પીડા માત્ર મહેસૂસ જ કરી શકાય. હાથમાં હાથ નાખીને ચુપચાપ કરેલી ધીમી ચાલો હંમેશા કોઈના ગયા પછી સતાવતી જ હોય છે, એનુ સુખ કોઈ જ સંભોગ ના આપી શકે. જ્યારે કોઈના ખોળામાં માથું હોય અને એના મુલાયમ હાથો ધીરે ધીરે ચહેરા પર સરકતા હોય, છતા કોઈ વાસના ના હોય એ પળો મનમાં આનંદની સાહીથી અંકિત હોય છે. બે હોઠો વચ્ચે કોઈ કારણો સરનું અંતર ખૂબ વેદનાકારી હોય છે. ખાસ કરીને આ અંતર શબ્દોથી મપાતું હોય. આવું જ અંતર મીત અને મીરા વચ્ચે નહોતું? શબ્દોનું અંતર?

***

પ્રેમને હંમેશા કુદરત સાથે સીધો સંબંધ છે. પ્રેમ એ કુદરતી છે, ક્યારેય કોઈને પ્રેમ કરતા શીખવું નથી પડતું . બસ એના બધા જ તર્કો ત્યજવાના હોય છે. દ્વૈતમાંથી અદ્વૈત બનવાની પહેલી શરત મમત્વના આવરણને પીગળાવવાની છે. આજે

દ્વેતમાંથી અદ્વેત બનવાની ઘડી હતી.

શીયાળો હંમેશા પ્રેમ પ્રસરાવવાનો ઉતમ સમય રહ્યો છે. મીત પોતાના ટ્રેકમાં હાથ નાખીને હજુ વૃક્ષોની પાછળથી પોતાની કિનારીઓ બહાર કાઢી રહેલા સૂર્યને તાકી રહ્યો હતો. સૂર્યનો એકદમ કેસરી પ્રકાશ સરોવરમાં વલયોની રંગોળી બનાવી રહ્યો હતો. કોઈ વસ્તુને “ધ્યાન”થી જોવું એનો આનંદ અદ્ભુત હોય છે. પોતાનું સર્વસ્વ એ વસ્તુને આપવું એટલે ધ્યાન. મીત અત્યારે સૂર્યધ્યાન કરી રહ્યો હતો. આ સૂર્યએ એને હંમેશા મદદ કરી છે.

કેટલાક સ્થળ નિશ્ચિત હોય છે, એ સ્થળની માટીએ પણ યાદો સાચવેલી હોય છે. એના માટે ચોક્કસ સરનામાંની જરૂર નથી પડતી. મન વિના પ્રયાસ ત્યાં દોરી જ લાવે. મીતને ખબર હતી થોળ સરોવર પર એને ક્યાં જવાનું હતું. આ એ જગ્યા હતી જ્યાંથી એણે ઘણીવાર સૂર્યને જોયો હતો, કોઈની સાથે. મીત સૂર્યમાં એટલો ડૂબેલો હતો કે એને આસપાસના પંખીઓનું સંગીત શાંત લાગી રહ્યું હતું.

મીતનું શરીર પહેલા કરતા ક્યાંય મજબુત થઈ ગયું હતું. એના બાવડા મજબુત અને માંસલ થઈ ગયા હતા. પુરુષની છાતી એની તાકત હોય છે, એની છાતી વધારે કઠોર થઈ ગઈ હતી. પરંતુ એની અંદરનું હ્રદય નહીં. એની છ ફૂટની ઊંચાઈ અને શિલ્પી ચહેરા પરની કાળી આછી દાઢી કોઈને આકર્ષવા માટે કાફી હતી. બટ ક્યારેક મન કોઈને ઝંખતું હોય છે, કહ્યું ને બટ ધ હાર્ટ વોન્ટ્સ વોટ ઈટ વોન્ટ્સ. એ જીવંત ધ્યાનમાં મશગુલ શિલ્પને હાથ પાસે કંઈક ગરમાહટ મહેસૂસ થઈ. એક જ ક્ષણમાં મીત સૂર્યથી સર પાસે આવી ગયો. એની ધડકનો તેજ થઈ ગઈ. પેટમાં કંઈક હલનચલન થવા લાગી.

@snehusamamu

એણે ચહેરો પાછળ ફેરવ્યો. મીતની આંખમાં સૂર્યની ઉર્જા સાથે પ્રેમનું દ્રાવણ હતું. મીતના સહેજ હોઠ પહોળા થયા. શબ્દો નીકળે એ પહેલા જ મીરાએ પોતાની આંગળી મીતના હોઠ પર મૂકી દીધી. બન્નેની આંખો વર્ષો પછી મળી હતી. આંખના ઘાયલોને આંખની જ દવા જોઈએ. બન્નેની આંખો ભીની જ હતી. બધું જ ધીમુ હતું. સૂર્ય ધીમો, પવન ધીમો, બન્નેમાંનું સમગ્ર આંતરિક અસ્તિત્વ ધીમું. મીરાએ આંસુ વાળી આંખોએ મીતનો હાથ પકડ્યો. મીતના જમણા હાથમાં પોતાનો હાથ પરોવ્યો. મીરાનું દ્વેતતાથી અદ્વેતતા તરફનું આ પહેલુ પગલુ હતું. બન્નેએ ધીમા ધીમા સરોવરના કિનારે ડગલા ભરવાનું શરુ કર્યો. આ પળોનું કુદરત સિવાય કોઈ સાક્ષી નહોતું. આંસુ, વહેલી સવારનો કેસરી બાળ ભાસ્કર અને આંગળી વચ્ચેનો પૂરાયેલો ખાલીપો એ પરમ રમ્ય પળો શબ્દો નથી આપી શકતા.

મીરા પોતાનું માથું મીતના ખભે ટેકાવીને ચાલી રહી હતી. મીતે પોતાનો હાથ

મીરાની ખુલ્લી બાજુઓ પર રાખ્યો. મીતનું દ્વૈતતાથી અદ્વૈતતા તરફનું આ પહેલુ પગલુ હતું. બન્ને સૂર્ય પુખ્ત થયો ત્યાં સુધી સરોવરના કિનારે મૌન ચાલતા રહ્યા. આ ભૂતકાળનો પથ હતો. આ મૌન ચાલ ભૂતકાળની કેડી પર હતી. ન જાણે બન્નેએ કેટલી આવી મૌન ચાલ ચાલી હતી. પરંતુ શબ્દોના અવરોધો આવ્યા હતા. પરંતુ સમય બધા ખાડા ટેકરા દૂર કરતો જ હોય છે સમયની ચાલ ખૂબ ધીમી છે, એનો ખોરાક ધીરજ છે પરંતુ એની સહાય મળતી જ હોય છે. મીરાએ મીતનો હાથ થોડો ભીંસ્યો. બન્ને થોભ્યા.

બન્ને સરોવરના કિનારે રહેલા એક વૃક્ષ તરફ ગયા. બન્ને ત્યાં શરીરને ટેકો આપીને બેસ્યા. બન્ને એકબીજાને જકડીને મિનિટો સુધી એકબીજાની ગરમાહટમાં બેસી રહ્યા. કોઈ જ શબ્દ નહીં. મીત પોતાના હાથ મીરાના ગાલ પર ફેરવતો રહ્યો.

‘એક દિવસ એવો નથી ગયો કે મેં તને યાદ ન કર્યો હોય.’, મીરાએ સરોવર તરફ નજર રાખીને ધીમેંથી બોલી. મીતે મીરાના માથા પર ચુંબન કર્યુ.

‘બકુ...’, મીત બોલ્યો.

‘સોરી.’, મીરાની આંખો ભીની થઈ ગઈ.

‘મીરા ડોન્ટ.’,

‘ધિઝ રીગ્રેટ્સ.’, મીતે પોતાની પકડને વધારે મજબુત બનાવી અને મીરાના આગળ આવેલા વાળને હાથથી પાછળ કર્યા. મીરાએ મીત તરફ આંખો કરી.

@shehnusarnamu

‘મીરા તને યાદ છે? મેં તને આ નેકલેસ પહેરાવ્યું હતું? એ દિવસે તને મેં કહ્યું હતું તારે બોલવાની જરૂર નથી. તું જે ફીલ કરે છે એ હું માત્ર સમજતો નથી, એ જ ફીલ કરું છું.’, મીતે કહ્યું.

‘મીત એ દિવસો...’, મીરા દૂર જોઈને થોભી ગઈ.

‘એ દિવસો ભૂતકાળના સુંદર મુકામો છે. મને યાદ છે.’, મીતે કહ્યું.

‘આપણે બન્ને, કોઈ જ વાતો નહીં, સાંજનો સમય, બન્નેનો હાથ એકબીજાના હાથમાં, લાગણીઓ. પરંતુ હું ઓળખી ના શકી.’,

‘મારે તને કંઈક કહેવું છે મીરા.’, મીતે થોડો ગભરાઇને બોલ્યો.

‘મીત એ શબ્દો કહેવા હવે જરૂરી નથી. સાત વર્ષ થયા. એનાથી મોટી કમિટમેન્ટ કોઈ નથી.’, મીરા મીતને સમજી ગઈ.

‘કદાચ હું આજે બોલ્યા વિના નહીં રહી શકુ મીરા.’, મીતે ધીમેથી મીરાનો ચહેરો ફેરવ્યો.

‘તારો આ હાથ બધું જ કહી દે છે.’, મીરાએ મીતનો હાથ ચુમ્યો.

‘મીરા પહેલીવાર આ રીતે વાત કરું છું, બટ મીરા જ્યારે પણ હું તને જોવ છું ખબર નહીં આટલો પ્રેમ ક્યાંથી આવી જાય છે. જ્યારે પણ તું મને સહેંજ પણ સ્પર્શ કરે છે ત્યારે હું પોતાને રોકી લવ છું. સ્પેશિયલી ધિઝ ઇઝ ફિલીંગ.’, મીતે બીજુ

પગલુ ભર્યુ. મીતે સ્માઈલ સાથે પોતાની આંગળી મીરાના હોઠ પર ફેરવી. મીરાએ સ્માઈલ કરી.

‘ઔર?’, મીરાએ વધારે માંગ કરી.

‘આ કડી પહેરાલા કાન, જ્યાં એક કસીને બટકું ભરી શકાય.’, મીતે વધારે મોટી સ્માઈલ કરી.

‘ઓહો... પછી?’, મીરા વધારે ને વધારે સ્મિત કરી રહી હતી.

‘એ પછી જ્યાંથી મદહોશી શરુ થાય એવી તારી ગરદન પર હું મારા હોઠ મૂકીશ.’, મીરાએ પોતાની આંખો બંધ કરી દીધી.

‘એ પછી ત્યાં ચુંબનોની જડીઓ ચાલશે.’, મીરાએ મીતનો હાથ જકડી લીધો.

‘હ્મ્મ્મ.’, મીરા આંખો બંધ કરીને પોતાનો ચહેરો આગળ લઈ આવી. મીતે પોતાની આંગળીઓ ફરી હોઠ પર ફેરવી. મીત ધીરે ધીરે પોતાના હોઠ મીરાના ગુલાબી હોઠ તરફ લઈ જઈ રહ્યો હતો. મીતે મીરાનો ચહેરો ખૂબ જ કોમળતાથી પકડ્યો. મીતે આંખો બંધ કરી. એણે પોતાના હોઠ ધીમેથી મીરાના હોઠ પર મૂક્યા. તરત જ મીરાએ એનો સ્વિકાર કર્યો. હવે મીરાના હોઠ પર મુકાયેલા મીતના હોઠ મીતના નહોતા રહ્યો. એના પર સંપૂર્ણ હક મીરાના હોઠોનો હતો. કેટલીક ઘટનાઓ આપણી ચૈતસિક સ્થિતિની બહાર હોય છે, એ ઘટનામાં શરીરના ચોક્કસ અંગો સિવાય બીજુ કોઈ કામ નથી કરતું. નારંગીની ચીર જેટલા કેસરી અને કોમળ હોઠ પર ધ્રૂજતા હોઠ રમી રહ્યા હતા.

મીતનો એ અનુભવ અનન્ય હતો. એણે હોઠને અલગ અલગ જે પણ રીતે ચાખી શકાતા એ રીતે ચાખ્યા. મીરા પણ મશગુલ થઈ ગઈ હતી આ હતું દ્વૈતમાંથી અદ્વૈત થવાનું ત્રીજું પગલું. બન્ને ધીરે ધીરે એકબીજામાં ઓગળતા રહ્યા. બન્નેએ એકબીજાની આંખોમાં જોયું. બન્નેએ એકબીજા સામે જોયું. બન્નેએ એકબીજાને સ્માઈલ આપી. મીતે મીરાના કપાળ પર એક નાની પપ્પી ભરી. ‘અહીં જે ચાલ્લો હોય છે એના માટે’, મીત બોલ્યો.

‘ગેટ મી.’, મીરાએ મીતને પોતાના તરફ ખેંચ્યો. આ વખતે પહેલ મીરાએ કરી હતી. એણે પોતાના હોઠ મીતના હોઠ પર મૂકી દીધા. બન્ને પ્રેમનો પ્યાલો પીવા લાગ્યા. આ એવો નશો હોય છે જેનાથી કોઈને ક્યારેય સંતોષ નથી થતો. છતા બન્નેએ નાનો વિરામ લીધો.

‘આઈ....’, મીરાએ હસીને ફરી મીતના હોઠ પર પોતાના હોઠ મૂકી દીધા.

‘આઈ’લ’, જેવા છૂટાં પડ્યા એવો ફરી મીત બોલવા ગયો અને મીરાએ પોતાના હોઠ ફરી હસતા હસતા મીતના હોઠ પર મૂકી દીધા.

‘હેય, આઈ વોન્ટ ટુ સે. આઈ’, મીરા થોડા સ્મિત અને ગંભીર ચહેરા સાથે મીતના હોઠ પર આંગળી મૂકી દીધી.

‘ડોન્ટ ચેન્જ યોર સેલ્ફ ફોર મી.’

‘આઈ વોન્ટ યુ.’,

‘એના માટે કોઈ જ શબ્દોની જરૂર નથી.’, મીત મીરાની આંખોમાં ખૂબ જ પ્રેમથી જોતો રહ્યો.

‘આઈ એમ ઓલ યોર્સ.’, મીરાએ ફરી સ્માઈલ કરી. આ વખતે મીતે મોકો ન છોડ્યો. મીતે મીરાને પોતાના તરફ ખેંચી લીધી. ફરી રમણીય સફર શરુ થઈ ગઈ. ચારે તરફ કુદરત હતું. સરોવર, વહેલી સવારનો કેસરી સૂર્ય પ્રકાશ, સરોવર પર ઉડતા માઈલો દૂરના પંખીઓ અને એમનો કલરવ. આજે મીત અને મીરા બન્ને પ્રાકૃતીક હતા. ત્યાં મનુષ્યે ઉભા કરેલા કોઈ જ આવેગ નહોતા. કોઈ જ માનસીક ઉપદ્રવ નહીં. બસ પ્રેમ. જે માત્ર શબ્દોમાં નહોતો. અંગની એકે એક નસમાં હતો, એકે એક રૂંવાંટામાં હતો. ત્યાં પ્રેમ હતો માત્ર પ્રેમ.

***

‘ગુડ મોર્નિંગ અમદાવાદ, હું છું RJ મીરા અને તમે સાંભળી રહ્યા છો મીરાની મૌજ. આજે મારે તમારી સાથે એક ખૂબ જ સ્પેશ્યલ વાત કરવાની છે. એમ તો હું રોજ જ તમારી સાથે કંઈક સ્પેશ્યલ શેર કરતી હોવ છું પરંતુ આજે કંઈક વધારે જ સ્પેશ્યલ છે. એ પહેલા એક પ્રશ્ન છે એનો જવાબ આપશો અને જે સૌથી સારો જવાબ આપશે એને મળશે ગીફ્ટ કુપન્સ. તો સવાલ એમ છે તમે ક્યારેય પ્રેમ કર્યો છે? તમે પ્રેમને પામવા માટે કેવા કેવા નખરા કર્યા છે? મોકલી આપો તમારો જવાબ મારા ઈમેઈલ અથવા ફેસબુક પેજ પર.

તમને એમ લાગતું હશે નહીં કે આજે વળી અચાનક પ્રેમની વાતો આ મીરા ક્યાં કરવા લાગી નંઈ? વેલ? વેલ... વેલ. આઈ ગેસ મારી શરમાહટથી જ તમને ખબર પડી ગઈ લાગે છે. પરંતુ ના ના ના, હું શબ્દોમાં નહીં જ કહું. વેલ મારી લાઈફમાં વર્ષો પહેલા કોઈ હતું. ક્યારેક પ્રેમને પાકતા વર્ષો વીતી જતા હોય છે અને પછી પ્રેમના ફળો આવતા હોય છે. ફાઈનલી આટલા વર્ષો પછી જેના તરફ અમારી એકબીજાની દોટ હતી એ અમે બન્ને મળી ગયા છીએ. મને ખબર છે કેટલાય અમદાવાદી યંગસ્ટર્સના દિલ ભાંગીને ભુક્કા થઈ ગયા હશે. સોરી ગાય્ઝ. બટ હા મને કોઈ ફાઈનલી મળી ગયું છે જેની વાટે મારા શ્વાસો હતા. હા મેં ખૂબ રાહ જોઈ છે. પ્રેમ ક્યારેય સાચો કે ખોટો નથી હોતો. આ શબ્દને કોઈ વિશેષણોની જરૂર નથી. પ્રેમ પ્રેમ હોય છે. એમ ફાઈનલી અમારો પ્રેમ પણ વર્ષોની રાહ પછી મળ્યો. મેં તમને હંમેશા મારા પોતાના માન્યા છે એટલે જ હું મારી પર્સનલ વાતો તમારી સાથે શેર કરી રહી છું. શું? ના ના નામ તો નહીં કહું, અરે યાર જીદ નહીં હો. પ્લિઝ માય લીસનર્સ ફ્રેન્ડ્સ. ઓકે ચલો તમે આટલી બધી જીદ કરો છો તો કહી જ દઉં. એનુ નામ છે મીત. મીત અને મીરા કેમ જામશે ને? હાહાહા. તમે સાંભળી રહ્યા છો. 93.5

રેડ FM અને હું છું RJ Meera તમારી સાથે શેર કરી છું મારી અને મારા જેવા બીજા લોકોની સ્ટોરીઝ. તો આજે આખો દિવસ ચાલશે પ્રેમની વાતો માત્ર 93.5 રેડ FM પર. એક વાત કહું? કોઈને કહેતા નહીં હો. આ બાજુ નજીક આવો થોડા. સાંભળો મને પ્રેમ થઈ ગયો છે. હા પ્રેમ', નિરમા, વોશિંગ પાવડર નિરમા. વોશીંગ પાવડર નિરમા. દૂધ સી સફેદી નિરમા સે આયે, રંગીન કપડા ભી ખીલ ખીલ જાયે. સબ કી પસંદ નિરમા. વોશિંગ પાવડર નિરમા. નિરમા!

***

ટેરેસ પરથી રાતનું અમદાવાદ જોઈ રહેલી મીરાને પાછળથી આવીને મીતે જકડી. એ પ્રેમની જકડ બન્ને ક્યારેય ના ચૂકતા. મીરા પાછળ ફરી. બન્નેએ એકબીજાની આંખોમાં જોયું. બન્નેના ચહેરા પર હળવી સ્માઈલ આવી. મીત ધીરે ધીરે પોતાના હોઠ મીરાના હોઠ તરફ લઈ ગયો. બન્નેના હોઠ મળ્યા. પરંતુ મીરાને કંઈક અજીબ લાગ્યું. મીતે મીરાના હોઠ પરથી ધીમેથી ટેક ઓફ કર્યુ અને હસ્યો. એ મીરાની સામે ગોઠણીયા ભેર બેસી ગયો. મીરા હસી પડી. મીરાએ પોતાની આંગળી પ્રશ્નાર્થનાં એક્સપ્રેશન સાથે પોતાના ફૂલાવેલા ગાલ તરફ કરી. મીત ગોઠણીયાભેર બેસીને જ ધીમેથી હસ્યો.

'વિલ યુ?', મીત મોટી સ્માઈલ કરીને બોલ્યો. મીરાએ પોતાના હાથ ફેલાવ્યા.

'કમ.', મીરાએ મોટી સ્માઈલ સાથે કહ્યું. ફરી બન્નેના હોઠ એ મદહોશીમાં મળ્યા. મીતે જે વસ્તુ મીરાને આપી હતી એ જ વસ્તુ હોઠો દ્વારા મીરાએ મીતને પાછી આપી. મીતે પોતાના મોંમાંથી રીંગ કાઢી અને સાફ કરી. બન્ને એકબીજા પર ઢળી ગયેલા હતા. મીતે વધુ કંઈ બોલ્યા વિના રીંગ મીરાના હાથમાં પહેરાવી. બન્નેએ એકબીજાની આંખોમાં અજાણ્યા એક્સપ્રેશન્સથી જોયું. બન્નેમાંથી કોઈ એકબીજાને ના રોકી શક્યા. એ હતું ખુલ્લું આકાશ અને બે પ્રેમી જ્યાં હવે કોઈ આવરણો નહોતા. મીત અને મીરા. કદાચ હવે એ બે નહોતા. ત્યાં હતો માત્ર પ્રેમ. એકબીજાની ગરદનની ગરમાહટમાં ઘર કરી ગયેલ બન્નેના ચહેરા. દ્વૈત શરીર અને અદ્વૈત આત્મા.

@snehpusarnamu

***

(સમાપ્ત)